# પ્રકરણ-1

# અહેવાલ સારાંશ/ ટૂંકસાર


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | પ્રકરણ આયોજન | 2 |
| 1.3 | અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રોજગાર સર્જન માટેની બહુહેતુક VISAMO યોજના | 3 |
| 1.4 | આદિવાસી અર્થતંત્રને ધબકતું કરવા માટે તેમની પોતાની બ્રાન્ડ જરૂરિયાત અને તેના સંદર્ભની | 4 |
| 1.5 | ઉપસંહાર | 6 |

# પ્રકરણ-1

# અહેવાલ સારાંશ/ ટૂંકસાર

**1.1 પ્રસ્તાવના:**

વલસાડ જિલ્લો તેની ભોગોલિક વૈવિદ્યતા જોતાં રાજ્યમાં સૌથી ભિન્ન અને સર્વાધિક વૈવિધ્યાતા ધરાવતો જિલ્લો છે. જિલ્લામાં સમુદ્ર કિનારો, જંગલ અને ડુગર જેવી વૈવિધ્યાતા સફર ભૂગોળ છે. રાજ્યના વિપુલ પાણી ધરાવતા પ્રદેશો, રાજ્યના પાણીની પુષ્કળ અછત ધરાવતા પ્રદેશો, રાજ્યના અત્યંત આધુનિક વિકાસ અને રાજ્યના અત્યંત પછાત પ્રદેશો, રાજ્યના અત્યંત ઊંચા માનવ વિકાસ અને રાજ્યના અત્યંત નીચા માનવ વિકાસ ધરાવતા પ્રદેશો. રાજ્યના અત્યંત સમૃદ્ધ ઇનફ્રાસ્ટ્રક્ચર ધરાવતા અને રાજ્યના અત્યંત નબળું ઇનફ્રાસ્ટ્રક્ચર ધરાવતા પ્રદેશો છે. અહી રાજ્યના અત્યંત આધુનિક ખેતીથી લઈ રાજ્યના અત્યંત નિર્વાહ ખેતી ધરાવતા પ્રદેશો પણ એક સાથે જોઈ શકાય છે. આ તમામ વૈવિધ્યતાની વચ્ચે રહેલ આદિવસી સમાજ પણ આ તમામ વૈવિધ્યતાઓથી પ્રભાવિત થયેલ જોઈ શકાય છે. પ્રસ્તુત અહેવાલમાં વલસાડ જિલ્લા આદિવાશી આર્થિક વિકાસ દર્શન ચર્ચા કરવામાં આવ્યું છે.અહી આ અહેવાલ મુખ્યત્વે લોક સંપર્કની વિવિધ વૈજ્ઞાનિક પદ્ધહતીઓ દ્વારા લોકો વચ્ચે જઇ, તેમના વિવિધ મંતવ્યો જાણી, તે વૈવિધ્યાતા સભર મંતવ્યોના હાર્ડ સુધી પોહોંચી તારવણી કરેલ છે. ક્ષેત્ર મુલાકાત મુલાકાતોના વિવિધ અનુભવ આ અહેવાલ તારવણી કરવામાં સહાયક સાબિત થયા છે.આ અહેવાલને નીચે મુજબ કુલ પાંચ પ્રકરણમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

**1.2 પ્રકરણ આયોજન**

**આ અહેવાલને નીચે મુજબ કુલ પાંચ પ્રકરણમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.**

પ્રકરણ-૧ ટૂંકસાર છે જેમાં આ અહેવાલના મુખ્ય નિષ્કર્ષ અને ખાસ કરી મુખ્ય નીતિવિષયક સૂચનો ચર્ચા કરવામાં આવ્યા છે. પ્રકરણ-2 જીલ્લા અર્થતંત્રનો પરિચય રજૂ કરે છે, જિલ્લા અર્થતંત્રની છણાવટ જિલ્લાના પરિચય/ અભિયાસ દ્વારા જ શક્ય બને છે. પ્રારંભમાં જિલ્લા પરિચય કેળવી તેની સમસ્યા સમજવી અત્યંત સરળ બને છે.પ્રકરણ-2 માં સ્થાનિક આદિવસી પ્રજામાં વિકાસના વૈકલ્પિક અભિગમો ચર્ચા કરવામાં આવ્યા છે.બદલાતા સંજોગોમાં જુદી-જુદી પેઢી અને જુદા આર્થિક સામાજિક વ્યવસાયિક આદિવાસી સમૂહો દ્વારા આર્થિક વિકાસ અંગે શું માન્યતા ધરાવે છે તે બાબત અહી આ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે。 પ્રકરણ-૪ સ્થાનિક સમસ્યાઓ અંગે છે જે ક્ષેત્રકાર્ય કરી તારવણી કરવામાં આવ્યું છે. અહી જયા

જરૂર જણાઈ છે ત્યાં ગોણ માહિતી વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે. અહેવાલના અંતમાં પ્રકરણ-૫ નીતિ નિર્ધારણના સૂચનો સમાવેશ કરે છે. સમગ્ર અભિયાસ કરી વધારે સારી જીવન સ્થિતિ નિર્માણ કરવા સ્થાનિક આદિવાસી સમાજ પોતાના વિકાસ માટે શું માંગે છે/ શું જંખે છે/ શું ઇચ્છે છે? તે અહેવાલના આ અંતિમ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવ્યું છે.

સ્થાનિક આદિવાસી સમાજનો પરિચય અને સ્થાનિક આદિવાસી સમાજના પરિવર્તનો તથા સ્થાનિક આદિવાસી આર્થીક વિકાસના ઐતિહાસિક વલણો બીજા ત્રીજા પ્રકરણમાં ચર્ચા કરવામાં આવ્યા છે.


### 1.3 અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રોજગાર સર્જન માટેની બહુહેતુક VISAMO યોજના:

| | |
|---|---|
| **VISAMO** | **Various Integrated Supported Activities to Mobilize Tribal Tourism** |
| વિસામો | આદિવાસી પ્રવાસન ચેતન માટેની 'વિવિધ સંકલિત સહાયક પ્રવૃતિઓ' |

'વિસામો': આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસન વિકાસ માટેની આ યોજના તેના નામ અનુસાર વિવિધ સંકલિત સહાયક પ્રવૃતિઓનો સમૂહ છે. આ યોજનાનુ મુખ્ય હાર્દ પ્રવાસન વિકાસ છે. પ્રવાસન ઉધ્યોગ આદિવાસી પ્રદેશમાં વિકાસ પામશે તો આદિવાસી સમુદાયોને તેમના પ્રદેશમાં જ રોજગારીના વિકલ્પો પ્રાપ્ત થશે.આદિવાસી ક્ષેત્રોને તેના સ્વરૂપને જોતાં ઉધ્યોગિક વિકાસ સાથે પ્રત્યક્ષ રીતે સાકળી શકાય તેમ નથી. બીજા શબ્દોમાં કહીએતો આ ક્ષેત્રોનો ઉધ્યોગિક વિકાસ થાય તો અહી પ્રદૂષણ અને સંશધાન વિકૃતિઓ ઉદભાવ થવાની પૂરતી શક્યતાઓ છે. આજ કારણ હશે કે એનજીટી દ્વારા કુદરતી વનરાજી અને ભરપૂર કુદરતી સૌંદર્ય ધરાવતા આવા પ્રદેશોમાં પ્રદૂષણની વધુ માત્ર ધરાવતા ઉધ્યોગો વિકસાવવાની મંજૂરી મળતી નથી. ઉધ્યોગિક વિકાસ જો ઇચ્છનીય ન હોય તો આ પ્રદેશોની સ્થાનિક રોજગારી સર્જન માટેનો કૃષિ વિકાસ પછી જો કોઈ વિકલ્પ બાકી બચે તે વિકલ્પ છે. સેવા ક્ષેત્રના વિકાસ દ્વારા આ પ્રદેશમાં સ્થાનિક રોજગારી સર્જન કરવી. વિવિધ આદિવાસી ક્ષેત્રોની સ્થળ મુલાકાત અને તેમની શાથે થયેલ વિવિધ ચર્ચાઓ માથી એક વાત સ્પસ્ટ થાય છે કે જો પ્રદેશમાં પ્રવાસન ઉધ્યોગ વિકાસ પામે તો તેના થકી પ્રદેશમાં વિવિધ સેવા પ્રવૃતિઓનો વિકાસ શક્ય બની શકે. જો પ્રદેશમાં પ્રવાસન વિકાસ પામે તો છૂટક દુકાનો અને નાના મોટા વેપારીઓ રોજગારી મેળવશે. વિવિધ સેવાઓ જેવીકે ટેક્સી, હોમ સ્ટે, પ્રદેશ ગાઈડ, હર્બલ ટ્રીટમેન (નેચરોપથી), ટ્રાઈબલ કુકડ ફૂડ, ટાઈબલ ફોકલ ડાંસ, ટાઈબલ સંસ્કૃતિ અનુભવ વગેરે. આ પ્રકારના અનેક સેવા વ્યવસાય વિકલ્પો આદિવાસી પ્રવાસન ઉદ્યોગ વિકાસ દ્વારા વિકસાવી શકાય તેમ છે. તે શક્યતાને જોતાં પ્રસ્તુત યોજના (VISAMO) દરખાસ્ત કરવામાં આવે છે.

1.4 આદિવાસી અર્થતંત્રને ધબકતું કરવા માટે **તેમની પોતાની બ્રાન્ડ જરૂરિયાત અને તેના સંદર્ભની દરખાસ્ત:**

આદિવાસી સેવા અને વસ્તુના ઉત્પાદન વધારવા અને તેના દ્વારા સ્થાનિક રોજગારી સર્જન કરવા માટે આદિવાસી વસ્તુ અને સેવાઓનું બજાર વિસ્તારવું અનિવાર્ય છે. આદિવાસી ઉત્પાદનો અન્ય પરિબળોની સાથે સાથે વેચાણ વ્યવસ્થાના અભાવે પણ બજાર વિસ્તરણમાં ઘણી મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આદિવાસી ઉત્પાદનોમાં બહુજ મોટા પાયા ઉપર વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યના કારણે આદિવાસી ઉત્પાદનોની કોઈ એક વસ્તુ કે એક સેવાની જાહેરાત (પબ્લિસિટી) અથવા પ્રચાર પ્રસાર કે પ્રમોસન કરવું લગભગ અશક્ય છે. આદિવાસી વસ્તુ અને સેવાની ગુણવત્તાના તફાવતો અત્યંત વિસ્તૃત ફલક ઉપર પથરાયેલ છે. આ પરિસ્થિતિમાં આદિવાસી ઉત્પાદનોનું સ્થાનિક કક્ષાએ ઉત્પાદન વૃદ્ધિ કરીને સ્થાનિક કક્ષાએ રોજગારી વૃદ્ધિના નાના પ્રયાષો તેમનું નિર્ધારિત લક્ષ હાંસલ કરી શકતા નથી. અંતિમ પરિણામ એ આવે છે કે "આદિવાસી ઉત્પાદન વૃદ્ધિ દ્વારા સ્થાનિક કક્ષાએ નીચા રોજગારી સર્જનનું વિષચક્ર" અસ્તિત્વમાં આવે છે જેનું નિરૂપણ નીચેના ચાર્ટમાં કરવામાં આવેલ છે.




આ વિષચક્ર ને કોઈ એક બિંદુ આગળથી છેદ કરવામાં આવે તો જ આ વિષચક્ર માથી મુક્તિ મેળવી શકશે. વિષચક્ર ને છેડવા માટેનો એક પ્રસ્તાવ છે, "આદિવાસી ઉત્પાદનો અને સેવાઓનું અલાયદી બ્રાન્ડ સાથે માર્કેટિંગ". માર્કેટિંગના વર્તમાન યુગમાં બ્રાન્ડ ઘણું મહત્વ ધરાવે છે. વળી એક અલાયદી બ્રાન્ડ દ્વારા જાહેરાત

અને પ્રચાર પણ ખૂબ સરળતાથી કરી શકાય છે. આ ઉદ્દેશથી ગુજરાતનાં તમામ આદિવાસી ઉત્પાદનો વસ્તુઓ અને સેવાઓ એકજ બ્રાન્ડ સાથે જોડી માત્ર બ્રાન્ડ વેલ્યૂ પ્રસ્થાપિત કરી વેચાણ પ્રોત્સાહનની યોજના. દા:ત જો TARANG બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવેતો નીચે મુજબ વેચાણ પ્રોત્સાહન ઊભા કરી શકાય.

**આદિવાસી ઉત્પાદનો અને સેવાઓનું અલાયદી બ્રાન્ડ સાથે માર્કેટિંગ**

**માર્કેટિંગના વર્તમાન યુગમાં બ્રાન્ડ ઘણું મહત્વ ધરાવે છે. વળી એક અલાયદી બ્રાન્ડ દ્વારા જાહેરાત અને પ્રચાર પણ ખૂબ સરળતાથી કરી શકાય છે. આ ઉદ્દેશથી ગુજરાતનાં તમામ આદિવાસી ઉત્પાદનો વસ્તુઓ અને સેવાઓ એકજ બ્રાન્ડ સાથે જોડી માત્ર બ્રાન્ડ વેલ્યૂ પ્રસ્થાપિત કરી વેચાણ પ્રોત્સાહનની યોજના. દા:ત જો TARANG બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવેતો નીચે મુજબ વેચાણ પ્રોત્સાહન ઊભા કરી શકાય**

| | |
|---|---|
| T | Tribal |
| A | Art & Craft by |
| R | Regional |
| A | Artist with |
| N | Natural resources of |
| G | Gujarat |

**TARANG – The Resonance**

**ગુજરાતનાં પ્રાદેશિક આદિવાસીઓ દ્વારા અને કુદરતી સંશાધનોથી નિર્મિત કળા કારીગરી**

નાના નાના પ્રમાણમા અત્યંત ઓછા/નીચા સ્તરે જે આદિવાસી વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન કરી રહેલ છે, તેમનું વિજ્ઞાપન પ્રત્યેક ઉત્પાદન માટે કરવું અત્યંત ખર્ચાળ સાબિત થશે. આ સંજોગોમાં આ વૈવિધાતા ધરાવતા તમામ સેવાઓ અને વસ્તુઓ એકજ “TARANG “ બ્રાન્ડ હેઠડ વિજ્ઞાપન કરી લોકમાનસ સુધી આ ઉત્પાદનો ખુબજ નીચા ખર્ચા સાથે પોહોંચાડી શકાશે. આ પ્રયત્નમાં વસ્તુ અને સેવા ક્ષેત્રના વૈવિધ્યાને નકારવામાં આવતું નથી, આમ છતાં તેમાં એકસૂત્રતા લાવી શકાશે. આ એક સૂત્રતાની મદદથી માત્ર વિજ્ઞાપન કરવામાં આવશે. આમ બ્રાન્ડ TARANG ની મદદથી આ ઉત્પાદનો લોકમાનસ સુધી પોહચી જશે. લોકમાનસ સુધી પોહોંચેલ TARANG બ્રાન્ડ ધીરે-ધીરે માંગ વૃદ્ધિમાં પરિણામશે, માંગ વૃદ્ધિ ઉત્પાદન કદ વૃદ્ધિ વૃદ્ધિ અને ઉત્પાદન નિયમિતતામાં પરિણામશે. આ સંજોગોમાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે. જેના પરિણામ સ્વરૂપ બજારની હરીફાઈમાં કિમત ઘટાડી બજાર વિસ્તરણની નીતિ પણ અપનાવી શકાશે. નિયમિત ઉત્પાદન પ્રક્રિયા ઉત્પાદનની પ્રક્રિયા ગુણવતા સુધારમાં પરિણામશે. કિમત ઘટાડો અને ગુણવત્તા સુધારો બજાર વિસ્તરણને મોટા પાયા ઉપર પ્રભાવિત કરશે જે ઉત્તરો ઉત્તર વધુ ને વધુ ઉત્પાદન વૃદ્ધિ અને ઉત્પાદન નિયમિતતામાં પરિણામશે. આમ આદિવાસી ઉત્પાદનોની વૃદ્ધિ દ્વારા સ્થાનિક નીચી રોજગારી સર્જનનું વિષચક્ર હવે આદિવાસી ઉત્પાદનોની વૃદ્ધિ દ્વારા સ્થાનિક ઊંચી રોજગારી સર્જનના અમૃતચક્રમાં

પરિણામશે. અહી TARANG બ્રાન્ડ દ્વારા આદિવાસી ઉત્પાદનો ને કેવી રીતે માર્કેટિંગ કરી શકાશે તેના થોડા ઉદાહરણ આપેલ છે. એક બાદ એક તેની માહિતી મેળવીશું.

1.5 ઉપસંહાર:

ઉપરોક્ત પ્રકરણમાં ચર્ચા કરવામાં આવેલ બંન્ને યોજનાઓ ઘણા મોટા પ્રમાણ માં વિકાસ ની સંભાવનાઓ ધરાવે છે. જેનો વિગતે વિવરણ પ્રકરણ માં કરવામાં આવેલ છે. આ પૈકીની તરંગ એક સ્વપ્ન છે. સ્વપ્ન ને સાકર કરવા માટે સાચી દિશાના અનિવાર્ય તમામ પ્રયત્નો કરવા પડશે. કોઈ એક બ્રાન્ડ સર્જન રાતો-રાત નિર્માણ થતી ઘટના નથી બ્રાન્ડ સર્જન તે ધીરજ માંગી લેતી લાંબા ગાળાની પ્રક્રિયા છે. એક બ્રાન્ડ વેલ્યૂ પ્રસ્થાપિત થયા પછી તેને ટકાવવી/નિભાવવી એ પણ એક નિષ્ઠા પૂર્વકના પ્રયત્નો માંગતી પ્રક્રિયા છે. પડકાર મોટા છે. પરંતુ આપણાં ભારતીય અર્થતંત્રમાં અમુલ બ્રાન્ડ ની સફળતાની ગાથા આપણી પ્રેરણા છે. એકવાર બ્રાન્ડ સર્જન દ્વારા વેચાણ વ્યવસ્થાની નિર્માણ થાય છે તો લાખ્ખોલોકો ના આજીવિકાના પ્રશ્નો કાયમી ધોરણે ઉકેલી શકાય છે. ભવિષ્યમાં પણ આદિવાસી ઉત્પાદનોનું સ્વરૂપ અને પ્રમાણ જોતાં એક બ્રાન્ડ હેઠળ વેચાણ પ્રોત્સાહન માટેના પ્લેટફોમ નિર્માણની જરૂરિયાત રહેશે જ તો બને તેટલા વહેલા અને તમામ જરૂરિયાતો પૂરતી કરી શકે તેવા તરંગ પ્લેટફોર્મ નિર્માણ તરફ પગરણ માંડવામાં આવે તેવી આશા સહ: તરંગ ની સફળતાની કામનાઓ. સાથે આ ચર્ચા ને અહી આ પ્રકરણ ને અહિજ વિરામ આપીએ છીએ.

# પ્રકરણ-2

# જીલ્લા આદિવાસીનો વિકાસ અંગે અભિગમ


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના | 8 |
| 2.2 | આદિવાસી સમાજનો આર્થિક વિકાસ એટલે શું? | 8 |
| 2.3 | વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા | 10 |
| 2.4 | આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો | 13 |
| 2.5 | પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ | 14 |
| 2.6 | આદિવાસી કાયદાઓની સ્થિતિ અને આદિવાસી વિકાસ માટે ભલામણો | 15 |
| 2.7 | ઉપસંહાર: | 22 |

## પ્રકરણ-2

## જીલ્લા આદિવાસીનો વિકાસ અંગે અભિગમ

2.1 પ્રસ્તાવના:

આદિવાસી વિકાસ ની જયારે વાત આવે છે ત્યારે તેના અંગભૂત ઘટકો અને વાસ્તવિક પરિપેક્ષ કે જેમાં નીચે મુજબના મુદ્દાઓ સમાવેશ થાય છે તેની વિચારના કરવાની રહે છે. જે આ મુજબ છે. સ્થાનિક આદિવાસી વિસ્તારના કુદરતી સંસાધનનો અને આર્થિક વિકાસ, સ્થાનિક આદિવાસી અર્થતંત્ર અને આર્થિક વિકાસ , સ્થાનિક આદિવાસીઓના પરંપરાગત અને આધુનિક વ્યવસાયો,જીલ્લા અર્થતંત્રના પ્રવર્તમાન પરિવર્તનો અને તેની આદિવાસી જીવન ઉપર થનાર અસરો. ઉપરોક્ત તમામ બાબતો ઉપરાંત આદિવાસી સંસ્કૃતિ અને આદિવાસી અસ્મિતા ણે ધ્યાનમાં રાખીને વિકાસને ચર્ચા કરવામાં આવેછે જેના અંગભૂત ઘટકો નીચે મુજબ છે.

**2.2 આદિવાસી સમાજનો આર્થિક વિકાસ એટલે શું?**

પ્રસ્તુત પ્રકરણમાં આર્થિક વિકાસનો બૃહદ અર્થ રજુ કરવામાં આવ્યો જે માનવજીવનની ગુણવત્તાથી લઇ ગૌરવપૂર્ણ જીવન અને પર્યાવરણને જાળવતા અભિગમ સુધી વિસ્તરે છે અને પ્રસ્તુત પ્રકલ્પમાં પણ આજ અભિગમને કેન્દ્ર સ્થાને રાખી વિકાસ માટેના અવકાશો અને તેના પગલા શું હોઈ શકે તે અંગે રજૂઆત કરવામાં આવે છે. વિકાસ આ સદીનો સૌથી વધુ ચર્ચિત શબ્દ જેની શરૂઆત ભૈતિક સમૃદ્ધિ થી લઇ તકની સમાનતા સુધી અને હેપ્પીનેશ ઇન્ડેક્ષ સુધી વિસ્તરી રહ્યો છે જે વૈયક્તિક ભૌતિક સમૃદ્ધિથી લઇ પારીસ્થિતિકીય સમતુલા સુધી વિસ્તરી રહી છે, પરંતુ આ ચર્ચાઓ અને તેના આધારે બનતી નીતિના પરિણામો જુદા જુદા સ્તરે જુદું જુદું પરિણામ લાવ્યું છે તેના લાભ વિભિન્ન સમુદાયોમા અસમાન રીતે વહેંચાયા છે પરિણામે તેના પર ચિંતન કરવાની આવશ્યકતા સર્જાય છે વિશેષ રૂપે આદિવાસી સમાજ તેમાં પણ આદિવાસી જીલ્લા કે જેને પર્યાપ્ત સ્તરે લાભાન્વિત કરવા અલગ જિલ્લા પણ કરવામાં આવ્યા, તેમ છતાં ઇચ્છિત પરિણામ મેળવી શક્યા નથી. અનિચ્છનીય સ્થળાંતર અટકાવી શકાયું નથી.

સૌ પ્રથમ વિકાસ એટલે શું? વૈશ્વિક સ્તરે તે અંગે શું માનવામાં આવે છે અને સમયાન્તરે તેમાં શું ફેરફાર થયો તે સમજવું આવશ્યક છે આર્થિક વિકાસનો ખ્યાલ સતત બદલવાનું કારણ વિકાસ

અંગેની સમજણમા આવેલ પરિવર્તન છે ઉપરાંત આર્થિક વિકાસ દ્વારા આપણે કેવા પરિવર્તનો ઇચ્છીએ છીએ તે અંગે પણ સતત અર્થશાસ્ત્રીઓના ખ્યાલો બદલતા રહ્યા છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય આવકની સતત વૃદ્ધિ એટલે વિકાસ સમય જતા વિકાસના પરિણામે લોકોના જીવન ધોરણમાં સુધારો થવો જોઈએ તેવો મત બન્યો પરિણામે લોકોની આવક વધવી જોઈએ એટલે માથાદીઠ આવકની વૃદ્ધિ માપદંડ તરીકે સ્વીકૃત બન્યો. પરંતુ લાંબાગાળા સુધીની માથાદીઠ આવકની વૃદ્ધિ પણ ઇચ્છિત પરિણામ આપી શકી નહી, વિશ્વમાં આવક વધવા છતાં ગરીબ લોકોના જીવન ધોરણમાં સુધારો શક્ય ન બનતા તેને વિકાસ ન કહી શકાય તેવો એક મત રજુ થયો, પરિણામે વિકાસના આ ખ્યાલ અનુસાર ગરીબોની સ્થિતિમાં સુધારો થાય તેવી રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ જ આર્થિક વિકાસ કહેવાય. તેથી ગરીબ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષવી તે જ વિકાસ. એ ખ્યાલ માપદંડ તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ વ્યાખ્યાના આધારે ભારતની પંચવર્ષીય યોજનાઓમાં ત્રીજી અને છઠ્ઠી યોજનામા ગરીબોની પાયાની જરૂરિયાતો પર નોંધ પાત્ર કામગીરી હાથ ધરાયેલ. આર્થિક વિકાસમાં લોકો અને તેનું જીવન ધોરણ વિશેષ મહત્વ ધરાવે છે તેથી માત્ર આવકના આધારે નહી પરંતુ તેના પરિણામે જીવનની ગુણવત્તામા આવતા પરિવર્તનને નિર્ધારિત કરતા પરિબળોના આંક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક વિકાસનો માપદંડ બન્યો પરંતુ તેમાં બાળ મૃત્યુદર, એક વર્ષની વયે અપેક્ષિત સરેરાશ આયુષ્ય અને અક્ષર જ્ઞાન આટલી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી પરંતુ તેમાં માથાદીઠ આવકને અવગણવામાં આવેલ જોકે માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંકને સાથે જોતા સ્પષ્ટ થયુકે જે દેશની આવક વધુ છે તેમાં જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક પણ સારો રહ્યો છે જોકે ઓપેકના દેશો પૈકી ઘણા અપવાદ તેમાં જોઈ શકાય. તેમ છતાં સરેરાશ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંક વચ્ચે સીધો સંબંધ જોઈ શકાય. ૧૯૯૦ થી UNDP દ્વારા માનવ વિકાસ હેવાલ રજુ કરવામાં આવે છે તેમાં સંકળાયેલ અર્થશાસ્ત્રીઓએ વિકાસની જુદી વ્યાખ્યા કરી છે તે અનુસાર “લોકોને પ્રાપ્ય તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની લોકોની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે” જેથી લોકો લાંબુ, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન જીવી શકે તેણા માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કરાયા. પરંતુ આવક, સ્વાસ્થ્ય અને શિક્ષા સમાજ માટે પર્યાપ્ત નથી તેમાં જાતિગત સમાનતા વિના વિકાસ અધુરો છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહી અને વિકાસની વૈચારિક પ્રક્રિયામાં પણ આટલા લાંબા સમય બાદ પણ જ્યાં વિકાસ વધુ હોય ત્યાં જાતિગત સમાનતા હોય તેવું જોવા મળેલ નથી પરિણામે યુએનના ૧૯૯૪ના કાઈરોના આંતરરાષ્ટ્રીય સંમેલનથી આ બાબતને આવરી લેવામાં આવી, ૧૯૯૫થી UNDP નારી વિકાસ સૂચકઆંક રજુ કરે છે. સમાનતાને માપવા વિવિધ માપદંડ

નિર્ધારિત કરાયા છે, અને ૨૦૧૯માં ૨૨ દેશોમા સ્ત્રીઓ પુરુષોની તુલનામાં આગળ છે. પરંતુ તે પર્યાપ્ત છે? સમાજમા જાતિગત અસમાનતા સિવાય પણ ઘણી વિષમતાઓ અસ્તિત્વ ધરાવે છે ૧૭૮૯ની ફ્રાંસની ક્રાંતિના ત્રણ સૂત્ર **સમાનતા**, **સ્વતંત્રતા** અને **બંધુતા**ને બીજા ૧૦૦ વર્ષમાં વિશ્વના લગભગ તમામ દેશોએ સ્વીકારી લીધુ કે એક વિકસિત સમાજમાં આ ત્રણે લક્ષણો આવશ્યક છે

## 2.3 વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન  વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ.  વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો.  આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો

અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થે માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્રયના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.

આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ થાકી તેમની અન્ય

ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊંચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.

પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર મળશે તો તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શેક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ

કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## 2.4 આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારું સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.

જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..

આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

### 2.5 પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ

પ્રવર્તમાન જોગવાઈ અને પ્રવર્તમાન સરકારી નીતિને અંતર્ગત આદિવાસી આર્થિક વિકાસ માટે જે પગલાં લેવાય છે તે તમામ પગલાંઓ અને નીતિ, યોજના, પ્રકલ્પો/એપ્રોચ વગેરેનો અભ્યાસ કરી અહીં આદિવાસી વિકાસ માટે કયો એપ્રોચ/ કઈ યોજના /કઈ નીતિ /કયો વિકલ્પ/ કયો પ્રકલ્પ

કારકત નીકળ્યો એટલે કે સફળ થયો. જો કોઈ સંજોગોમાં નિષ્ફળતા મળી હોય તો આ નિષ્ફળતાના કારણો શું રહ્યા તે તમામનો અભ્યાસ પ્રત્યેક જિલ્લા સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલ હતો. અહીં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, વ્યક્તિગત પ્રયત્નો વગેરેને પણ આદિવાસી આર્થિક વિકાસ અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.. આ સમગ્ર સંશોધનના પરિપાકરૂપે કહી શકાય કે પ્રસ્તુત સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના વિષયવસ્તુ માટે ખૂબ જ ગહન અભ્યાસ આધારિત છે.

આદિવાસી આર્થિક વિકાસ દર્શન ની વાત થાય એટલે સ્વાભાવિક રીતે જ આદિવાસી આર્થિક વિકાસને પ્રત્યક્ષ રીતે સ્પર્શ કરતા મુખ્ય કાયદાઓ કે જેને ટૂંકમાં FRA અને PESA તરીકે ઓળખવામાં આવે છે તેનો ઉલ્લેખ આવે. પ્રસ્તુત કાયદાઓ ઠીક ઠીક પ્રમાણમાં બૌદ્ધિક જગતમાં ચર્ચા થયા છે. વર્તમાન સમયમાં આ કાયદાઓ બહુ જ મોટી ડીબીટોને આમંત્રણ આપે છે. આ કાયદા તેના મૂળભૂત સ્વરૂપમાં ઘણા જ મર્યાદિત પ્રમાણમાં અમલીકૃત બન્યા છે. આ કાયદાઓ આદિવાસીઓને એક અલાયદી વ્યવસ્થા પૂરી પાડવા અને એક આદર્શ આદિવાસી સમાજ સુનિશ્ચિત કરવા અંતર્ગતના છે. આ કાયદાઓ થકી આદિવાસીઓ પોતાના પ્રદેશ અને પોતાના કુટુંબનોઆર્થિક વિકાસ વેગન્તો બનાવશે તેઓ આદર્શ રાખવામાં આવેલ છે. પરંતુ આ કાયદાના સંપૂર્ણ અમલથી વર્તમાન વ્યવસ્થામાં ભારે પરિવર્તનો આવવા પણ સંભવ છે. આ બાબત થકી વર્તમાન વ્યવસ્થામાં સંભવિત મોટા પાયાના પરિવર્તન સામે આ કાયદાનો અમલ સમગ્ર દેશમાં ઘણો જ મર્યાદિત રહ્યો છે. આ કાયદાઓના ઘણા પરિવર્તનો અને ઘણી સંભાવનાઓ વિશે ઘણા બધા મંતવ્યો છે અને ઘણા બધા વિવાદો પણ છે. આ સમગ્ર ચિત્રને ધ્યાનમાં રાખીને અહીં આ સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં આ કાયદાઓને લઈ કોઈ ખાસ નિશ્ચિત દિશાનું નિશ્ચિત પગલું ન સૂચવતા માત્ર કાયદા નાપાલન અંગેની દિશા સૂચન કરેલ છે અને તેના વિવાદિત પાસામને અહીં આ અહેવાલમાં ટાળવાનું પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 2.6 આદિવાસી કાયદાઓની સ્થિતિ અને આદિવાસી વિકાસ માટે ભલામણો

### 2.6.1 પાંચમી અનુસૂચિની અમલવારી

આદિવાસીઓની હિતની જોગવાઈ પાંચમી અનુસૂચિમાં કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખી આદિવાસીઓ માટે કલ્યાણકારી યોજનાઓ અને કાયદાઓ ઘડવામાં આવે છે. ભારત સરકારે પાંચમી અનુસૂચિને ધ્યાનમાં રાખી પેસા એક્ટ અને વન અધિકાર કાયદો બનાવ્યો છે. ગુજરાતમાં

તેની અમલવારી કરવામાં આવી છે. હાલાકી આ પાંચમી અનુસૂચિની અમલવારી ચુસ્ત રીતે થતી નથી. આથી પાંચમી અનુસૂચિની ચુસ્ત રીતે અમલવારી થાય તે જરૂરી છે. જો એની અમલવારી કરવામાં આવે તો આદિવાસીઓ માટે બનાવવામાં આવેલ બીજા કાયદોની અમલવારી પણ આપોઆપ થઈ જાય તેમ છે. આ કાયદાઓની અમલવારીથી આદિવાસી વિકાસને પણ ગતિ મળે એમ છે.

### 2.6.1.1 પેસા એક્ટની અમલવારી

આદિવાસીઓ માટે પેસા એક્ટ ઘણો ઉપયોગી કાયદો છે. આ કાયદામાં આદિવાસીની પરંપરાગ જીવનશૈલીની કાર્યપદ્ધતિઓનો સમાવેશ કરવાનો પ્રયાસ કર્યો છે. હાલાકી આ કાયદાની અમલવારી અને આદિવાસીઓમાં તેના વિશેના જાગૃતિના અભાવના કારણે પેસા એક્ટ  કામ વગરનો બની રહ્યો છે. જેની અમલવારી થાય તે માટે સરકારે પ્રયાસ કરવાની જરૂર છે. પેસા એક્ટમાં આદિવાસી વિકાસ માટેની ઘણી બાબતોની જોગવાય છે. એક માત્ર પેસા એક્ટનો ચુસ્તપણે સરકાર અમલ કરે તો આદિવાસી વિકાસના ઘણાં પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. ગ્રામસભાની રચના અને તેના કાર્યો

આદિવાસી વિસ્તારમાં ગ્રામસભા એટલે ગામમાં એક જગ્યાએ ભેગું થવું. એમાં સરકારી કેટલાક અધિકારીઓ હાજર હોય. તે લોક યોજનાઓની વાતો કરે. અને ભેગા થયેલાની સહી લઈ સહું છૂટા પડે. ટૂંકમાં આધિવાસીઓ પેસા એક્ટના કાર્યોથી અપરિચિત છે.

તેઓ તેનાથી માહિતગાર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. તે માટે જાહેરાતો, પોસ્ટરો કે સભા-મેળાવડા કરી જાગૃતિ કાર્યક્રમો કરવા જોઈએ.દરેક ગામમાં ગામસભા વ્યવસ્થિત રીતે થાય તે માટે ચકાસણી માટેનું આયોજન કરવું જોઈએ. ગ્રામસભાની રચના કરવામાં કોઈ એકવર્ગનું જ પ્રતિનિધિત્વ ન રહે તેની તકેદારી રાખવી જોઈએ.વધુમાં વધુ લોકોની ભાગીદારી એમાં વધે તેવા પ્રયાસ કરવા જોઈએ.

### શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ

આદિવાસી વિસ્તારમાં શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ ગ્રામસભા દ્વારા જ લાવવાનો છે. કોઈપણ ગામમાં આની અમલવારી થતી નથી. આદિવાસી વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં નોધાયેલા કેસો પોલીસ સ્ટેશમાં સમાધાન થયેલ કેશોની સંખ્યા પરથી અંધાજ આવશે. કે આ નિયોમેનું કેટલું પાલન થાય છે.

શાંતિ સલામતિ દળ (સંગઠન)ની કાયદાની જોગવાઈ પ્રમાણે રચના કરવી જોઈએ. વિવાદની નિવારણ માટેની ચોક્સ પ્રક્રિયા કાયદાની જોગવાઈ પ્રમાણે નક્કી કરવી જોઈએ.જરૂરી લાગે ત્યાં બીજી અન્ય પેટા સમિતિ બનાવી પણ સ્થનિક કક્ષાએ જ તકરારનો ઉકેલ આવે તેવા પ્રયાસ કરવા જોઈએ. આદિવાસી વિસ્તારમાં આવેલ પોલીસ સ્ટેશનોની ભૂમિકા બદવાની જરૂર છે. પોલીસ સ્ટેશને ગુનો નોંધવાની જગ્યાએ કાયદાની જોગવાઈ અનુસાર એમની દેખરેખ હેઠળ તકરારનો ઉકેલ કરાવવો જોઈએ. આમ કરવાથી આદિવાસી વિસ્તારના પોલીસ કેસો ઘટાડી શકાશે. તેમ જ ગુનાઓ પણ અટકાવી શકાશે.આ પ્રકારની નિર્ણય પ્રક્રિયામાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી માર્ગદર્શમાં સહાયક રાખી શકાય.ગામના વડીલોના સહકાર લઈ આ માળખાને મજબૂત બનાવાવની જરૂર છે. આ પ્રક્રિયાથી આદિવાસીઓના કોર્ટ- કચેરીના નાણાંનો ખર્ચ બચાવી શકાય.

**લાબાર્થીઓની ઓળખ, પ્લાનની મંજૂરી, દેખરેખ વગેરેની સત્તા**

આદિવાસીઓને વિવિધ યોજનાઓનો લાભ મોટા ભાગે આદિવાસીમાં રહેલો તાકાતવર વર્ગ વધારે ફાયદો ઉઠાવે છે. ઘણી વખત લોકોના અજ્ઞાનતાનો લાભ ઉઠાવે છે. આ અસમાનતા અટકાવવાની ખૂબ જરૂર છે. આ અસમાનતા અટકાવી આદિવાસીનો સર્વાંગી વિકાસ કરી શકાય તેમ છે. આ માટે ગ્રામસભા ઉપયોગી બની શકે તેમ છે. ગ્રામસભા દ્વારા નક્કી કરેલા લાભાર્થીઓને જ લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે.

સરકારે હાલ વ્યક્તિગત ઓનલાઈન ફોર્મ ભરવાની જોગવાઈ કરી છે. તેમાં જરૂરી સુધારા કરી ગ્રામસભા દ્વારા મંજૂર થયેલ નામોમાંથી યોજનાનો લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે. રોડ, રસ્તા, પાણીની સગવડ, શાળા, આંગણાડી, જેવા વિવિધ કામોની મંજૂરી પણ ગ્રામસભાના દરખાસ્તના આધારે જ મંજૂર કરવી જોઈએ. સામાન્ય રીતે હાલમાં મોટા ભાગે ઉપરથી યોજનાઓ બનીને આવે છે. અથવા તો સરપંચ તલાટી પોતાનો લાભ જોઈને નક્કી કરી ઓનવાઈન દરખાસ્તની વિગત ભરી દે છે. તેને અટકાવવાની જરૂર છે. પ્લાન મંજૂરી માટે ગ્રામસભાનો ફાળો ન હોવાથી વિકાસનો સરખો લાભ આખા ગામને મળતો નથી. તેને અટકાવવાની જરૂર છે. કામ મંજૂર રાખ્યા પછી તેની દેખરેખ રાખવા માટે પણ સમિતી બનાવવી જોઈએ. સમિતિના રીપોર્ટના આધારે જ જે તે કામગીરીના નાણાં ચુકવવા જોઈએ.

**કુદરતી સંસાધનો, કૃષિ, જમીન અને સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન**

આદિવાસીઓનો કુદરત, જમીન અને ખેતી સાથે પરંપરાગત નાતો રહ્યો છે. એના સંવર્ધન માટે એની પાસે પરંપરાગ સમજ અને સૂઝ છે. તેનો ઉપયોગ કરી એનું વ્યવસ્થાપન કરી શકાય તેમ છે.

- જળ, જંગલ અને જમીન એ આદિવાસીઓ માટે આજીવિકાનું સાધન છે. એ આજીવિકાનું સાધનસંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ, તેની તાલીમ આપવી જોઈએ.
- આજીવિકાનું સાધન કાયમ માટે ટકી રહે તે રીતે સ્થાનિક સંસાધનનો ઉપયોગ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ.
- વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખી સ્થાનિક સંસાધન સંપતિનો ઉપયોગ થાય તેવું માળખું ગોઠવવું જોઈએ.
- આ સંસાધનો અમુક લોકોના પુરતા મર્યાદિત ન બની જાય તે માટે વ્યવસ્થાપન કરવું પડશે.
- આ બધી જોગવાઈઓની સાથે આ સંસાધનો પર વ્યક્તિગત હક્કો છે, તે છીનવાઈ ન જાય તેની કાળજી પણ રાખવી પડશે.
- ખેતી માટે સરકારે યોજનાઓ બહાર ન પાડવી જોઈએ. પરંતું ગ્રામસભા પ્રદેશ અને ભૌગોલિક વિસ્તાર પ્રમાણે ખેતી માટે જે નિયમો ઘડે તે પ્રમાણે સહાય આપવી જોઈએ.
- જમીનના માલીકીને લગતા પ્રશ્નો પણ ગ્રામસભા દ્વારા જ મુકાવા જોઈએ. તેનો ઉકેલ પણ ગ્રામસભા દ્વારા જ લાવી શકાય તેવું માળખું ગોઠવવું જોઈએ.
- જમીન-ખરીદી- વેચાણને લગતી સત્તા પણ ગ્રામસભા દ્વારા જ થવું જોઈએ. એ વ્યક્તિગત જમીન હોય કે સામૂહિક માલીકીની જમીન હોય.
- જળ સંસાદનનું આયોજન અને વ્યવસ્થાપન પણ ગ્રામસભા દ્વારા સૂચવાય તે રીતે જ અમલવારી કરવી જોઈએ.
- સિંચાઈ વ્યવસ્થામાં પાણીના નિયમનની વ્યવસ્થા ગ્રામસભા દ્વારા થાય તે રીતે અમલવારી કરવી જોઈએ. તમામને સરખા ભાગે મળે છે કે કેમ તેની તકેદારી રાખવી જોઈએ.
- જળાશયો, સામુદાયિક અસ્કાયામતોનનું વ્યવસ્થાપન ગ્રામસભાની પાસે જ રહે તેવું આયોજ કરવું જોઈએ.

- આ બધા જ વ્યવસ્થાપન માટે જુદી જુદી સમિતી બનાવી પડે તો તેમ કરવું જોઈએ.
- વ્યવસ્થાપન માટેના જુદા જુદા કાર્યો માટે જુદા જુદા રજિસ્ટરો પણ નિભાવવા જોઈએ.
- દરેક ગામ પાસે એક અનાજ બેંક કે બીજ બેંકની સગવડ હોવું જોઈએ. તેમાંથી જ લોન સ્વરૂપે બીજ કે અનાજ ગામના લોકોને આપી શકાય. આવી વ્યવસ્થ ઊભી કરવા માટે જરૂરી સંસાધનની સહાય અને માર્ગદર્શન આપવું જોઈએ. અંત્યોદય યોજનાને આના સાથે જોડી શકાય.
- સ્થાનિક બીજ અને અનાજને પ્રાધાન્ય મળે તેવું આયોજન કરવું જોઈએ.

**માનવશક્તિ (માનવબળ)**

આદિવાસી વિસ્તારમાં શ્રમ સાથે જોડાયેલા લોકોનું વિશેષ શોષણ થાય છે. આ શોષણને અટકાવવા માટે સરકાર દ્વારા વિશેષ ધ્યાન અપાતું નથી. આવા સંજોગામાં ગ્રામસભાને વધુ જાગ્રત કરી આ શોષણને અટકાવી શકાય તેમ છે.

- કોઈપણ મજૂરનું શોષણ ન થાય તે રીતે શ્રમના કલાકો અને તેનું મહેતાણું નક્કી કરવું જોઈએ.
- ગામની બહાર જતા મજૂરો માટે પણ ગામસભાએ મહેતાણું અને સગવડો નક્કી કર્યા હોય તેને મજૂર લઈ જનારે અનુસરવાનું રહેશે. તેવી જોગવાઈ કરવી જોઈએ.
- બહાર ગામ જતા મજૂરો અંગે તેને લઈ જનાર વ્યક્તિ કે એજન્સી દ્વારા જે તે ગ્રામસભાને એની સ્થિતિ, મજૂરી તથા સુખાકારી અંગે વખતો વખત જાણકારી મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- ગામના લોકોનો શ્રમબળનો ઉપયોગ બરાબર થાય તેવું વ્યવસ્થાપન કરવા માટે ગ્રામસભાને સતત માર્ગદર્શ મળે તેવું આયોજન કરવું જોઈએ.
- તમામ લોકોના શ્રમબળને ન્યાય મળી રહે તેવા કાર્યોનુજ આયોજન ગ્રામસભા દ્વારા થાય તે સુનિશ્ચત કરવું જોઈએ.
- લોકોમાં રહેલી ક્ષમતા અને કૌશલ્યને ઓળખી તેને પ્રોત્સાહક કામોનું આયોજન થાય તેવું આયોજન કરવું જોઈએ.

**ગ્રામ હાટનું વ્યવસ્થાપન**

આદિવાસી વિસ્તારમાં આવેલા બજારો કે ગ્રામહાટ કે ફેરીયાઓના ભાવ, વજન, ગુણવત્તા, કઈ વસ્તુઓ વેચવા દેવી, એ અંગે ગ્રામસભાએ સૂચવેલા સૂચનોનો ગંભીરપણે અમલવારી થાય તે જોવું જોઈએ.

- મામલતદાર કોઈપણ દુકાનદારને પરવાનગી આપતા પહેલા ગ્રામસભાની મંજૂરીનો આગ્રહ રાખવો જોઈએ.
- ગ્રામસભા દ્વારા અપાયેલી ફરિયાદને અગ્રીમતા આપી તાત્કાલીક પગલા લેયાલ તેવું આયોજન કરવું જોઈએ.

**ખાણ અને ખનીજો**

આદિવાસી વિસ્તાર મોટા ભાગે પ્રાકૃતિક સંપદા વાળો વિસ્તાર છે. આ વિસ્તામાં પ્રાકૃતિક સંપદા સાથે ખનીજ સંપત્તિ પણ ઘણી છે. આથી જો ખનીજ સંપત્તિનો ઉપયોગ વધી જાય તો તે વિસ્તારના લોકોની જીવનશૈલી પર તેની અસર તો થાય જ છે. પરંતુ સાથે સાથે પ્રાકૃતિક સંપદા પર પણ તેની અસર થાય છે. એટલે કે આખી જીવસૃષ્ટિ પર તેની અસર થાય છે. આથી ખની જ સંપત્તિનો ઉપયોગમો સંયમ રહે એ ખૂબ જરૂરી છે.

- કોઈ પણ કંપની, વ્યક્તિ કે સરકાર દ્વારા ખનીજ માટે ખોદકામ કરવાનું હોય ત્યારે ગ્રામસભાની મંજૂરી હોય તો જ ખોદકામ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. અને તેની કડક અમલવારી પણ કરવી જોઈએ.
- ખનીજ હેતુ માટે જમીન મેળવનારે અરજી સરકારને કરે તેની સાથે ગ્રામસભાને પણ કરવી જોઈએ. અને ગ્રામસભાની મંજૂરી અને શરતોને આધીને જ સરકારે મંજૂરી આપવી જોઈએ.
- જે વિસ્તારમાંથી ખનીજ કાઢવામાં આવે તેની આવકનો વપરાશ તે જ વિસ્તારના લોકોની સુખાકારી વધે તે માટે કરવું જોઈએ.
- સ્થાનિક લોકોના વપરાશ માટે પણ ગ્રામસભાએ નક્કી કરેલ માપદંડ પ્રમાણે ખાણ-ખનીજ લેવાની છૂટ હોવી જઈએ.

- ખાણ-ખનીજની મંજૂરી આપતા પહેલા ગ્રામસભા પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખે તે અંગે માર્ગદર્શન પુરુ પાડવું જોઈએ,

**નાણાની ધીરધાર**

- આદિવાસી વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ લોન લેવા માંગે તો તે ગ્રામસભાના માધ્ય થકી લોન લઈ શકે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- નાણાં ધીરનાર વ્યક્તિએ પણ પેસા એક્ટ લાગુ વિસ્તારમાં નાણાં ધીરતા પહેલા ગ્રામસભાની મંજૂરી લેવી પડશે.
- નાણાં ધીરનારે સમયાંતરે ગ્રામસભાને પણ સમયાંતરે લોનની વિગત પુરી પાડવાની રહેશે.
- લોન લેનારનું શોષણ થતું હોય એમ લાગે તો જે તે નાણાં ધીરનાર સામે લોન લેનાર ગ્રામસભા સામે ફરીયાદ કરી શકશે.
- ગ્રામસભાની શાંતિસમિતિ આ અંગે તપાસ કરી જો નાણાં ધીરના જવાબદાર જણાય તો તેના ઉપર પગલા લેવા માટે જવાબદાર અધિકારીને જાણ કરશે.

**વ્યસનમુક્તિ સંબંધિત પગલા**

- કેફી પદાર્થના નિયંત્રણો માટે ગ્રામસભા નિયમો ઘડશે.
- વ્યસનથી પીડાતા લોકોને આરોગ્ય કેન્દ્ર કે પરામર્શન કેન્દ્રો પર ગ્રામસભા મોકલવાનો નિર્ણય કરશે.

**અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરે વિષય બાબતો**

- અંધશ્રદ્ધા, જાદુટોણા સંદર્ભે ગ્રામસભામાં ચર્ચા કરી તેનું નિવારણ કરશે.
- લોકોની વૈજ્ઞાનિક સમજ કેળવાય તે માટે જરૂર જાગૃતિ કાર્યક્રમો કરશે.

#### 2.6.1.2 વન અધિકાર કાયદો (FRA)

- વન આધારિત ખેતીને પ્રોત્સાહન અંગે વિચારવું.

- જે તે ગામને ફાળવવામાં આવેલ જંગલમાં સાગ. સીસમ જેવા વૃક્ષોને ઉછેર કરવા પ્રોત્સાહન આપવામાં આવે.
- વન અધિકાર કાયદો અને પેસા એક્ટ એક બીજા સાથે જોડવામાં આવે.
- વન અધિકાર કાયદામાં જમીન ફાળવવામાં જે અનિયમિતતા છે તેને દુર કરવામાં આવે.
- વન અધિકાર કાયદાની જોગવાઈની અમલવારીનું સતત મૂલ્યાંક કરવામાં આવે.

**2.7 ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી હાર્દિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્રતહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ- 3

# જીલ્લામાં આદિવાસી વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ)


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 24 |
| 3.2 | વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ) ટુકમાં | 24 |
| 3.3 | વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ) ટુકમાં | 25 |
| 3.4 | વિવધ ક્ષેત્રો વાર આર્થિક વિકાસ અને આદિવાસી સમાજ | 28 |
| 3.5 | આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ | 32 |
| 3.6 | ઉપસંહાર | 33 |

## પ્રકરણ- 3

## જીલ્લામાં આદિવાસી વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ)

૩.૧ પ્રસ્તાવના: આગળ ના પ્રકરણ 2 માં આપણે વલસાડ જિલ્લાના આદિવાસીઓનું આર્થિક વિકાસ દર્શન કયા સ્વરૂપનું હોઈ શકે? જિલ્લાના આદિવાસીઓ માટેનો આર્થિક વિકાસ દર્શન અંતર્ગત એક્શન પ્લાન શું હોઈ શકે વગેરે જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ ચર્ચા કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે અહીં આ અહેવાલ વલસાડ જિલ્લા માટે રજૂ કરેલ છે. આ અહેવાલ વલસાડ જિલ્લાના આદિવાસીઓ માટે પ્રાદેશિક સ્તરે જે જિલ્લાની ખાસિયતો અનુસાર આદિવાસી વિકાસ માટે આગવી જરૂરિયાત જરૂરી છે તેની ચર્ચા કરે છે. અહેવાલમાં સમાવિષ્ટ થયેલી જો કોઈ એક બાબત સમગ્ર આદિવાસી આર્થિક વિકાસ માટે અનિવાર્ય હશે તો તેની ચર્ચા ગુજરાત રાજ્યના સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં પણ સમાવેશ થયેલી હશે.

### 3.2 વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ) ટુકમાં:

પ્રસ્તુત વલસાડ જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનના અહેવાલમાં વિકાસના પડકાર (સ્થાનિક સમસ્યાઓ) અંતર્ગત જે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે તેને ટૂંકસાર રૂપે નીચે મુજબ રજુ કરી શકાય.

આર્થીક સમસ્યાઓ અને સંભાવનાઓ, સ્થાનિક શિક્ષણીક સમસ્યાઓ,સ્થાનિક શેક્ષણીક અને માનવ સંસાધન વિકાસની સમસ્યાઓ, સ્થાનિક શેક્ષણીક સમસ્યાઓ, સ્થાનિક માનવ સંસાધન વિકાસની સમસ્યાઓ, તાલીમ અને કોશલ્ય વર્ધનના પ્રશ્નો, જીલ્લાના આદિવાસીઓના પરંપરાગત અર્થતંત્ર સામે આધુનિક પડકારો, ખેતીક્ષેત્રની ચર્ચા, ખેતીક્ષેત્રની સમસ્યાઓ, ખેતીક્ષેત્ર રોજગારીની સંભાવનાઓ, ખેતીક્ષેત્ર સામેના પડકારો, ખેતીક્ષેત્ર માંથી થતું પલાયન (સ્થાનાંતર), જીલ્લામાં કુદરતી સંસાધનના પરિવર્તનો, જીલ્લામાં ઉધ્યોગિક વિકાસના પડકારો અને સંભાવના, વૈકલ્પિક રોજગાર ક્ષેત્ર (સ્થાનિક ઉદ્યોગક્ષેત્રના વિકાસની ચર્ચા), સ્થાનિક નાના અને ગૃહઉદ્યોગક્ષેત્રના વિકાસને નડતી સમસ્યાઓ, સ્થાનિક ઉદ્યોગક્ષેત્રની રોજગારીની સંભાવનાઓ, સ્થાનિક ઉદ્યોગક્ષેત્રના વિકાસ સામેના પડકારો, સ્થાનિક ઉદ્યોગક્ષેત્રના વિકાસ માટેના લોકોના સૂચનો, પરંપરાગત ઉત્પાદનોને આધુનિક બજાર

સુસંગત કરવા માટેના સૂચનો ઉપરોક્ત સમસ્યાઓને ટુકમાં વર્ણવ્યા પછી તેને વિસ્તાર પૂર્વક નીચે મુજબ દર્શાવી શકાય.

### 3.3 વલસાડ જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ આડેના પ્રશ્નો

પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.

આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

1. માળખાગત સુવિધાઓની અછત: એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં જંગલ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.
2. રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક: ગુજરાતના પૂર્વ પટ્ટીના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રેલવે વ્યવહાર ના બરાબર છે. વળી અહીં રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે. આ સંજોગોમાં વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.
3. શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ: દુર અંતરિયાળ પ્રદેશ ઉપર જણાવવાનું છે રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ

અત્યંત વિગત બને છે અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આકૃતિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર  તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.

4. સિંચાઈની સુવિધાઓ: ગુજરાત રાજ્યની પૂર્વમાં સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે. અહીં વરસાદનું પ્રમાણ ખાસ કરીને મધ્ય ગુજરાતના પૂર્વ ભાગો અને દક્ષિણ ગુજરાતના વિવિધ આદિવાસી તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.

5. સંદેશા વ્યવહાર ની અછત ;ગુજરાતના આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આંખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

6. મત્સ્ય પાલન પ્રવૃત્તિ: ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં ઇન લેન્ડ ફિશિંગ ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે ગુજરાતના મોટાભાગ ની મોટી સિંચાઈ યોજના માટેના બંધ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે આ મોટા જળાશયો મત્સ્યપાલન માટે બહુ મોટી શક્યતાઓ ઊભી કરે છે. અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.
7. પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ: ગુજરાતના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓમાં પશુપાલન પ્રત્યે રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. જોકે સુરત વલસાડ વલસાડ  સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં જે પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે. જો કે વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે. બદલાતા આધુનિક સમયમાં મશરૂમ ઉછેર કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.
8. ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ: અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે

દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે. ગુજરાતમાં જેને ગોલ્ડન કોરિડોર કહીએ છીએ તેની આસપાસ આવેલા આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગીકરણ ઠીક ઠીક પ્રમાણ માં જોવા મળશે પરંતુ તે સિવાયના અન્ય આદિવાસી તાલુકામાં ઔદ્યોગીકરણ અત્યંત મર્યાદિત છે. ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

9. કુદરતી સંસાધનો અને જંગલ પેદાશો: આદિવાસી પ્રદેશ મુખ્યત્વે જંગલ પ્રદેશો છે અહીં કુદરતી સંસાધનો અત્યંત વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જંગલો ઉપરના વસ્તીના દબાણને જોતા જંગલોનું વિનાશ વેગ પકડે તે સ્વાભાવિક છે. જંગલોને જો બચાવવા હોય તે જ પ્રમાણે કુદરતી સંસાધનો જો વિવેક પૂર્ણ ઉપયોગમાં લાવવા હોય તો જે પ્રદેશની આ સંપત્તિ છે તેવા આદિવાસી સમુદાયને આ સંસાધનો સાથે જોડવા પડશે. આદિવાસીઓને આ સંસાધનોમાંથી વિવેક પૂર્ણ આજીવિકા મેળવવા માટે ના અધિકારો આપવામાં આવશે તો તેના પરિણામ સ્વરૂપે જ્યાં આદિવાસી સમુદાયની ગરીબી ઓછી થશે ત્યાં બીજી બાજુ આદિવાસી સમુદાયો અહીં વૈકલ્પિક સ્વરૂપે નિર્વાહના ઘણા બધા રસ્તાઓ મેળવી શકશે. વળી આ પ્રકારના પગલા દ્વારા કુદરતી સંસાધનો અને જંગલના રક્ષણની પણ એક ખાતરી સમાજને આદિવાસી સમુદાય તરફથી મળશે. જંગલ જમીન અધિકાર કાયદો તે આ દિશામાં લેવામાં આવેલું એક કારગત પગલું છે.

## 3.4 વિવધ ક્ષેત્રો વાર આર્થિક વિકાસ અને આદિવાસી સમાજ

### આદિવાસી ખેતી વિકાસ:

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે. ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે. ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય

તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈના અભ્યાસ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંસ્થળ ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે સ્ટ્રોબેરી, કાજુ અને વિવિધ પ્રકારના મશરૂમ જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

**આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવચન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતની તમામ ભૌગોલિક પ્રદેશો પ્રવચન નાઆકર્ષણ માટે અને અલાયદ સ્થાન ધરાવે છે. વર્તમાન સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ જે તે પ્રદેશની એક મોટું કારણ સાબિત થયેલું છે. આવનારા સમયમાં ગુજરાતની સંપૂર્ણ પૂર્વ પટ્ટી કે જે આદિવાસી રહેણાંક વિસ્તાર છે તેમાં પ્રવાસ પર્યટનની ખૂબ જ વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પ્રદેશના સ્થાનિક આદિવાસીઓને જો યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અલાયદી યોજનાઓનું ઘડતર કરવામાં આવે તો આ પ્રદેશોમાં પ્રવચન ઉદ્યોગ સ્થાનિક લોકોની રોજગારી માટે એક બહુ જ મોટો વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે. સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસને પૂરક એવા પ્રવચન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં પાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે. જિલ્લા

સંશોધક તરીકે વિવિધ આદિવાસી પ્રદેશો માં વિવિધ મુલાકાતો દ્વારા એ જોવા મળ્યું છે કે આ પ્રદેશમાં વસતા સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારી બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

**આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અને કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે. આદિવાસી પ્રદેશો કુદરતી સંસાધનોની રીતે જોઈએ તો ઘણા જ સમૃદ્ધ પ્રદેશો છે. આ પ્રદેશોમાં વિવિધ ઉદ્યોગો માટેની વિવિધ ખાણ અને ખનીજો ના ભંડારો આવેલા છે. આદિવાસી પ્રદેશોના આ ખાણ અને ખનીજો ની મદદ લઈને અન્ય પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે આજ ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્રોત તરીકે આદિવાસીઓ પોતા શ્રમ સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરુંપાડવામાં આવે છે.

આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈંક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી. આ વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

**આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:**

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં પણ ભરપૂર પ્રમાણમાં રહેલી છે. આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો ,

આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે. ગુજરાતના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જુઓ જોવામાં આવે તો જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ ભોળા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે. દાખલા તરીકે બજારમાં જોવા મળતી પતંજલિ બ્રાન્ડ તેની સંપૂર્ણ સફળતા કુદરત આધીન હોવાના તેના દાવા ઉપર નિર્ભર છે. આદિવાસી સમુદાયો તેના પ્રારંભથી જ કુદરત દત્ત અને કુદરત સાથે સંકળાયેલું જીવનશૈલી જીવતા આવ્યા છે આ રીતે જોવામાં આવે તો આદિવાસીઓ દ્વારા એકત્ર કરી અને તેનું વેચાણ વ્યવસ્થા કરવામાં આવતી વસ્તુઓમાં ખૂબ જ લોકપ્રિય બનશે તેવી ખૂબ ઊંચી સંભાવનાઓ રહેલી છે.

### 3.5 આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:

આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસીશ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે.

**3.6 ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં વલસાડ જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું વિગતવાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં વલસાડ જિલ્લાનો ટુકો પરિચય મેળવીને આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે માહિતી મેળવીશું.

# પ્રકરણ-4

# નીતિ નિર્ધારણ માટેની ભલામણો


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 35 |
| 4.2 | અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રોજગાર સર્જન માટેની બહુહેતુક VISAMO યોજના | 35 |
| 4.3 | બ્રાન્ડ જરૂરિયાત અને તેના સંદર્ભની દરખાસ્ત | 47 |
| 4.4 | અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને ટેક્નોલૉજીના વ્યાપ માટેની દરખાસ્ત | 60 |
| 4.5 | ઉપસંહાર | 96 |

## પ્રકરણ-4

# નીતિ નિર્ધારણ માટેની ભલામણો

4.1 પ્રસ્તાવના:


પ્રસ્તુત પ્રકરણમાં વલસાડ જીલ્લાની વિવધ આદિવાસી આર્થિક વિકાસની સમસ્યાઓનો અભ્યાસ કર્યાબાદ જેને અમલમાં મૂકી શકાય તેવી મહત્વની યોજનાઓની ભલામણ કરેલ છે. આયોજનો જોકે સંભવતઃ ઘણી મર્યાદાઓ ધરાવતી હોઈ શકે. પરંતુ તેનું મૂળ હાર્દ અને તેની દિશા નિશ્ચિત પાને આદિવાસી વિકાસની ખાતરી કરવાતી છે. આ ભલામણો યોગ્ય વિષય નિષ્ણાતોના અભ્યાસ દ્વારા સુચારવાધારા કરાવીને અપનાવવા યોગ્ય તો છે જ પરંતુ જીલ્લા સંશોધકને ખાતરી છે કે આ યોજનાઓ વિકાસ પથ ઉપર એટલી અનિવાર્ય છે કે અભાવીષ્યમાં તે એક ય બીજા સ્વરૂપે અસ્તિત્વમાં હશેજ. અહી આ યોજનાઓ તેના પ્રાથમિક સ્વરૂપમાં વર્ણવવામાં આવેલ છે.

**4.2 અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રોજગાર સર્જન માટેની બહુહેતુક** VISAMO **યોજના:**

| | |
|---|---|
| **VISAMO** | **Various Integrated Supported Activities to Mobilize Tribal Tourism** |
| વિસામો | આદિવાસી પ્રવાસન ચેતન માટેની ‘વિવિધ સંકલિત સહાયક પ્રવૃતિઓ’ |

‘વિસામો’: આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસન વિકાસ માટેની આ યોજના તેના નામ અનુસાર વિવિધ સંકલિત સહાયક પ્રવૃતિઓનો સમૂહ છે. આ યોજનાનુ મુખ્ય હાર્દ પ્રવાસન વિકાસ છે. પ્રવાસન ઉધ્યોગ આદિવાસી પ્રદેશમાં વિકાસ પામશે તો આદિવાસી સમુદાયોને તેમના પ્રદેશમાં જ રોજગારીના વિકલ્પો પ્રાપ્ત થશે.આદિવાસી ક્ષેત્રોને તેના સ્વરૂપને જોતાં ઉધ્યોગિક વિકાસ સાથે પ્રત્યક્ષ રીતે સાકળી શકાય તેમ નથી. બીજા શબ્દોમાં કહીએતો આ ક્ષેત્રોનો ઉધ્યોગિક વિકાસ થાય તો અહી પ્રદૂષણ અને સંશધાન વિકૃતિઓ ઉદભાવ થવાની પૂરતી શક્યતાઓ છે. આજ કારણ હશે કે એનજીટી દ્વારા કુદરતી વનરાજી અને ભરપૂર કુદરતી સૌંદર્ય ધરાવતા આવા પ્રદેશોમાં પ્રદૂષણની વધુ માત્ર ધરાવતા ઉધ્યોગો વિકસાવવાની મંજૂરી મળતી નથી. ઉધ્યોગિક વિકાસ જો ઇચ્છનીય ન હોય તો આ પ્રદેશોની સ્થાનિક રોજગારી સર્જન માટેનો કૃષિ વિકાસ પછી જો કોઈ વિકલ્પ બાકી બચે તે વિકલ્પ છે. સેવા ક્ષેત્રના વિકાસ દ્વારા આ પ્રદેશમાં સ્થાનિક રોજગારી સર્જન કરવી. વિવિધ


આદિવાસી ક્ષેત્રોની સ્થળ મુલાકાત અને તેમની શાથે થયેલ વિવિધ ચર્ચાઓ માથી એક વાત સ્પસ્ટ થાય છે કે જો પ્રદેશમાં પ્રવાસન ઉધ્યોગ વિકાસ પામે તો તેના થકી પ્રદેશમાં વિવિધ સેવા પ્રવૃતિઓનો વિકાસ શક્ય બની શકે. જો પ્રદેશમાં પ્રવાસન વિકાસ પામે તો છૂટક દુકાનો અને નાના મોટા વેપારીઓ રોજગારી મેળવશે. વિવિધ સેવાઓ જેવીકે ટેક્સી, હોમ સ્ટે, પ્રદેશ ગાઈડ, હર્બલ ટ્રીટમેન (નેચરોપથી), ટ્રાઈબલ કુક્ડ ફૂડ, ટાઈબલ ફોકલ ડાંસ, ટાઈબલ સંસ્કૃતિ અનુભવ વગેરે. આ પ્રકારના અનેક સેવા વ્યવસાય વિકલ્પો આદિવાસી પ્રવાસન ઉદ્યોગ વિકાસ દ્વારા વિકસાવી શકાય તેમ છે. તે શક્યતાને જોતાં પ્રસ્તુત યોજના **(VISAMO)** દરખાસ્ત કરવામાં આવે છે.


<table>
<tr><th>ઈન્પુટ</th><th>પરિણામ</th></tr>
<tr><td>પ્રવાસન વિકાસ પ્રયત્નો</td><td rowspan="2">સેવા ક્ષેત્ર વિકાસ<br>વ્યાપાર અને વાણિજ્ય વિકાસ<br>સમગ્ર સ્થાનિક Infrastructure વિકાસ ઊચ્ચ સિક્ષણ વ્યવસ્થાનું સ્વ રોજગાર સાથે જોડાણ/ રોજગાર સંભાવના વૃદ્ધિ.</td></tr>
<tr><td>સ્થાનિક અમ્પાવરમેંટ પ્રયત્નો</td></tr>
<tr><td></td><td>પ્રસ્તુત યોજના દરખાસ્તને વિવિધ અંગોને વ્યક્તિગત જોતાં પહેલા તેનું સમગ્ર સ્વરૂપ (વિહંગાવલોક્ન) સમજવું અગત્યનું છે.<br>VISAMO (Various Integrated Supported Activities to Mobilize Tribal Tourism<br>
</td></tr>
</table>

## સ્થાનિક ગ્રામીણ આદિવાસી યુવા શશક્તિકરણ (તાલીમ કાર્યક્રમો) અને સ્વરોજગાર માટે પ્લેટફોર્મ પુરુ પડવું

**Empowered Rural Tribal Youth (Training Programmes) and Provide Platform to Self-Employment**

**VISAMO** is proposed Program according our nature of
Because our university has tendency that around 85 Per cent of total students are registered from the remote areas of Gujarat every year. Where the tourism development scoops expending






### 4.2.1 **યોજનાના મૂળભૂત લક્ષણો**

યોજનાના તેના મૂળભૂત પ્રશ્નો જે નીચે મુજબ વર્ણવ્યા છે તેના જવાબો માંગેશે.

ઉપરોક્ત પ્રસ્તાવિત યોજનાના સંદર્ભમાં પહેલો પ્રશ્ન ઉદભવે કે શા માટે આ યોજના? આ પ્રશ્નના સંદર્ભમાં કહી શકાય કે નીચે મુજબની જોગવાઈઓને લઈને આ યોજના ઇચ્છવા યોગ્ય છે.

1. પ્રવાસન ઉદ્યોગ એ ઉદ્ભવ પામતી વર્તમાન સમયની એક બહુ મોટી સંભાવના છે. વિશ્વ આખામાં પ્રવાસન ઉદ્યોગ ખૂબ મોટા પ્રમાણમાં વિસ્તરી રહ્યો છે જેને ધ્યાનમાં લઈને ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પણ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાની બહુ મોટી શક્યતાઓ રહેલી છે જે સંદર્ભમાં પ્રસ્તુત યોજના નો વિચાર કરવામાં આવેલ છે જે અંતર્ગત ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ થકી સ્થાનિક લોકોની રોજગારી સર્જન કરવા માટેની મહત્વકાંક્ષા રાખવામાં આવેલી છે.
2. યુવકો ને સીધો જ રસ પડે તેવી આ પ્રવૃત્તિ: સામાન્ય રીતે આદિવાસી યુવકો વિવિધ કૌશલ્ય અને પોતાના શરમાળ સ્વભાવના લઈને અન્ય ઉદ્યોગોમાં પ્રવૃત્તિ થવું તેમને માટે થોડે અવશે સંઘર્ષ સર્જન કરે છે. પ્રસ્તુત પ્રવાસન ઉદ્યોગ તેમના જ પ્રદેશમાં હોય અને તેમના જ પર્યાવાસમાં હોય તેમના માટે ખૂબ જ રસપ્રદ અને આનંદદાયક આ પ્રવૃત્તિ છે સંભવતઃ આ પ્રવૃત્તિમાં આદિવાસી યુવાઓ ખૂબ જ ઉત્સાહથી રોજગારી મેળવશે.

3. શ્રમ મુલક ઉદ્યોગ: અન્ય ઉદ્યોગોની તુલનામાં પ્રવચન ઉદ્યોગ ખૂબ જ મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરે છે. અર્થશાસ્ત્રની ભાષામાં જો કહેવામાં આવે તો પ્રવચન ઉદ્યોગની રોજગારી સાપેક્ષતા અત્યંત ઉંચા પ્રમાણમાં છે. ખૂબ જ ઓછા મૂડી રોકાણે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરી શકતી આ પ્રવાસનની પ્રવૃત્તિ વિકાસ પામશે તો સ્થાનિક ક્ષેત્રમાં ઉદ્યોગો માટે બહુ જ મોટી શક્યતાઓ નિર્માણ થઈ શકે તેમ છે.
4. મૂડી રોકાણનું ઓછું પ્રમાણ: પ્રસ્તુત પ્રવચન ઉદ્યોગ તે ખૂબ જ ઓછા મૂડી રોકાણ ની સામે ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી સર્જન આપવાની શક્યતા દર્શાવે છે. હા સંભાવના ને ધ્યાનમાં રાખીને ખૂબ ઓછા મૂડી રોકાણ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરવા માટે આદિવાસી આંતરિયાળ ક્ષેત્રોમાં આ પ્રકારનો પ્રવાસન ઉદ્યોગ વિકાસ પામે તે અત્યંત આવકારદાયક બાબત છે.

### 4.2.2 પ્રવાસનના સ્વરૂપો

1. વનવિહાર: જે અંતર્ગત આદિવાસી પ્રદેશોમાં આવેલા વન પ્રદેશોની મુલાકાત અને કુદરત સાથેનો તેમનો પ્રત્યક્ષ અનુભવ.
2. આદિવાસી પ્રવાસન: જે અંતર્ગત વિવિધ આદિવાસી પ્રદેશોમાં બોલાતી ભાષાઓ તેમની રહેણી કરણી તેમની રીત ભાત તેમના વસ્ત્રો તેમની ખાણીપીણી વગેરેનો પરિચય કેળવાય તે રીતની આદિવાસી સંસ્કૃતિનો સંપર્ક અને અનુભવ કરાવતી પ્રવચન પ્રવૃત્તિ.
3. ઇકો ટુરીઝમ: જે અંતર્ગત સ્થાનિક ફ્લોરા અને ફોના નો પરિચય કરાવતી પ્રવાસન પ્રવૃત્તિ.
4. સ્ટેચ્યુ ઓફ યુનિટી: વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામી રહેલ આ સ્થળ અને તેની આસપાસના પ્રદેશોમાં પ્રવાસનની બહુ જ મોટી શક્યતાઓ છે. આ શક્યતાઓને ધ્યાનમાં લઈને સંપૂર્ણ આદિવાસી પટ્ટીમાં પ્રવાસન વિકસે તે મુજબનો આયોજન.
5. ઐતિહાસિક પ્રવાસન: આદિવાસી ઇતિહાસનો પોતાનો અલાયદો ઇતિહાસ છે આ આદિવાસી ઇતિહાસની ઝાંખી પરિચય અને અનુભવ કરાવતી પ્રવચન પ્રવૃત્તિ આ અંતર્ગત વિકસાવવા માટેની આ દરખાસ્ત છે.
6. એડવેન્ચર ટુરિઝમ: આદિવાસી વિસ્તારો ડુંગરાડ ખીણપ્રદેશો અને જંગલ પ્રદેશો ધરાવતા અત્યંત સમૃદ્ધિ વાળા કુદરતી વિસ્તારોમાં આવેલા છે. અહીં એડવેન્ચર ટુરિઝમ ના વિકાસ માટે પૂરતી શક્યતાઓ રહેલી છે.

7. શૈક્ષણિક પ્રવાસન:ઉપરોક્ત સમાવિષ્ટ થયેલા પ્રવાસો ઉપરાંતમાં પ્રત્યેક પ્રવાસન પ્રકારના થોડા થોડા હિસ્સાને ધ્યાનમાં રાખીને જે તે વિદ્યાર્થી સમૂહને જે તે જરૂરિયાત હોય તે મુજબ સ્પેશિયલ પેકેજ અનુસારના શૈક્ષણિક પ્રવાસ પણ આયોજન કરી શકાય તેમ છે

**4.2.3 પ્રકલ્પ સ્વરૂપે યોજના કાર્યન્વયન કરવા માટે ની જરૂરિયાતો:**

**જો કોઈ સંસ્થા આ યોજના હેઠળ પ્રકલ્પ સ્વરૂપે યોજના કાર્યન્વયન કરવા માગે તો તેની પ્રકલ્પ દરખાસ્ત નીચે પ્રમાણેની મૂળભૂત વિગતો સમાવિષ્ટ કરતી હશે. ઉદાહરણ સ્વરૂપે જો ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા VISAMO પ્રકલ્પની પ્રથમ દરખાસ્ત મૂકવામાં આવે તો તેના મૂળભૂત લક્ષણો/ માહિતી નીચે પ્રમાણે હશે.:**

| | |
|---|---|
| Experience | **Accordingly, the education system of our University**<br><br>It include regular participation in community work, residential life, social service, community prayers, simple and self reliant living, study tours and field studies and training in Craft Work.<br>The program of education has been linked with the national needs of rural uplift with a view to promote education conductive to the grass -root levels of the society.<br>The chief concern of the Gujarat Vidyapith is to conduct experiments in various fields of education with a view to develop the application of Gandhian thought and way in all aspects of education<br><br>**Though University has Experience of multiple training programs and project but proposed program is unique by nature.**<br>**University has close network with 'Ashram Shalas' and NGO working at remote areas. University has huge alumni belonging remote tribal areas of Gujarat.** |

| | |
|---|---|
| Achievement / Certification | Gujarat Vidyapith is an University recognised and funded by University Grant Commission, it is working in academic sphere and accredited A Grade by NAAC<br>University has integrated system of education, from Nursery & Basic Schools to Higher Secondary and from Bachelors to Master, M. Phil. & Doctorate level degree in various disciplines<br><br>**Our unique education system**<br>Include regular participation in community work, residential life, social service, community prayers, simple and self reliant living, study tours and field studies, Hand spinning and training in Craft Work. The program of education has been linked with the national needs of rural uplift with a view to promote education conductive to the grass - root levels of the society. The chief concern of the Gujarat Vidyapith is to conduct experiments in various fields of education with a view to develop the application of Gandhian thought and way in all aspects of education<br>**Time by time university awarded by society formally and informally** |
| Future Plans / Expansion | **University Proposed online platform and training programs for tourism and hospitality**<br>There is a huge potential for future expansions<br>University has larger network with ashram shalas and NGOs university expected to join them as an nodal agencies for training programs. |
| Industry Linkages | Through this proposed programme University contribute towards its social concern with remote areas development to provide alternative employment opportunity,<br>Hence Proposal is about to Mitigate with future Expansion of Tourism Industry in Gujarat.<br>**Proposal is also about to promote tourism industry in Gujarat Though there is no prior formal industry linkages** |

## Location of the Proposed Training Centre

| | | |
|---|---|---|
| Anchor Institute | Gujarat Vidyapith Campus, Ahmedabad. | Village Sadra & Randheja: Rural Campus at Gandhinagar. |
| Nodal Institute | Tribal remote district | Institute from our own ashramshala network. |

| | | |
|---|---|---|
| Nodal Institute | Non- Tribal remote location | Institute from NGOs/GOs. |

| Sr. No. | Proposed Courses | Duration (Hours) | At Anchor Batches for 1st year | At Anchor Batches for 2nd -5th year | No. of Trainees Per Batch | Qualification | Certificate | Fees per Trainee |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | At Nodal Batches for 1st year | At Nodal Batches for 2nd -5th year | | | | |
| 1 | Hospitality (Home Stay Service Provider) | 60 | | | | | | |
| 2 | Hospitality (Home Stay Service Provider) | 60 | | | | | | |
| 3 | Hospitality (Tribal Tour Guide service provider) | 60 | | | | | | |
| 4 | Hospitality (Tribal Tour Vehicles service provider) | 60 | | | | | | |
| 5 | Adventure Tour Service Provider | 60 | | | | | | |

Here we mention Some of the courses the remaining courses are described in proposal submitted to CED

**Yearly Projection of No. of Trainees**

| Year | 1st Year | 2nd Year | 3rd Year | 4th Year | 5th Year | Total |
|---|---|---|---|---|---|---|
| No. of Trainees (For Anchor Institutes) | | | | | | |
| No. of Trainees (For Nodal Institutes) | | | | | | |
| | | | | | | |
| **Year** | **1st Year** | **2nd Year** | **3rd Year** | **4th Year** | **5th Year** | **Total** |
| No. of Batches (For Anchor Institutes) | | | | | | |
| No. of Batches (For Nodal Institutes) | | | | | | |

**Proposed Financial Budget**

| Particulars | Amount INR (Lakhs) | |
|---|---|---|
| **Capital Expenditure(Anchor Institute) [A]** | **Proposed** | **Eligible** |
| Cost of New / Refurbishing the Existing Building | Nil | |
| Cost of Furniture & Fixtures | Nil | |

| | | |
|---|---|---|
| Cost of Electrification Work | Nil | |
| Cost of Machinery and/or Equipment | Estimated in online proposal | |
| Cost of Tools | Do | |
| Other Project Cost related Investment | Do | |
| Pre-operating Expenses | Do | |
| Contingency<br>*Note: As per the GR No. CED-112015-24553-I dated 01.04.2015, point No. 2.6.1 (iv) on page no. 4, "Contingency expenditure maximum up to 3% of the capital expenditure will be eligible."* | Do | |
| **Total [A]** | | |
| Operating/Recurring Expenditure(Anchor Institute) [B] | Nil | |
| Administrative Expenditure<br>(Details / Justification) | Nil | |
| External Faculty Honorarium<br>(Details / Justification) | Nil | |
| Cost of Office Consumables (Stationary / Printing / Electrical, etc.)<br>(Details / Justification) | Nil | |
| Communication Expenses (Postage/ Telephone Bill / Internet/ Advertisement / Website / Fax)<br>(Details / Justification) | Nil | |

| | | |
|---|---|---|
| TA / DA of Faculty<br>(Details / Justification) | Nil | |
| Maintenance of Training Equipment<br>(Details / Justification) | Nil | |
| Outside Expert/Consultancy Services<br>(Details / Justification) | Nil | |
| Training Expense (Training Material / Third Party Inspection Expenses / Training / Inauguration / Reasonable Hospitality Expenses for training of faculty)<br>(Details / Justification) | Nil | |
| Meeting Expenses<br>(Details / Justification) | Nil | |
| Course Development / Upgradation / Modification Fees, Research work (Applicable for Scheme-1 only)<br>(Details / Justification) | Nil | |
| Miscellaneous/Contingency Expenses<br>(Details / Justification) | Nil | |
| **Total [B]** | Nil | |
| **Total [A + B]** | | |

**Proposed Cost of New Equipment & Machineries**

| **Sr. No** | **Name of the Equipment & Machineries** | **Qty. (Nos.)** | **Cost Per Item (INR) (Approx.)** | **Total Cost INR (Approx.)** |
|---|---|---|---|---|
| 1 | As per mention in online Proposal | | | Estimated in online proposal |

| | | |
|---|---|---|
| | **TOTAL COST** | Estimated in online proposal |

**Proposed Cost of Tools**

| Sr. No. | Name of the Tools | Qty. (Nos.) | Cost Per Item (INR) (Approx.) | Total Cost INR (Approx.) |
|---|---|---|---|---|
| 1 | As per mention in online Proposal | | | Estimated in online proposal |
| **Total Cost** | | | | Estimated in online proposal |


**Year wise Budget Projection for 5 Years:**

| Institute & Head of Expenses | | Budget Amount in INR (Lakhs) | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 1st Year | 2nd Year | 3rd Year | 4th Year | 5th Year | Total |
| **Anchor** | **Capital** | | | | | | |
| | **Operating** | | | | | | |
| **Nodal** | **Capital** | | | | | | |
| | **Operating** | | | | | | |
| **Total** | | | | | | | |

## 4.3 બ્રાન્ડ જરૂરિયાત અને તેના સંદર્ભની દરખાસ્ત

**આદિવાસી અર્થતંત્રને ધબકતું કરવા માટે તેમની પોતાની બ્રાન્ડ જરૂરિયાત અને તેના સંદર્ભની દરખાસ્ત:**

આદિવાસી સેવા અને વસ્તુના ઉત્પાદન વધારવા અને તેના દ્વારા સ્થાનિક રોજગારી સર્જન કરવા માટે આદિવાસી વસ્તુ અને સેવાઓનું બજાર વિસ્તારવું અનિવાર્ય છે. આદિવાસી ઉત્પાદનો અન્ય પરિબળોની સાથે સાથે વેચાણ વ્યવસ્થાના અભાવે પણ બજાર વિસ્તરણમાં ઘણી મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આદિવાસી ઉત્પાદનોમાં બહુજ મોટા પાયા ઉપર વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યના કારણે આદિવાસી ઉત્પાદનોની કોઈ એક વસ્તુ કે એક સેવાની જાહેરાત (પબ્લિસિટી) અથવા પ્રચાર પ્રસાર કે પ્રમોસન કરવું લગભગ અશક્ય છે. આદિવાસી વસ્તુ અને સેવાની ગુણવત્તાના તફાવતો અત્યંત વિસ્તૃત ફલક ઉપર પથરાયેલ છે. આ પરિસ્થિતિમાં આદિવાસી ઉત્પાદનોનું સ્થાનિક કક્ષાએ ઉત્પાદન વૃદ્ધિ કરીને સ્થાનિક કક્ષાએ રોજગારી વૃદ્ધિના નાના પ્રયાષો તેમનું નિર્ધારિત લક્ષ હાંસલ કરી શકતા નથી. અંતિમ પરિણામ એ આવે છે કે "આદિવાસી ઉત્પાદન વૃદ્ધિ દ્વારા સ્થાનિક કક્ષાએ નીચા રોજગારી સર્જનનું વિષચક્ર" અસ્તિત્વમાં આવે છે જેનું નિરૂપણ નીચેના ચાર્ટમાં કરવામાં આવેલ છે.




આ વિષચક્ર ને કોઈ એક બિંદુ આગળથી છેદ કરવામાં આવે તો જ આ વિષચક્ર માથી મુક્તિ મેળવી શકશે. વિષચક્ર ને છેડવા માટેનો એક પ્રસ્તાવ છે, "આદિવાસી ઉત્પાદનો અને સેવાઓનું અલાયદી બ્રાન્ડ સાથે માર્કેટિંગ". માર્કેટિંગના વર્તમાન યુગમાં બ્રાન્ડ ઘણું મહત્વ ધરાવે છે. વળી એક અલાયદી બ્રાન્ડ દ્વારા જાહેરાત અને પ્રચાર પણ ખૂબ સરળતાથી કરી શકાય છે. આ ઉદ્દેશથી ગુજરાતનાં તમામ આદિવાસી ઉત્પાદનો વસ્તુઓ અને સેવાઓ એકજ બ્રાન્ડ સાથે જોડી માત્ર બ્રાન્ડ વેલ્યૂ પ્રસ્થાપિત કરી વેચાણ પ્રોત્સાહનની યોજના. દા:ત જો TARANG બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવેતો નીચે મુજબ વેચાણ પ્રોત્સાહન ઊભા કરી શકાય.

| | |
|---|---|
| **આદિવાસી ઉત્પાદનો અને સેવાઓનું અલાયદી બ્રાન્ડ સાથે માર્કેટિંગ**<br>**માર્કેટિંગના વર્તમાન યુગમાં બ્રાન્ડ ઘણું મહત્વ ધરાવે છે. વળી એક અલાયદી બ્રાન્ડ દ્વારા જાહેરાત અને પ્રચાર પણ ખૂબ સરળતાથી કરી શકાય છે. આ ઉદ્દેશથી ગુજરાતનાં તમામ આદિવાસી ઉત્પાદનો વસ્તુઓ અને સેવાઓ એકજ બ્રાન્ડ સાથે જોડી માત્ર બ્રાન્ડ વેલ્યૂ પ્રસ્થાપિત કરી વેચાણ પ્રોત્સાહનની યોજના.**<br>**દા:ત જો TARANG બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવામાં આવેતો નીચે મુજબ વેચાણ પ્રોત્સાહન ઊભા કરી શકાય** | |
| **T** | **T**ribal |
| **A** | **A**rt & Craft by |
| **R** | **R**egional |
| **A** | **A**rtist with |
| **N** | **N**atural resources of |
| **G** | **G**ujarat |
| **TARANG – The Resonance** | |
| **ગુજરાતનાં પ્રાદેશિક આદિવાસીઓ દ્વારા અને કુદરતી સંશાધનોથી નિર્મિત કળા કારીગરી** | |


નાના નાના પ્રમાણમા અત્યંત ઓછા/નીચા સ્તરે જે આદિવાસી વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન કરી રહેલ છે, તેમનું વિજ્ઞાપન પ્રત્યેક ઉત્પાદન માટે કરવું અત્યંત ખર્ચાળ સાબિત થશે. આ સંજોગોમાં આ વૈવિધાતા ધરાવતા તમામ સેવાઓ અને વસ્તુઓ એકજ "TARANG " બ્રાન્ડ હેઠડ વિજ્ઞાપન કરી લોકમાનસ સુધી આ ઉત્પાદનો ખુબજ નીચા ખર્ચા સાથે પોહોંચાડી શકાશે. આ પ્રયત્નમાં વસ્તુ અને સેવા ક્ષેત્રના વૈવિધ્યાને નકારવામાં આવતું નથી, આમ છતાં તેમાં એકસૂત્રતા લાવી શકાશે. આ એક સૂત્રતાની મદદથી માત્ર વિજ્ઞાપન કરવામાં આવશે. આમ બ્રાન્ડ TARANG ની મદદથી આ ઉત્પાદનો લોકમાનસ સુધી પોહચી જશે. લોકમાનસ સુધી પોહોંચેલ TARANG બ્રાન્ડ ધીરે-ધીરે માંગ વૃદ્ધિમાં પરિણામશે, માંગ વૃદ્ધિ ઉત્પાદન કદ વૃદ્ધિ વૃદ્ધિ અને ઉત્પાદન નિયમિતતામાં પરિણામશે. આ સંજોગોમાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે. જેના પરિણામ સ્વરૂપ બજારની હરીફાઈમાં કિમત ઘટાડી બજાર વિસ્તરણની નીતિ પણ અપનાવી શકાશે. નિયમિત ઉત્પાદન પ્રક્રિયા ઉત્પાદનની પ્રક્રિયા ગુણવતા સુધારમાં પરિણામશે. કિમત ઘટાડો અને ગુણવત્તા સુધારો બજાર વિસ્તરણને મોટા પાયા ઉપર પ્રભાવિત કરશે જે ઉત્તરો ઉત્તર વધુ ને વધુ ઉત્પાદન વૃદ્ધિ અને ઉત્પાદન નિયમિતતામાં પરિણામશે. આમ આદિવાસી ઉત્પાદનોની વૃદ્ધિ દ્વારા સ્થાનિક નીચી રોજગારી સર્જનનું વિષચક્ર હવે આદિવાસી ઉત્પાદનોની વૃદ્ધિ દ્વારા સ્થાનિક ઊંચી રોજગારી સર્જનના અમૃતચક્રમાં પરિણામશે. અહી TARANG બ્રાન્ડ દ્વારા આદિવાસી ઉત્પાદનો ને કેવી રીતે માર્કેટિંગ કરી શકાશે તેના થોડા ઉદાહરણ આપેલ છે. એક બાદ એક તેની માહિતી મેળવીશું.



Feel
TARANG
The natural cure center
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


DANCE WITH
TARANG
The Folk Dance Group
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of


Experience
TARANG
The Tradition Home stay
(With Modern Facilities)
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


TARANG
The traditional
Restaurant
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


TARANG
Tribal fruits & vegetable shop
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


THE PRODUCT OF
TARANG
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


TARANG
TOURIST SERVICE PROVIDER
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


TARANG
The Gift Shop
Tribal
Art & Craft by
Regional
Artist with
Natural resources of
Gujarat


(1) આદિવાસી કુદરતી ઉપચાર કેન્દ્ર:




ગુજરાતનાં ઘણા આદિવાસી પ્રદેશોમાં વિવિધ પ્રકારની કુદરતી ઉપચાર પદ્ધત્તિઓનો વિકાસ થયેલ જોવા મળે છે. આદિવાસી પ્રદેશના ઉપચારમાં વૈજ્ઞાનિક અને અવૈજ્ઞાનિક એમ બન્ને પ્રકારના ઉપચાર થતાં જોવા મળેછે. જ્યાં એક બાજુ એ અંધશ્રદ્ધા અને ભગત ભૂવાઓ દ્વારા અવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સ્વાસ્થ્ય જોખમ ઊભા થયાના દાખલા વિવિધ માધ્યમોમાં પ્રસિદ્ધ થતાં રહ્યા છે. બીજા પક્ષે આજ પરંપરાગત આદિવાસી ભગત ભુવાના આદિવાસી કુદરતી ઉપચાર દ્વાર ઘણી અસાધ્ય સ્વાસ્થ્ય સમષ્યઓ નિવારણના વિવિધ કિસ્સાઓ પ્રસિદ્ધ થયેલ છે. આદિવાસી ભાતીગળ જાળિબુટી અને ઔષધિય જ્ઞાન ઘણા કિસ્સાઓમાં કારગત અને સ્વીકૃત પામેલ છે. આ સ્વીકૃત પામેલ જ્ઞાનના ઉપયોગ થકી આદિવાસી કુદરતી ઉપચાર કેન્દ્રને તેના સમાન ધારા ધોરણો અને માપદંડો અને માનકો દ્વારા પ્રસ્થાપિત કરવાને ઘણો મોટો અવકાસ છે. ઉપરોક્ત વિચારને કેન્દ્રમાં રાખી આદિવાસી કુદરતી ઉપચાર કેન્દ્રની દરખાસ્થ છે.

જોકે પ્રસ્તુત દરખાસ્ત તેના સ્વરૂપને જોતાં ઘણા મોટા પ્રમાણમા જિનવટ પૂર્વકની ચિંતન માગી લે છે. આ પ્રકારના કેન્દ્રોને તેની કાર્ય-ક્ષેત્રની સીમામા બાંધવા પડશે. આદિવાસી કુદરતી ઉપચાર કેન્દ્ર માટેના કડક માનકો અને આ ધારા-ધોરણોના અમલ માટે નિયમિત તપાસ એજન્સીઓનું નિર્માણ પણ કરવું પડશે.

(2) આદિવાસી લોક નૃત્ય સમૂહ / આદિવાસી સાંસ્કુતિક કાર્યક્રમ વૃંદ/ આદિવાસી લોકસંગીત વૃન્દ:





ગીત સંગીત અને નૃત્ય આદિવાસી સંસ્કૃતિનું અભિન્ન અંગ રહ્યું છે. સદીઓથી લોક મુખે ગવાયેલ અને આ સંગીતના તળે જુમેલ આદિવાસી સમાજ આજે પણ પોતાના આ ગીત સંગીત અને નૃત્ય માટે ઘણું માન સન્માન ધરાવે છે. બદલાતા આધુનિક સમયની બદલાતી ટેક્નોલોજી આદિવાસી સમાજમાં મનોરંજન ક્ષેત્રે ઘણી ત્વરિત સ્વીકાર્ય બને છે તે અનુભવાયેલ છે. આદિવાસી લોક નૃત્ય સમૂહ / આદિવાસી સાંસ્કુતિક કાર્યક્રમ વૃંદ/ આદિવાસી લોકસંગીત વૃન્દ જેવા વિવિધ મનોરંજન અને પ્રાદેશિક સંસ્કૃતિનું પ્રતિબિંબ ધરાવતા કલાકારોના સમૂહને વ્યાવસાયિક ધોરણે પ્રોત્સાહન પૂરું પાડી સ્થાનિક રોજગારી સર્જન કરવાને ઘણો મોટો અવકાશ રહેલો છે. વધતાં જતાં અને ભવિષ્યમાં જેનો ઘણો જ જડપી વિકાસ થવાનો છે તે ગુજરાતનું આદિવાસી પ્રવાસન આ પ્રકારના વ્યાવસાયિક કલાકારોના સમૂહોને ખૂબ મોટા પ્રમાણમા રોજગારી આપશે તેવી અપેક્ષા અસ્થાને નથી. આ પ્રકારના સેવા ક્ષેત્રના વિકાસ દ્વારા જ્યાં એક બાજુ સ્થાનિક આદિવાસી યુવાઓમાં રોજગારી સર્જન સ્થાનિક ક્ષેત્રે શક્ય બને છે, તો બીજી બાજુ આ પ્રકારના આદિવાસી લોક નૃત્ય સમૂહ / આદિવાસી સાંસ્કુતિક કાર્યક્રમ વૃંદ/ આદિવાસી લોકસંગીત વૃન્દ દ્વારા પરદેશની સ્થાનિક કળાઓને યોગ્ય એટલેકે આજીવિકા આપતું મંચ પ્રાપ્ત થતાં આ પ્રકારની કળાઓ જીવંત બની જાય છે આમ બન્ને પક્ષે આદિવાસી સમાજના ફાયદાને જોતાં આવા આદિવાસી લોક નૃત્ય સમૂહ / આદિવાસી સાંસ્કુતિક કાર્યક્રમ વૃંદ/ આદિવાસી લોકસંગીત વૃન્દના નિર્માણ અને પ્રોત્સાહનની નીતિ સરકાર દ્વારા ઘડવામાં આવે તે ઇચ્છનીય છે.

(૩) આદિવાસી 'હોમ સ્ટે' પરંપરાગત આદિવાસી સમાજમાં રાત્રિ-રોકાણ વ્યવસ્થા:




અગાઉ પણ આ બાબતનો ઉલ્લેખ થયેલ છે, કે આગામી દિવસોમાં ગુજરાત રાજ્યની આદિવાસી પૂર્વ પટ્ટીમાં ખુબજ મોટા પ્રમાણમા પ્રવાસન ઉદ્યોગ વિકાસ થવાનો છે. આ પ્રવાસન ઉદ્યોગનો ખુબજ મોટો હિસ્સો આદિવાસી પ્રવાસન, પર્યાવરણ પ્રવાસન, એડ્વેંચર પ્રવાસન હશે તેવી અપેક્ષા રાખવામા આવી રહી છે. ઉપરોક્ત વર્ણવેલ પ્રવાસન પ્રકારોના પ્રોત્સાહન માટે ગુજરાત સરકાર દ્વારા પણ ઘણા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ ક્ષેત્રે આદિવાસી 'હોમ સ્ટે' પરંપરાગત આદિવાસી સમાજમાં રાત્રિ-રોકાણ વ્યવસ્થા નિર્માણ કરવા માટે જરૂરી પાયાની વ્યવસ્થા જો સરકાર દ્વારા આદિવાસી સમાજમાં પૂરી પાડે તો આદિવાસી સમાજ દ્વારા આ ક્ષેત્રે ખૂબ જ સારો પ્રતિસાદ આપે તેવી સંભાવનાઓ છે. ગુજરાત ટુરિજમ દ્વારા હોમ સ્ટે અંગેના ધારા ધોરણો અને નોંધણી દિશા નિર્દેશનો પણ ઘડવામાં આવેલાજ છે. જો ગુજરાત સરકારના પ્રવાસન મંત્રાલય અને આદિવાસી વિકાસ મંત્રાલય સાથે મળી આ દિશામાં યોગ્ય પગલાં ભારે તો આ ક્ષેત્રમાં એટ્લે કે આદિવાસી 'હોમ સ્ટે' પરંપરાગત આદિવાસી સમાજમાં રાત્રિ-રોકાણ વ્યવસ્થા દ્વારા સ્થાનિક ક્ષેત્રે બહુ મોટા પ્રમાણમા સ્થાનિક લોકોને ઘરે બેઠા રોજગારી સર્જનને અવકાસ રહેલો છે.

(4) આદિવાસી ભાતીગઢ રેસ્ટોરેંટ




આ બાબતની ચર્ચાની પ્રારંભમાં પણ એ બાબતનો ઉલ્લેખ કરવો જ રહ્યો કે આગામી દિવસોમાં ગુજરાત રાજ્યની આદિવાસી પૂર્વ પટ્ટીમાં ખુબજ મોટા પ્રમાણમા પ્રવાસન ઉદ્યોગ વિકાસ થવાનો છે. આ પ્રવાસન ઉદ્યોગનો ખુબજ મોટો હિસ્સો આદિવાસી પ્રવાસન, પર્યાવરણ પ્રવાસન, એડ્વેંચર પ્રવાસન હશે તેવી અપેક્ષા રાખવામા આવી રહી છે. ઉપરોક્ત સંભાવના જોતાં આદિવાસી પ્રદેશોના અંતરિયાળ વિસ્તારોમાં પણ નિયમિત રીતે પ્રવાસી વિચરણ કરતાં હશે. આદિવાસી વિસ્તારોમાં બિન આદિવાસી રેસ્ટોરન્ટ પ્રસ્થાપિત થવાનો દોર ઘણો જડપી છે, તેવા સંજોગોમાં જો પ્રાદેશિક જનતાને પ્રોત્સાહિત કરી જરૂરી પાયાનું જ્ઞાન આપવામાં આવે તો આ પ્રદેશોમાં આદિવાસી ભાતીગઢ રેસ્ટોરેંટ દ્વારા સ્થાનિક રોજગારી સર્જનને અવકાશ રહેલો છે. અહી બિન આદિવાસી ક્ષેત્રના લોકો દ્વારા બિન આદિવાસી/ આધુનિક રેસ્ટોરન્ટ ઊભા થશે તો તેમાં આદિવાસી યુવાઓ માત્ર નોકર/વેટર બનીને રહેશે જેમાં ભાવિ વિકાસ ના બરાબર છે, શોષણને પૂરતો અવકાશ છે. જો આદિવાસી ભાતીગઢ રેસ્ટોરેંટ વિકાસ પામશે તો તેમાં આદિવાસી સ્થાનિક યુવા માલિક બનશે અને ભવિષ્યમાં અસીમિત વિસ્તાર પામશે. પોતાની મરજી મુજબ કામ અને દામ નક્કી કરતો હશે તે સંભાવના જોતાં અહી આ પ્રકારના આદિવાસી ભાતીગઢ રેસ્ટોરેંટ વિકાસ માટે રાજય સરકાર પ્રોત્સાહક પગલાં ભારે તે માટે સૂચન કરવામાં આવેલ છે.

(5) આદિવાસી ભાતીગઢ ફળફલાદી, શાકભાજી ફૂલ ઓષધીય વનસ્પતિઓ અને જડીબુટીઓ:




જે આદિવસી વિસ્તારોમાં મોટા હાઈવે પસાર થાય છે. જે પ્રદેશોમાં મોટા પ્રમાણમા પ્રવાસી મુલાકાતે આવે છે. તેવા ઓળખાયેલા પ્રદેશોમાં જો સરકાર દ્વારા એક વ્યવસ્થિત સુવિધાઓ અને ખાતરી આપતું બજાર સ્થળ વિક્સાવામાં આવે તો આ સ્થળ ઉપર અધિકૃત આદિવાસી વ્યાપારીઓ પોતાના નિશ્ચિત સ્થળે અને નિશ્ચિત વસ્તુઓનો વ્યાપાર કરી શકે. આ પ્રકારની વ્યવસ્થાઓમાં મુખ્યત્વે આદિવાસી ભાતીગઢ ફળફલાદી, શાકભાજી ફૂલ ઓષધીય વનસ્પતિઓ અને જડીબુટીઓ જેવી વસ્તુઓ માટે આલયદિ વ્યવસ્થા હશે. આ પ્રયત્ન દ્વારા જે તે પરંપરાગત આદિવાસી ભાતીગઢ ફળફલાદી, શાકભાજી ફૂલ ઓષધીય વનસ્પતિઓ અને જડીબુટીઓના ઉત્પાદન વધારા દ્વારા આદિવાસી ક્ષેત્રોમાં રોજગારી સર્જન કરવાનું ધ્યેય રાખવામા આવે છે. જો કે આ પ્રકારના આદિવાસી બજારો વિકસાવવા અને તેને નિભાવવા સતત નિયમન જરૂરી રહેશે, આમ કરવા માટે આવા બજાર ઉપર સતત નિયંત્રણ અને સતત અંકુશ અનિવારી થઈ પડશે. આ પ્રકારના બજારના નિર્માણ દ્વારા જ્યાં એક બાજુ જે તે હાઇવે અથવા પ્રવાસન સ્થળ ઉપર સુવિધાઓનું નિર્માણ થાય છે ત્યાં બીજી બાજુ તે આદિવાસી સમાજમાં સ્વરોજગાર અને રોજગારી સર્જન તો કરે જ છે. આ પ્રત્યક્ષ ફાયદા ઉપરાંત આ પ્રકારના આદિવાસી ભાતીગઢ ફળફલાદી, શાકભાજી ફૂલ ઓષધીય વનસ્પતિઓ અને

જડીબુટીઓના ઉત્પાદન પ્રોત્સાહન પૂરું પડતાં તે લુપ્ત થવાના બદલે લોકોમાં લોકપ્રિય બનશે અને જે તે વનસ્પતિનો વિકાસ પણ થશે.

(6) આદિવાસી પરંપરાગત ઉત્પાદનો (હસ્તકળા કારીગરી, ખાધ્યસામગ્રીઓ (જેવીકે અથાણાં, પાપડ વગેરે), રમકડાં, વોલ પેંટીંગ, સુશોભન સામગ્રી વગેરે)




સરકારના ભૂતકાળના અને વર્તમાન સમયના મોટા ભાગના આદિવાસી રોજગારી વિકાસના પ્રયત્નો મુખ્યત્વે આદિવાસી પરંપરાગત ઉત્પાદનો જેવાકે હસ્તકળા કારીગરી, ખાધ્યસામગ્રીઓ જેમાં મુખ્યત્વે અથાણાં, પાપડ વગેરે નો સમાવેશ થાય છે આ ઉપરાંત વિવિધ આદિવસી પરંપરાગત રમકડાં, વોલ પેંટીંગ, સુશોભન સામગ્રી વગેરેના ઉત્પાદન અને તેના વેચાણ પ્રોત્સાહન માટેના રહ્યા છે. યોગ્ય એકસૂત્રતા અને એકજ બ્રાન્ડ ના હોવાથી જુદા જુદા પરદેશમાં વેચાતી જુદી જુદી વસ્તુઓ પોતાનું વસ્તુ વિશેષ પ્રોત્સાહન ઘણું ઓછું મેળવી રહેલ છે. જો સરકાર આ તમામ ઉત્પાદનો ઓળખી કાઢી તેને એક જ બ્રાન્ડ સાથે TARANG પ્રોડક્ટ કહી આ તમામ આદિવાસી પરંપરાગત ઉત્પાદનો (હસ્તકળા કારીગરી, ખાધ્યસામગ્રીઓ (જેવીકે અથાણાં, પાપડ વગેરે), રમકડાં, વોલ પેંટીંગ, સુશોભન સામગ્રી વગેરે)ને માત્ર એક બ્રાન્ડ ના પ્રચાર પ્રસાર થકી એકસૂત્રતા પૂર્વક પ્રોત્સાહિત કરી શકે છે માટે આ પ્રકારના આદિવાસી પરંપરાગત ઉત્પાદનો (હસ્તકળા કારીગરી, ખાધ્યસામગ્રીઓ (જેવીકે અથાણાં, પાપડ વગેરે), રમકડાં, વોલ પેંટીંગ, સુશોભન સામગ્રી વગેરે) એકસૂત્રતા પૂર્વક પ્રોત્સાહિત થાય તે માટે આ પગલાં સૂચવવામાં આવેલ છે.

(7) આદિવાસી વિસ્તાર અંતર્ગત આદિવાસી પ્રવાસન સેવાઓ :




વધુ એક વાર આ બાબતનો ઉલ્લેખ કરવો અનિવારી છે કે, આગામી દિવસોમાં ગુજરાત રાજ્યની આદિવાસી પૂર્વ પટ્ટીમાં ખુબજ મોટા પ્રમાણમા પ્રવાસન ઉદ્યોગ વિકાસ થવાનો છે. આ પ્રવાસન ઉદ્યોગનો ખુબજ મોટો હિસ્સો આદિવાસી પ્રવાસન, પર્યાવરણ પ્રવાસન, એડ્વેંચર પ્રવાસન હશે તેવી અપેક્ષા રાખવામા આવી રહી છે. ઉપરોક્ત સંભાવના જોતાં આદિવાસી પ્રદેશોના અંતરિયાળ વિસ્તારોમાં પણ નિયમિત રીતે પ્રવાસી વિચરણ કરતાં હશે. આવા સંજોગોમાં આદિવાસી યુવાઓને જો વિવિધ પ્રવાસન પૂરક સેવાઓના નિર્માતાઓ તરીકેની પ્રાથમિક તાલીમ આપીને કેળવવામાં આવશે તો આ ક્ષેત્રની ઘણી મોટી રોજગારી સ્થાનિક પ્રજાના હિસ્સે વહેંચાશે. આ પ્રકારની સેવાઓમા પ્રવાસીઓ માટે ગાઈડ સેવા, પ્રવાસીઓ માટે વિવિધ વાહન વ્યવસ્થા હોટેલ અને પ્રાદેશિક ધાબા (ભાતીગળ રેસ્ટોરેંટ) વગેરે ક્ષેત્રે આદિવાસી યુવા વર્ગને ભવિષ્યમાં સાકળી શકવાને આવકાશ રહેલ છે. આ સંભાવનાઓ જોતાં આ તમામ સેવાઓ એક બ્રાન્ડ હેઠળ એટ્લે કે TARANG આદિવાસી વિસ્તાર માટેની પ્રવાસન સેવાઓ વિકાસવામાં આવશે તો તેના પ્રોત્સાહન ને વધારે બળવતા પૂર્વક મોટા ખાનગી ઉધ્યોગો સાથે સ્પર્ધામાં ટકાવી શકશે.


(8) આદિવાસી વિસ્તાર પ્રવાસની સ્મૃતિ ભેટ/ મેમેંટો, અન્ય સ્થાનિક બનાવટો:




કોઈ પણ પ્રવાસને યાદગાર બનાવવા અને આ યાદગાર પ્રવાસની સ્મૃતિ ને કાયમી કરવા માટે મોટા ભાગના પ્રવાસીઓ પ્રવૃત હોય છે. મોટા ભાગના પ્રવાસન સ્થળોની આસપાસ જે તે સ્થળની સ્મૃતિ ચીર સ્મરણીય રહે તેવા સ્થળની યાદ અપાવતા વસ્તુઓ,મેમન્તો કે ચિન્હોનો ખૂબ મોટો વ્યાપાર વિકાસ પામેલો જોવામાં છે. આજ પ્રકારના વ્યાપાર વિકાસની શક્યતાઓ ગુજરાતનાં ભવિષ્યમાં વિસ્તારતા પ્રવાસન ઉધ્યોગ માટે પણ રાખી જ શકાય. જો ગુજરાત નો પ્રવાસન વિકાસ આદિવાસી વિસ્તારમાં થતો હોય અને આ પ્રવાસન સ્વરૂપ આદિવાસી પ્રવાસન હોય તો એ પ્રવાસની યાદગીરી માટે પણ આદિવાસી વિસ્તાર પ્રવાસની સ્મૃતિ ભેટ/ મેમેંટો, અન્ય સ્થાનિક બનાવટોની માગમાં સવિશેષ વૃદ્ધિ ભવિષ્યમાં થશે. જો આદિવાસી સ્થાનિક આ પ્રકારના ઉત્પાદનો ને એકસૂત્રતાથી સાકળી તેનું TARANG બ્રાન્ડ સાથે માર્કેટિંગ કરવામાં આવશે તો તેને બજારમાં હરીફાઈ કરવામાં વધારે સાનુકૂળતા હાંશલ થશે તેવા વિચાર સાથે આ દરખાસ્ત કરવામાં આવેલ છે. જેમાં પ્રવાસન સ્થળો ઉપર આ પ્રકારના બજાર નિર્માણ કરી સ્થાનિક તે બજારમાં અધિકૃત સ્થાનિક આદિવાસી વ્યાપારીઓને વેચાણ વ્યવસ્થા કરી આપવામાં આવશે. તમામાં આદિવાસી સ્થાનિક વ્યાપારીઓ એકજ બ્રાન્ડ સાથે વ્યાપાર કરતાં હશે તેવી આ વ્યવસ્થા વિચારેલ છે.

**બ્રાન્ડ વેલ્યૂ નિર્માણ પ્રક્રિયા:**

આ પ્રકારની આદિવાસી ઉત્પાદકોએ અને વેપારીઓ માટેની બ્રાન્ડ નિર્માણ કરવા અને તેનો વિકાસ કરવા એક નિયંત્રક કાયમી ધોરણે કામ કરતી નિયંત્રક એજન્સી અનિવાય થશે. જેનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.




કોઈ પણ બ્રાન્ડ પ્રસ્થાપિત કરવી તેની બ્રાન્ડ વેલ્યૂ વધારવી તે બ્રાન્ડ સાથે સંકળાયેલ તમામાં વ્યાપારીઓ ની સાથે સાથે તેના નિયંત્રકની મહેનત નું પરિણામ હોય છે.  પ્રસ્તુત TARANG બ્રાન્ડ જો બજારમાં પ્રસ્થાપિત થાય અને ઉત્તરો ઉત્તર તેની બ્રાન્ડ વેલ્યૂ વધારે તેવું પરિણામ જોઈતું હશે તો તેના માટે આકરા માનકો પ્રસ્થાપિત કરવા પડશે. જે તે વ્યાપારી કે ઉત્પાદક આ ધારા ધોરણો સાથે સમંત થાય પછી જ તે આ બ્રાન્ડ હેઠળ વ્યાપાર કરવા લાયક બનશે બનશે. સતત મૂલ્યાંક દ્વારા ક્વોલિટી જાણવાની જવાબદારી પણ નિયંત્રક એજન્સીની બની રહેશે. જે નીચે મુજબ સૂચવેલ છે.

**ગુણવત્તા જાળવણી અને ગુણવત્તા સુધાર પ્રક્રિયા:** બ્રાન્ડ વેલ્યૂ જેમ ખાનગી ક્ષેત્રે જાળવણી અને સુધારા માટે જેતે કંપનીનો પ્રમુખ વિષય હોય છે તેમ અહી પણ બ્રાન્ડ વેલ્યૂ જાળવણી અને સુધાર માટે જે તે સરકારી એજન્સી દ્વારા બ્રાન્ડ સાથે જોડાયેલ તમામ ઉત્પાદકોએ અને વ્યાપારીઓ ગુણવત્તા જાળવણી અને ગુણવત્તા સુધાર પ્રક્રિયા હેઠળ કયા પગલાં ભરેલ છે તેની સતત નિરીક્ષણ અને મૂલ્યાંક વ્યવસ્થા ઊભી કરવી અનિવાર્ય થઈ પડશે.

**ફેંચાઇજી માટેના ધારા ધોરણો**:બ્રાન્ડ સાથે જોડાવા માગતા વ્યાપારીઓ અને ઉત્પાદકોએ તેના નિર્ધારિત માનકો માથી પસાર થશે. નિર્ધારિત રીતિ નીતી પાલન કરશે. વ્યાપારની યોગ્ય રીતિનીતિ અને રીતરશમો જે આગાવથી નક્કી કરેલ હશે તેનું પાલન કરશે ત્યાં સુધીજ તેવો બ્રાન્ડ સાથે જોડાઈ શકશે. આમ ફેંચાઇજી માટેના ધારા ધોરણોના સતત પાલન દ્વારાજ બ્રાન્ડ સાથે જોડાઈ રહેવાશે. ગેરકાયદેસર રીતે બ્રાન્ડ ઉપયોગ કરનાર વ્યક્તિને અન્ય બ્રાંડના ગેરકાયદેસર ઉપયોગ બદલ જે અદાલતી કાર્યવાહીનો સામનો કરવો પડે છે તેવો સામનો અહી પણ બ્રાંડના ગેરકાયદેસર ઉપયોગ કરવા બદલ જે તે વ્યક્તિએ અદાલતી કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ પ્રકારની કાર્યવાહી કરવા માટેની જવાબદારી નિયંત્રક એજન્સીને સોપવામાં આવશે.

**માર્કેટિંગ માટેનું ઓનલાઈન પ્લેટફોર્મ**: એક વાર એક બ્રાન્ડ પ્રસ્થાપિત થશે પછી તે બ્રાન્ડ હેઠળ વ્યાપાર કે ઉત્પાદન કરતાં આદિવાસી સમાજના વિવિધ નિયોજકો માટે પોતાના વ્યાપાર ધંધાના વિકાસ કરવાના હેતુ માટે બ્રાન્ડ સાથેનું એક સૂત્રતા ધરાવતું માર્કેટિંગ માટેનું ઓનલાઈન પ્લેટફોર્મ પણ વિકસાવી શકશે. આ પ્રકારના માર્કેટિંગ માટેના ઓનલાઈન પ્લેટફોર્મ થકી વર્તમાન સમયમાં વ્યાપાર વૃદ્ધિ શક્ય બનાવી શકાય છે. વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે આ પ્રકારના માર્કેટિંગ માટેના ઓનલાઈન પ્લેટફોર્મ ની મદદ થી બજારની હરીફાઈ પણ વધુ દ્રઢતાથી કરી શકશે.

## 4.4 અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને ટેક્નોલૉજીના વ્યાપ માટેની દરખાસ્ત:

### 4.4.1.ગુજરાતનાં આદિવાસી વિધ્યાર્થીઓ માટે શિક્ષણ ક્ષેત્રે પરીવર્તન માંગ અને અવકાશ

ગુજરાત રાજયમાં આદિવાસી વિધ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે હજુ ઘણા પરિવર્તનો થાય તેવું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રજૂઆત કરે છે. તેમના આર્થિક, સામાજિક અને તેમના કુટુંબ નિવાસની ભોગોલિક ખાસિયતો તેમની શિક્ષણ પરત્વે અલાયદી જરૂરિયાતોનું સર્જન કરે છે. આ અલાયદી જરૂરિયાતોની પ્રાપ્તી દ્વારા તેમના શિક્ષણિક પ્રયત્નોને યોગી પરિણામ હાંસલ થશે. નીચે દર્શાવેલ શિક્ષણ સૂચનો આદિવાસી વિધ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે કરેલ વિવિધ સ્થળ ઉપરની ચર્ચાઓના નિષ્કર્ષ રૂપે તારવણી કરવામાં આવેલ છે. વિવિધ ફોકસ ગ્રૂપ ડિસ્કસનના આધારે તરવેલ નીચેના સૂચનોમાં વાસ્તવિકતાનો વધુ ચિતાર રજૂ થાય તે માટે પ્રકલ્પની શંશોધન ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ એક પેટા પ્રકલ્પ “અંતરિયાળ પરદેશમાં રહેતા આદિવાસી સમાજના યુવા વિદ્યાર્થીઓએને કોરોના મહામારીના સંજોગોમાં ઓનલાઈન શિક્ષણ અનુભવો” ના પરિણામો પણ સંદર્ભ રૂપે ટાંકવામાં આવેલ છે. ઉપરોક્ત પેટા સંશોધન ગુજરાત વિદ્યાપીઠના વિવિધ વિષયના કૉલેજ શિક્ષણ મેળવતા સંબંધિત વિધ્યાર્થીઓના પ્રતિભાવો મેળવી હાથ ધરવામાં આવ્યું હતું.

કોરોના મહામારી સમય દરમ્યાન તેમણે ગૂગલ ફોમના મધ્યમથી સર્વે માટેનું ફોર્મ મોકલવામાં આવેલ હતું. આ ફોર્મ તમામ સંબંધિત વિદ્યાર્થીઓએને પોહોંચે તેની ખાત્રી કરવામાં આવી હતી. મોકલવામાં આવેલ વિધ્યાર્થીઓ પૈકી કુલ 267 વિધ્યાર્થીઓ દ્વારા આ સર્વેમાં પ્રતિસાદ આપાયો હતો. આ પ્રતિસાદ પૈકીનાં અધૂરા પ્રતિસાદ રદબાતલ કરી કુલ 222 પૂર્ણ પ્રતિસાદ માટે છણાવટ હાથ ધરવામાં આવી હતી. જે તે પરિણામ મેળવવા માટે વિવિધ આકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવામાં આવેલ છે. અત્રે આ શંશોધનના તારણો પરોક્ષ રીતે ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડેછે તે કારણસર તેના વિવિધ તારણો ચર્ચા કરવામાં આવેલ છે અને તેનો આકડાશાસ્ત્રીય પુરાવા તરીકે ઉપયોગ કરેલ છે. જો કે અહી રજૂ કરેલ શિક્ષણ સંબંધના સૂચનોનો મુખ્ય આધાર સંબંધિત સમૂહ સાથેની વિવિધ સમય અને વિવિધ સ્થળની વિવિધ બેઠકોના નિષ્કર્ષો છે.

| શાળા શિક્ષણ | કૉલેજ શિક્ષણ |
| --- | --- |
| છાત્રાલય શિક્ષણ (Residential Education) | આદિવાસી યુનિવર્સિટી |
| એકલવ્ય મોડેલ સ્કૂલ: | સમરસ હોસ્ટેલ્સ |
| કસ્તુરબા કન્યા વિધાલય: | |
| નવોદય વિધ્યાલય | |

ઉપરોક્ત ચાર્ટમાં દર્શાવવામાં આવેલ શિક્ષણ વિકલ્પો આદિવાસી સમાજના વિવિધ સ્તરના શિક્ષણ માટે સ્થાનિક આદિવાસી સમાજના વિદ્યાર્થીઓએ પસંદ કરેલ અને વિવિધ સંબંધિત સમાજ નિષ્ણાતો દ્વારા સ્વીકારેલ વિકલ્પો છે. આદિવાસી સમાજના શિક્ષણ માટેના આ વિવિધ વિકલ્પો વિગતે નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

**બુનિયાદી શિક્ષણ શાળા/આશ્રમ શાળાઓ** : ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં બુનિયાદી શિક્ષણ શાળા/આશ્રમ શાળાઓ આદિવાસી શિક્ષણના પ્રારંભ કાળથી જ ઘણી શક્રીય રહી છે. આદિવાસી વિસ્તારોમાં બુનિયાદી શિક્ષણ શાળા/આશ્રમ શાળાઓ આદિવાસી શિક્ષણ માટે સ્થાનિક લોકોમાં ઘણા અંશે સ્વીકૃતી પણ

ધરાવે છે. આદિવાસી સમાજમાં વ્યાપેલ અત્યંત ગરીબી અને તેમના અંતરિયાળ દૂર દૂર ના અંતરે રહેલ નિવસ્થાનોને જોતાં આદિવાસી સમાજ માટે નિવાસી શિક્ષણ વ્યવસ્થાજ અનિવાર્ય થાય છે. નિવાસી શિક્ષણ વ્યવસ્થામાં જો આદિવાસી સમાજનું પોતિકાપણું ન સર્જન થાય તો સમાજના વિધ્યાર્થીઓમાં તે સ્વીકાર્ય થવાની સંભાવના ઘટી જાય છે. આશ્રમ શાળાઓ મુખ્યત્વે આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સમાજની વચ્ચે જ કામ કરી રહી રહી છે. વળી તેમાં આદિવાસી સમાજ જીવન શૈલી અને રીતરશમો પણ વધતાં ઓછા અંશે જોવાં મળે છે. આ કારણથી આદિવાસી સમાજમાં આશ્રમશાળા શિક્ષણ મહદ અંશે સફળ રહ્યું છે. આ પ્રકારની આદિવાસી વિસ્તારોમાં બુનિયાદી શિક્ષણ આપતી શાળા/આશ્રમ શાળાઓ આદિવાસી શિક્ષણ પ્રસાર માટે ન્યૂનતમ સંસાધનો સાથે કાર્યરત છે. બદલાતા સમય અને સંજોગોમાં આદિવાસી સમાજના આધુનિક એક વર્ગ દ્વારા આ પ્રકારની આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ પ્રસાર કરતી બુનિયાદી શિક્ષણ શાળા/આશ્રમ શાળાઓ સામે તેમની સુસંગતતા સામે પણ પ્રશ્નાર્થ ઊભો કર્યો છે તેમણે માટે આદિવાસી શિક્ષણમાં વર્તમાન સમયની બદલાતી આધુનિક જરૂરિયાતોને આ બુનિયાદી શિક્ષણ શાળા/આશ્રમ શાળાઓ આદિવાસી શિક્ષણમાં અપનાવી રહી નથી, આમ કરતાં આદિવાસી વિદ્યાર્થીઓએ હરીફાઈમાં કાચા સાબીત થઈ રહ્યા છે.

**એકલવ્ય મોડેલ સ્કૂલ**: આશ્રમ શાળાઓના પરંપરાત શિક્ષણના વિકલ્પમાં અને આદિવાસી વિધ્યાર્થીઓની નિવાસી શિક્ષણની માગને અનુરૂપ એકલવ્ય મોડેલ સ્કૂલ આદિવાસી વિસ્તારના બાળકોમાં અને વાલીઓમાં ઘણી લોકપ્રિય બની રહી છે. એકલવ્ય મોડેલ સ્કૂલ આધિનિક સમયની શિક્ષણની વિવિધ માગો અને આધુનિક જરૂરિયાતોની પ્રાપ્તિ કરી આપીરહેલ છે. આ શાળાઓની ખૂબી એ છે કે તે આદિવાસી વિસ્તારોની ખુબજ નજીક પ્રથાપિત થયેલ હોવા છતા પણ વિશ્વકક્ષાની આધુનિક માહિતી અને તાલીમ સભર શિક્ષણ પૂરૂં પાડી રહેલ છે. આ પ્રકારની શાળાઓ ખર્ચ કાપ કરવા બને તેટલો ખાનગી ક્ષેત્રના સંસાધનો ઉપયોગ કરી રહેલ છે. ખાનગી સંશાધનો ઉપયોગ કરતાં તેમાં માનવ સંશાધનો હંગામી બની રહ્યા છે. શિક્ષકોનું આ હંગામી સ્વરૂપ આ શાળાઓના શિક્ષણને ખુબજ પ્રતિકૂલ અસર પોહોંચાડી રહ્યું છે. એકલવ્ય મોડેલ સ્કૂલ તેની આધુનિક શિક્ષણ તરફના બદલાવના કારણે આદિવાસી સમાજમાં સ્વીકૃત થયેલ હોવા છતા પણ સ્થાનિક સમાજ તેમાં સમર્પિત શિક્ષકોની ઘટ અનુભવી રહેલ છે.

**કસ્તુરબા કન્યા વિધાલય**: આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણીના ક્ષેત્રમાં કસ્તુરબા કન્યા વિધાલય ઘણું ઇચ્છનીય કાર્ય કરી રહેલ છે. આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણીના ક્ષેત્રમાં જેમ જેમ પ્રચાર પ્રસાર થાય છે તેમ તેમ છોકરીઓ માટેની અલાયદી નિવાસી શાળાઓ માટેની માગ પણ બળવતર થતી જાય છે. આ માગને પૂરી કરવામાં કસ્તુરબા કન્યા વિધાલય રૂપી પહેલ ઘણા અંશે સફળતા હાંસલ કરેલ છે. આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણીના ક્ષેત્રમાં આધુનિક શિક્ષણ માટેની માંગ પણ આ કસ્તુરબા કન્યા વિધાલય

પૂરતી કરી રહેલ છે. આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક સમાજના વળી સમૂહમાં આ પ્રકારની કન્યા કેળવણીના ક્ષેત્રમાં કાર્યરત કસ્તુરબા કન્યા વિધાલય દિવસે-દિવસે વધુને વધુ લોકપ્રિય બની રહી છે, જો કે આ પ્રકારની આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણીના ક્ષેત્રમાં કાર્યરત કસ્તુરબા કન્યા વિધાલય પણ તેના હંગામી શિક્ષકો અને અન્ય સ્ટાફના સ્વરૂપની મર્યાદા ધરાવે છે. સ્થાનિક સમાજ આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા કન્યા કેળવણી થાય અને આવા ક્ષેત્રમાં કાર્યરાત કસ્તુરબા કન્યા વિધાલયમાં સ્થાનિક મહિલા શિક્ષકો રહે તે પ્રકારની રાજુઆતો કરતાં જોવા મળ્યા છે તે સંદર્ભમાં કહી શકાય કે જો આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણીના ક્ષેત્રમાં વધુ સારું કાર્ય કરી કસ્તુરબા કન્યા વિધાલય મોડેલને પૂર્ણ સફળતા આપવવી હોય તો તેમાં સ્થાનિક મહિલા શિક્ષકોને અગ્રિમતા આપવી જોઈશે.

**નવોદય વિધ્યાલય**: નવોદય વિધ્યાલય તે માત્ર આદિવાસી ક્ષેત્રોમાં કાર્યરત ન હોવા છતા તેના કાયમી અને સમર્પિત સ્ટાફ સભ્યોના કારણે આદિવાસી નજીકના પ્રદેશોમાં જયા નવોદય વિધ્યાલયો કાર્યરત છે ત્યાં આદિવાસી સમાજમાં જેની સ્વીકૃતી અન્ય સમાજની જેમ ઘણી વધારે છે. પ્રત્યેક જીલ્લામાં નવોદય વિધ્યાલયની સ્થાપનાનું લક્ષ હોવા છતા તે આદિવાસી જિલ્લાઓમાં ઘણા ઓછા નિર્માણ થયેલ છે. તેના આધુનિક શિક્ષણ સ્વરૂપ અને તેના સમર્પિત કાયમી સ્ટાફને જોતાં આદિવાસી સમાજમાં જો નજીકના ક્ષેત્રોમાં આ પ્રકારની નવોદય વિધ્યાલયોની સ્થાપનાઓ વધુને વધુ થાય તો તે આદિવાસી સમાજના શિક્ષણ સ્તરને ને ઘણા મોટા પ્રમાણમા હકારાત્મક દિશાઓમાં પ્રભાવિત કરશે.

**આદિવાસી યુનિવર્સિટી**: આદિવાસી યુનિવર્સિટી તે આદિવાસી વિસ્તારની નજીકના ક્ષેત્રમાં આદિવાસી વિધ્યાર્થીઓને કોલેજ સ્તરના શિક્ષણ માટે અલાયદી વ્યવસ્થા ગુજરાત સરકાર દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આદિવાસી વિધ્યાર્થીઓને આ યુનિવર્સિટી માટે ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આદિવાસી યુનિવેર્સિટી એક અલાયદી વ્યવસ્થા શિક્ષણ વ્યવસ્થા અન્ય વિદ્યાર્થીઓની સાથે આદિવાસી વિધ્યાર્થીઓ માટેની છે પરંતુ અહી આદિવાસી વિધ્યાર્થીઓને તેના નામ અને સ્વરૂપને જોતાં પોતીકાપણું અનુભવાઈ રહ્યું છે. આદિવાસી યુનિવેર્સિટી તેના પ્રારંભિક કાળમાં હોય તેની કામગીરીને લઈ કોઈ મૂલ્યાંકન નોધ કે અહેવાલ ઉપલબ્ધ નથી, તેમ છતાં તો તે આદિવાસી ક્ષેત્રના બાળકોને ગુણવત્તાસભર કોલેજ સ્તરનું શિક્ષણ પૂરું પાડવામાં સફળ રહેતો કહી શકાય કે આદિવાસી વિધ્યાર્થીઓ માટેની આ અલાયદી વ્યવસ્થા સફળ છે, અને અન્ય આદિવાસી ક્ષેત્રોમાં પણ આ પ્રકારના પ્રયોગો દાખલ કરી શકાય. જો કે આ પ્રકારની યુનિવરર્સિટીની સફળતા તે તેના આધુનિક બજાર પોષક ગુણવત્તાસફર શિક્ષણની સાથો સાથ આદિવાસી વિધ્યાર્થીઓની અલાયદી શિક્ષણ માગ અનુસાર શિક્ષણ પૂરું પડે.

**સમરસ હોસ્ટેલ્સ**: ગુજરાત સરકાર દ્વારા સમરસ હોસ્ટેલ્સ પ્રકલ્પ અંતર્ગત મોટા કદની યુનિવર્સિટિ પરિસર માં જ કે તેના અત્યંત નજીકના અંતરમાં આ પ્રકારની યુનિવેર્સિટી માં કોઈ પણ અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ માટે એક સાથે નિવાસ અને ભોજન સુવિધા પૂરી પાડતી આ હોસ્ટેલ સુવિધાઓ છે. જ્યાં એક તરફ આદિવાસી વિધ્યાર્થીઓની તેમના સમાજ અને સંસ્કૃતિગત અલાયદી જરૂરિયાત માંગ છે તો બીજી બાજુ તેમણે મૂળ પ્રવાહમાં સમરસ થવાનું અને આધુનિક સંસ્કૃતિ આપનાવાનું પણ એટલુજ અનિવાર્ય છે. આ સંજોગોમાં સમરસ હોસ્ટેલ ખૂબ સારું સરાહનીય કામ કરી રહેલ છે. આદિવાસી વિદ્યાર્થીઓ પૈકીનાં જેમનું મેરીટ ઓપન યાદીમાં સમાવેશ થતાં હોય તેમને ઓપન કેટેગરી તરીકે જો પ્રવેશ આપવામાં આવશે (અને સરકારી અનામત અંગેનો કાયદો પણ આમ જ કહે છે) તો વધુ ને વધુ આદિવાસી વિધ્યાર્થીઓને આ સુવિધાથી લાભાન્વિત કરી શકશે. અંતરિયાળ ગરીબ આદિવાસી દૂર પ્રદેશો માથી લાંબુ અંતર કાપી અભ્યાસ કરવા આવતા વિધ્યાર્થીઓ માટે શહેરમાં હોસ્ટેલ વધારે જરૂરી થઈ પડે છે આ હકીકતને ધ્યાનમાં રાખી આવા આદિવાસી વિધ્યાર્થીઓ માટે સમરસ હોસ્ટેલમાં વધારે સંખ્યાની જોગવાઈ થાઈ તો તે ઘણું આવકારદાયક સાબિત થશે.

### 4.4.2 GATI- ગ્રામ પ્રાંચાયત અંતરિયાળ આદિવાસી પ્રદેશોને ઇન્ટર-નેટ જોડાણ માટેની યોજના સૂચન:

કોરોના મહામારીના સંજોગોમાં દૂર અંતરિયાળ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓને સવિશેષ નુકસાન થવાના સંજોગો છે. આ સંદર્ભમાં ઉપરોક્ત ચર્ચા કરેલ સંશોધન હાથ ધરવામાં આવેલ હતું તેના પ્રાપ્ત થયેલ તારણો પ્રત્યક્ષ રીતે અહી કોઈ મદદરૂપ ન હોવા છતાં તેના ઘણા તારણો અહી ઘણા મદદરૂપ સાબિત થાય છે. આ સંશોધનના આધારે આદિવાસી વિધ્યાર્થીઓ જે કુટુંબ માથી અને જે પ્રદેશ માથી આવે છે, તે પ્રદેશની વિશેષતાઓ તે પ્રદેશની પ્રાદેશિક લાક્ષણિક્તાઓ અને તેના સંદર્ભમાં આ વિધ્યાર્થીઓ માટેની તેમની શિક્ષણની આગવી જરૂરિયાતો સમજવામાં સરળતા રહેશે તેથી અહી તેના તારણો ઉલ્લેખ કરવામાં આવ્યા છે.

| GATI- ગ્રામ પ્રાંચાયત અંતરિયાળ આદિવાસી પ્રદેશોને ઇન્ટર-નેટ જોડાણ માટેની યોજના સૂચન: | |
|---|---|
| G | Global Connectivity |
| A | Access Point for |
| T | Tribal Economic |
| I | Improvement |

## GATI ગ્રામ પંચાયત: આદિવાસી આર્થિક ઉત્થાન અર્થે વૈશ્વિક સંપર્ક કરવા માટેનું કેન્દ્ર ધરાવતી આદિવાસી ગ્રામ પંચાયત

2020 વર્ષમાં દૂર અંતરિયાળ પરદેશમાં રહેતા આદિવાસી સમાજના યુવા વિદ્યાર્થીઓએ એક અણધારી પરિસ્થિતિમાં મુકાયા. કોરોના મહામારીના આ સંજોગો દરમિયાન તેમને હોસ્ટેલ ફરજિયાતપણે છોડવી પડી અને ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થામાં ફરજિયાત પણે દાખલ થવું પડ્યું. તેમના અંતરિયાળ ગામો ઇન્ટરનેટ જોડાણો અપૂરતા ધરાવતા હતા. આ સંજોગોમાં તેમને ઓનલાઈન એજ્યુકેશન મેળવવા ઘણો કપરો સંઘર્ષ કરવો પડ્યો. આ સંઘર્ષને સમજવા અને આ સંઘર્ષની તીવ્રતાનું આકલન કરવા માટે ગુજરાત વિદ્યાપીઠ કે જે રાષ્ટપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત છે, તેમાં કોલેજ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસ દ્વારા ઇન્ટરનેટ જોડાણો ભવિષ્યમાં કેટલા અનિવાર્ય થશે તે બાબત દર્શાવવા અહી રજૂ કરેલ છે. આ અભ્યાસ એક સર્વે પ્રકારનો અભ્યાસ છે. જેમાં ગુજરાત રાજ્યના પૂર્વ-વિસ્તારની આદિવાસી પટ્ટી ધરાવતા તમામ અંતરિયાળ જિલ્લામાથી વિધ્યાર્થીઓ સર્વેમાં જોડાયેલ હતા. આ વિદ્યાર્થીઓની જિલ્લાવાર સંખ્યા નીચેના ટેબલ પ્રમાણે છે.


અભ્યાસમાં સામેલ વિદ્યાર્થીઓની જિલ્લાવાર સંખ્યા**:**

| જીલ્લા | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| વલસાડ ,અરવલ્લી અને | 19 | 8.6 |
| મહીસાગર | 9 | 4.1 |
| દાહોદ અને પંચમહાલ | 45 | 20.3 |
| વડોદરા અને છોટાઉદેપુર | 9 | 4.1 |
| નર્મદા | 32 | 14.4 |
| તાપી | 22 | 9.9 |
| ભરૂચ | 8 | 3.6 |
| સુરત અને નવસારી | 14 | 6.3 |
| ડાંગ | 42 | 18.9 |
| વલસાડ | 22 | 9.9 |
| કુલ | 222 | 100.0 |


## ગુજરાતનાં અંતરિયાળ પૂર્વપટ્ટાના આદિવાસી વિસ્તારો:

(A) પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતનાં અંતરિયાળ આદિવાસી વિસ્તારની વ્યાખ્યા તે સરકારના આદિવાસી તાલુકા તરીકે કરેલ છે. એટલેકે સરકાર દ્વારા જે તાલુકાઓને આદિવાસી તાલુકા જાહેર કરવામાં આવેલ છે તેને જ અહી અંતરિયાળ પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તાર તરીકે ગણવામાં આવેલ છે. નીચે આપેલ નકશામાં આ તાલુકાઓ જોઈ શકાય છે.


(B) ઉત્તર ગુજરાતનાં અંતરિયાળ પૂર્વપટ્ટાના આદિવાસી વિસ્તારો સરકારી જાહેરાત પ્રમાણેના આદિવાસી તાલુકાઓ: અહી જોઈ શકાય છે કે સરકાર દ્વારા સૂચિત થયેલા આદિવાસી તાલુકાઓ મુખ્યત્વે ગુજરાત રાજ્યની સરહદના તાલુકાઓ છે. આ તાલુકાઓ મુખ્યત્વે જંગલ અને ડુગર પરદેશની ભૂગોળ ધરાવે છે. અહી કુદરતી સંશાધનો વિપુલ પ્રમાણમા હોવા છતાં ઉદ્યોગ ધંધા અને ખેતીના જરૂરી વિકાસના અભાવે રોજગારીના વિકલ્પો મર્યાદિત રહે છે.




(C) મધ્ય ગુજરાતનાં અંતરિયાળ પૂર્વપટ્ટાના આદિવાસી વિસ્તારો સરકારી જાહેરાત પ્રમાણેના આદિવાસી તાલુકાઓ:આ પ્રદેશના તાલુકાઓ પૈકીનાં તમામ ગુજરાત રાજ્યની સરહદના તાલુકાઓ છે. અહિયાં લગભગ તમામ પ્રકારના આંતરમાળખાકીય સુવિધાઓની અછત જોવા મળે છે.




(D) દક્ષિણ ગુજરાતનાં અંતરિયાળ પૂર્વપટ્ટાના આદિવાસી વિસ્તારો સરકારી જાહેરાત પ્રમાણેના આદિવાસી તાલુકાઓ:





પ્રસ્તુત વિધ્યાર્થીઓના અભ્યાસમાં ઉપરોક્ત તમામ તાલુકાઓનો સમાવેશ થયેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો આ તમામ તાલુકાઓમાં વસવાટ કરતાં વિધ્યાર્થીઓ આ અભ્યાસ સાથે જોડાયેલ છે.


આ અભ્યાસ આમતો ઘટના સંદર્ભનો હોવા છતાં તેના દ્વારા અંતરિયાળ આદિવાસી ગામોની ઇન્ટરનેટ જોડાણ અંગેની વાસ્તવિક્તા જોઈ શકાય છે. આ જોડાણ અંગેના ડેટા નીચે મુજબ રજૂ કરેલ છે.

## GATI - ગ્રામ પંચાયત યોજનાની અનિવાર્યતા: તર્ક-1


અંતરિયાળ **આદિવાસી** વિસ્તારોના વિધ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશનમાં અનુભવેલ વિશિષ્ટ તકલીફોના આધારે આ ક્ષેત્રમાં રહેલ ઇન્ટરનેટ સેવાની માંગ સામે તેના પુરવઠાની ઘટ કેટલા પ્રમાણમા છે તે ચિત્ર સ્પસ્ટ જોઈ શકાય છે :ભવિષ્યમાં જયારે આદિવાસી વિકાસ માટેની ઘણી યોજનાઓનો પાયો ઇન્ટરનેટ બનવા જઇ રહ્યું છે, તેવા સંજોગોમાં અંતરિયાળ ગામોમાં ઇન્ટરનેટ સેવાઓ પ્રત્યેક ગામમાં અનિવાર્ય રીતે પ્રસ્થપિત કરવાની રહેશે, જે સંદર્ભમાં GATI-ગ્રામ પંચાયત યોજના નું સૂચન કરવામાં આવેલ છે.

નીચેનો ગ્રાફ દર્શાવે છે તેમ ઉપરોક્ત અભ્યાસમાં સામેલ અંતરિયાળ ગામોમાં ઇન્ટરનેટ જોડાણો અંગેની ખુબજ વિકટ સમસ્યાઓ છે. મોટા ભાગના આવા અંતરિયાળ પરદેશમાં પોતાના ઘરમાં પૂરતા પ્રમાણમા ઇન્ટરનેટ જોડાણ પ્રાપ્ય હોતું નથી. તેમણે ઇન્ટરનેટ જોડાણ મેળવવા માટે દૂર અંતરના કોઈ નિશ્ચિત વ્યૂહાત્મક સ્થળે જવું પડતું હોય છે. અત્રે નોધવું જોઈએકે આ અભ્યાસમાં સમાવેશ થયેલ જિલ્લા વાર વિધ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લેતા આ માહિતી દ્વારા આંતર જિલ્લાઓ ની તુલના અશક્ય છે.







જો પોતાના નિવાસ સ્થાને ઇન્ટરનેટ જોડાણ પ્રાપ્ત ના હોય તો તેવા સંજોગોમાં વિધ્યાર્થીઓ માટે ઇન્ટરનેટ જોડાણ મેળવવા કેવા વિકલ્પો અપનાવે છે તે જાણકારી ઉપરના ગ્રાફમાં દર્શવામાં આવેલ છે. 41% જેટલા વિધ્યાર્થીઓ ઇન્ટરનેટ જોડાણ મેળવવા માટે દૂર ખેતરમાં/ જંગલ વિસ્તારમાં જાય છે. 52% ને પોતાના ફળિયામાં કે ગામ ના જ અન્ય સ્થળ પાસે જતાં ઇન્ટરનેટ જોડાણ પ્રાપ્ત થઈ જાય છે. 3% પાસેના ગામમાં તો 2% વિધ્યાર્થીઓને પાસેના નગર કે શહેરમાં જવું અનિવાર્ય થાય છે.



ઇન્ટરનેટ જોડાણ મેળવવા માટે વિધ્યાર્થીઓને જે અંતર નિયમિત રીતે પ્રાપ્ત કરવું પડે છે તે અંગેની માહિતી ઉપરના ગ્રાફમાં દર્શાવેલ છે. 33% વિધ્યાર્થીઓને 100 મીટર જયારે 21% ને લગભગ અડધા કિલોમીટર જેટલું દૂર જવું પડે છે. 28% ને એક કિલોમીટર જ્યારે 8% ને 3 કિલોમીટર જેટલું દૂર જવું પડે છે. વધારે દૂર અંતર જવું પડે છે તે પૈકીનાં 5% ને લગભગ પાંચ કિલોમીટર સુધી તો 4% વિદ્યાર્થીઓને પાંચ કિલોમીટર થી પણ વધારે દૂર ના અંતરે જવું પડે છે.




ઘરે હાજાર હોવાના કારણે વિધ્યાર્થીઓને ઘરના રોજિંદા કાર્યોમાં પણ યોગદાન આપવું અનિવાર્ય થઈ પડે છે. આ સંજોગોમાં દૂર અંતરે ઇન્ટરનેટ જોડાણ પકડવા જવું પછી પાછા આવી ઘરના કામમાં યોગદાન આપવું વળી ઓનલાઈન શિક્ષણ માટે પણ થોડા થોડા અંતરાએ વિરામ અનિવાર્ય બને છે, આ સંજોગોમાં વિધ્યાર્થીઓના માટે દિવસમાં એક કરતાં વધારે વાર ઇન્ટરનેટ માટે આવન-જાવન કરવું અનિવાર્ય થાય છે. એક દિવસમાં સરેરાસ કેટલીવાર આવું આવન-જાવન થાય છે તેની મહિતી ઉપરના ગ્રાફ માથી પ્રાપ્ત થાય છે. લગભગ 9% વિધ્યાર્થીઓને દિવસમાં ચાર વખત થી પણ વધારે વાર આવન-જવન કરવાના સંજોગો થાય છે. ઓનલાઈન એજ્યુકેશન મેળવવા માટે અંતરિયાળ પ્રદેશના આદિવાસી બાળકોનો આ સંઘર્ષ તુલનાત્મક રીતે અન્ય પ્રદેશના બાળકોના સંઘર્ષ કરતાં સવિશેષ હશે જ. જો કે અન્ય પ્રદેશના બાળકોના આ સંદર્ભના ડેટા અહી ઉપલબ્દ ન હોવાથી આ સંદર્ભનું કોઈ જ નિષ્કર્ષ કરવું વૈજ્ઞાનિક કહેવાશે નહીં.

## GATI - ગ્રામ પંચાયત યોજનાની અનિવાર્યતા: તર્ક-2

અંતરિયાળ **આદિવાસી** વિસ્તારોના વિધ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશનમાં અનુભવેલ ઇન્ટરનેટ જોડાણની ખૂબ નીચી ગુણવત્તા આ વિધ્યાર્થી સમૂહની જેમ અન્ય અંતરિયાળ આદિવાસી ગામો પણ અનુભવતા હોય શકે. વિધ્યાર્થી સમૂહની જેમ વર્તમાન સમયમાં/આવનાર સમયમાં ખેડૂત,વેપારી અને સમાન્ય નાગરિક પણ અનુભવી શકે/ અનુભવતા હોય શકે. જો 2 થી 4 કિલોમીટર નું અંતર દિવસમાં 2 થી 4 વાર માત્ર ઇન્ટરનેટ સેવા મેળવવા માટે રોજ ભ્રમણ કરવું પડે તો તેવા સંજોગોમાં ઇન્ટરનેટના આધાર ઉપર રચાયેલ કોઈ પણ યોજનાની સફળતા ઘણી જ મર્યાદિત રહેશે. આવા સંજોગોમાં આદિવાસી વિકાસ યોજનાની અપેક્ષિત સફળતા માટે અંતરિયાળ ગામોમાં ઇન્ટરનેટ સેવાઓ પ્રત્યેક ગામમાં અનિવાર્ય રીતે પ્રસ્થપિત કરવાની રહેશે, જે સંદર્ભમાં GATI-ગ્રામ પંચાયત યોજના નું સૂચન કરવામાં આવેલ છે.

**વિદ્યાર્થીઓના કુટુંબનું આર્થિક ધોરણ:**

ઉપરોક્ત અભ્યાસમાં જોડાયેલ આદિવાસી વિદ્યાર્થીઓને તેમના કુટુંબની સંપતિ સંદર્ભે પૂછવામાં આવ્યું તેમાથી મળતી માહિતી આનુસર વિધ્યાર્થીઓના કુટુંબની સંપતિ ને લગતી આર્થિક સ્થિતીને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.

કુલ 222 વિદ્યાર્થીઓ પૈકીનાં 70% એવા પરિવારોના સભ્ય છે જે પરિવારોની કુલ સંપતિ મૂલ્ય માત્ર એક લાખ રૂપિયા સુધીનું જ છે. એક લાખ થી પાચ લાખ રૂપિયા સુધીનું સંપતિ મૂલ્ય ધરાવતા 15% કુટુંબ છે.પરિવારની સંપતિ મૂલ્ય 30લાખ થી વધારે ધરાવતા કુટુંબને ગરીબી રેખાથી ઉપર કહીયે તો આવા માત્ર 2% કુટુંબો આ સર્વેમાં સમાવેશ થયેલા છે. કુલ 12% વિધ્યાર્થીઓએ સંપતિ અંગેના જવાબો આપ્યા ન હતા તેમ છતાં કહી શકાય કે 75 to 85% વિદ્યાર્થીઓ એવા કુટુંબોમાથી આવે છે જેમની કુટુંબની કુલ સંપતિ નું મૂલ્ય 15 લાખથી ઓછું છે.


| કુટુંબ નું કુલ સંપતિ મૂલ્ય (રૂ) | વિદ્યાર્થી સંખ્યા | ટકાવારી | ઉત્તર આપેલ વિદ્યાર્થી માંથી ટકાવારી |
|---|---|---|---|
| 1 લાખ સુધી | 144 | 64.9 | 73.8 |
| 1 to 5 લાખ | 33 | 14.9 | 16.9 |
| 5 to 15 લાખ | 8 | 3.6 | 4.1 |
| 15 to 30 l લાખ | 8 | 3.6 | 4.1 |
| 30 to 50 લાખ | 1 | 0.5 | 0.5 |
| 50 લાખથી વધારે | 1 | 0.5 | 0.5 |
| કુલ | 195 | 87.8 | 100.0 |
| Does Not Replied | 27 | 12.2 | |
| કુલ | 222 | 100.0 | |

**વિદ્યાર્થીઓના કુટુંબની મહિનાની આવક અંગેની માહિતી :**

| કુટુંબ ની કુલ પારિવારિક આવક (રૂ) | વિદ્યાર્થી સંખ્યા | ટકાવારી | ઉત્તર આપેલ વિદ્યાર્થી માંથી ટકાવારી |
|---|---|---|---|
| 5000 રૂ સુધી | 56 | 25.2 | 29.6 |
| 5000 to 10000 રૂપયા | 36 | 16.2 | 19.0 |
| 10001 to 20000 રૂપયા | 39 | 17.6 | 20.6 |
| 20001 to 50000 રૂપયા | 45 | 20.3 | 23.8 |
| 50001 to 1 લાખ રૂપયા | 11 | 5.0 | 5.8 |
| 1 લાખ થી વધારે રૂપયા | 2 | 0.9 | 1.1 |
| Total Replied | 189 | 85.1 | 100.0 |
| Does Not Replied | 33 | 14.9 | |
| કુલ | 222 | 100.0 | |


કુલ 15 % વિદ્યાર્થીઓએ આવક અંગેના પ્રશ્નોનાં ઉતારો આપ્યા ના હતા,તેમ છતાં કુલ નિદર્શના 25% વિદ્યાર્થીઓના કુટુંબની મહિનાની આવક 5000 સુધી નોધાયેલ છે. જો વિવિધ ગરીબીની રેખાઓ ને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય કે આ અભ્યાસમાં મોટા ભાગના એટલેકે 95% વિદ્યાર્થીઓ ગરીબી રેખાની નીચે આવેલા પરિવારો માઠી આવે છે. લગભગ 5 થી 6% કુલ નિદર્શના વિધ્યાર્થીઓના કુટુંબની આર્થિક સ્થિતિજ ઠીક ઠીક પ્રમાણમા સધ્ધર કહી શકાય તેવી છે.

**ઓનલાઈન અભ્યાસ માટેનું નવું નિયમિત રીતે કરવું પડતું ખર્ચ (ઇન્ટરનેટ માટેનું ખર્ચ):**





| | Up to 50 Rs | 51 to 100 Rs | 101 to 150 Rs | 151 to 200 Rs | 201 to 400 Rs | 401 to 600 Rs | More than 600 Rs |
|---|---|---|---|---|---|---|---|
| Before COVID-19 | 15.8 | 5.4 | 19.4 | 27.5 | 24.3 | 5.9 | 1.8 |
| During COVID-19 (Online Edu.) | 5.0 | 0.0 | 2.7 | 18.0 | 64.0 | 8.6 | 1.8 |

વિદ્યાર્થીઓના કુટુંબની મહિનાની આવક અંગેની માહિત અને કુટુંબના સંપતિ મૂલ્યની માહિતીના આધારે તેમની કૌટુંબિક ગરીબી અંગે માહિતી મળે છે. આ ગરીબ કુટુંબના બાળકો માટે ઓનલાઈન ઇન્ટરનેટ માટેનો વધારાનો ખર્ચ તેમના કુટુંબ ઉપર અનિવાર્ય રીતે વધારનું ભારણ આપી રહયો છે.





ઉપર ગ્રાફમાં દર્શવેલી માહિતીના આધારે કહી શકાય કે ઓનલાઈન એજ્યુકેશન માટે નવા એલેક્ટ્રોનિક્સ સાધનો વસાવવા માટે વિધ્યાર્થીઓને નવા-નવા ખર્ચાઓ કરવા પડે છે. આ ખર્ચ તેમની ગરીબ કુટુંબોની આર્થિક સ્થિતીને વણસાવી રહ્યા છે. આ નવા ખર્ચની વધુ માહિતી નીચેના ગ્રાફ ઉપરથી પ્રાપ્ત થશે.




ગ્રાફમાં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ કુલ 32% વિધ્યાર્થીઓને રૂપિયા દસ હજારથી વીસ હજાર સુધીનો વધારાનો ખર્ચ ઓનલાઈન એજ્યુકેશન મેળવવા માટે નવા ઉપકરણોની ખરીદી કરવા માટે થયો છે. તેમની ગરીબીને ધનમાં લેતા આટલી માતબર રકમના ખર્ચાઓ તેમની આર્થિક સ્થિતીને વધારે નબળી બનાવે છે. આ પૈકીનાં ઘણા વિધ્યાર્થીઓને આવા અણધાર્યા ખર્ચાઓને કારણે દેવાની સ્થિતીમાં જવાના સંજોગો સર્જન થયા છે. દેવાની સ્થિતી અને જો કોઈ આવા ખર્ચ માટેની મદદ પ્રાપ્ત થઈ હોય તો તે અંગેની વધુ વિગતો નીચેના ગ્રાફ અને ટેબલ ઉપરથી પ્રાપ્ત થાય છે.

| Value/ Amount of Debt | Numbers of Students |
|---|---|
| Up to 1000 | 11 |
| 1000 to 5000 Rs | 24 |
| 5000 to 10000 Rs | 15 |
| 10000 to 20000 Rs | 15 |
| 20000 to 50000 Rs | 5 |
| More than 50000 Rs | 4 |
| Total | 74 |
| No Debt/ No Replied | 148 |
| Total | 222 |




ઉપરનો ગ્રાફ દર્શાવે છે કે 32% જેટલા વિધ્યાર્થીઓને રૂપિયા એક હજારથી પાંચ હજાર સુધીનું નવું દેવું માત્ર ઓનલાઈન એજ્યુકેશન માટે થયું છે. 20% વિધ્યાર્થીઓ માટે આ પ્રકારના દેવાની કિમત પાંચ હજાર થી 10 હજાર રૂપિયા સુધી જણાય છે. રૂપિયા 10 થી 20 હજાર રૂપિયા સુધી નવું દેવું થયેલ હોય તેવા 20% વિધ્યાર્થીઓ છે. ઊંચા મૂલ્યનું નવું આ પ્રકારનું દેવું અનુભવતા સમૂહમાં 7% વિધ્યાર્થીઓ 20 થી 50 હજારનું દેવું નોધાવેલ છે જ્યારે કુલ 5% વિધ્યાર્થીઓ એવા પણ છે કે આ નવા અણધાર્યા સંજોગોમાં ઓનલાઈન એજ્યુકેશન મેળવવા તેમણે રૂપિયા 50 હજારથી પણ વધારે નવું દેવું કરવાના સંજોગો સર્જાયા છે. આમ કોરોના ના આ સંજોગોમાં અંતરિયાળ ગામના આદિવાસી ગરીબ કુટુંબો માટે આર્થિક ભારણ તુલનાત્મક રીતે વધારે રહેલ છે તેવું અનુભવાય છે.

### GATI - ગ્રામ પંચાયત યોજનાની અનિવાર્યતા: તર્ક-3


ઇન્ટર નેટ સેવાઓ મેળવવા માટેનું આર્થિક ખર્ચ આદિવાસી કુટુંબોમા સવિશેષ બોજો ઊભો કરી રહેલ છે. અંતરિયાળ **આદિવાસી** વિસ્તારોના વિધ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશનમાં અનુભવેલ ઇન્ટરનેટ સેવા મેળવવા માટે અને આ ટેક્નોલોજી પાછળ ઘણા કુટુંબો દેવામાં ગરકાવ થયા છે. વિધ્યાર્થી સમૂહની જેમ વર્તમાન સમયમાં/આવનાર સમયમાં એક આદિવાસી ખેડૂત,વેપારી અને સમાન્ય નાગરિક પણ આ જ પ્રમાણે ઇન્ટરનેટ સેવા મેળવવા દેવું અનુભવી શકે/ અનુભવતા હોય શકે.

દૂર પ્રદેશના અંતરિયાળ આદિવાસી ગામોમાં ગરીબી કેન્દ્રિત થયેલ છે. આવા આદિવાસી વિસ્તારોમાં અત્યંત નિર્વાહ સ્તરે જીવતા આદિવાસી પરિવારો કોઈ પણ નવો આર્થિક બોજો સહન કરી શકે તેવી અવસ્થામાં નથી. આવા સંજોગોમાં આદિવાસી વિકાસ યોજનાની અપેક્ષિત સફળતા માટે અંતરિયાળ ગામોમાં ઇન્ટરનેટ સેવાઓ પ્રત્યેક ગામમાં અનિવાર્ય રીતે અને મફત આપૂરતી કરવાની રહેશે, જે સંદર્ભમાં GATI-ગ્રામ પંચાયત યોજના નું સૂચન કરવામાં આવેલ છે.

સંદર્ભ અભ્યાસમાં ઇન્ટરનેટ માટેની અનિવાર્ય એવી વીજ જોડાણ સેવાઓ અંગેની સ્થિતી જાણવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ સંદર્ભના પૂછવામાં આવેલ પ્રશ્નોનાં જવાબના તારણો નીચે મુજબ છે.




અંતરિયાળ પરદેશમાં વીજળી પોહોંચી છે તે વાત સાચી પણ ગરીબીના કારણે જેવો વીજ જોડાણ ધરાવતા નથી તેવા અંતરિયાળ પ્રદેશના આદિવાસી વિધ્યાર્થીઓ ઓનલાઈન એજ્યુકેશનમાં ઘણી સમસ્યાઓ અનુભવી રહ્યા છે. અંતરિયાળ પરદેશની વીજળીની અનિયમિતતાઓ અને જરૂરી વીજ પુરવઠો અપ્રાપ્ય હોવો તે ઓનલાઈન એજ્યુકેશન આડે નો બહુ મોટો અંતરાય છે. આ પ્રકારના અંતરાયો અંતરિયાળ પરદેશમાં ઘણા છે. ઉપરના ગ્રાફ માં આ અંગેની મહિતી આપેલ છે. આદિવાસી વિધ્યાર્થીઓ આ તમામ મુસીબતો ઓનલાઈન એજ્યુકેશન મેળવવામાં ખૂબ મોટા પ્રમાણમા અનુભવી રહ્યા છે. આ સંજોગોમાં વિધ્યાર્થીઓ ઓનલાઈન એજ્યુકેશનમાં કેટલા પ્રમાણમા વર્ગો ભરવામાં સફળતા હાંસલ કરે છે, તે અંગે વિગતે જાણવા ઉપરોક્ત અભ્યાસમાં આ સંદર્ભનો પ્રશ્ન પૂછવામાં આવેલ હતો, તેના પ્રતિભાવનું વર્ણન નીચેના ગ્રાફમાં કરવામાં આવેલ છે. જો કે અહી પણ જિલ્લાવાર તુલના કરવી અશક્ય છે. ગતિ ગ્રામ પંચાયતો નિયમિત રીતે વીજ પુરવઠો મેળવતી થશે તે ગતિ ગ્રામ પંચાયતોની સફળતા માટેની પ્રાથમિક શરત છે.




ઉપર વર્ણન કરેલ અભ્યાસના સંદર્ભમાં ઉપરના ગ્રાફમાં દર્શાવેલ માહિતી ના આધારે કહી શકાય કે મોટા ભાગના વિધ્યાર્થીઓ 60% થી પણ ઓછા વર્ગો ભરવામાં સફળ રહ્યા છે. બહુ મોટા પ્રમાણમા વિધ્યાર્થીઓ વિવિધ જિલ્લામાં એવા નોંધાયા છે કે તેવો 40% સુધી જ વર્ગો ભરવામાં સફળ રહ્યા છે. માત્ર 20% સુધી જ વર્ગ ભરવામાં સફળતા મેળવેલ છે તેવા વિધ્યાર્થીઓની સંખ્યા પણ ઠીક-ઠીક પ્રમાણમાં જણાય છે. આ હકીકત ને જોતાં જણાય છે કે અંતરિયાળ આદિવાસી પ્રદેશના વિધ્યાર્થીઓ ઓનલાઈન ઈજ્યુકેશન મેળવામાં ઘણો જ ઊંચો સંઘર્ષ કરીને પણ ઘણી ઓછી સફળતા હાંસલ કરતાં જણાયા છે.

ઓનલાઈન શિક્ષણ સંદર્ભનો આદિવાસી વિધ્યાર્થીઓનો અનુભવ જણાવતા વિધ્યાર્થીઓ પૈકીનાં 80% વિધ્યાર્થીઓ જણાવે છે કે ઓનલાઈન ઈજ્યુકેશન ઇન્ટરનેટ જોડાણની વિવિધ ક્ષતિઓના કારણે ખુબજ ઓછું આઉટપુટ આપી રહેલ છે, પરિણામ એ આવે છે કે તેવો પ્રત્યક્ષ એજ્યુકેશનમાં જેવો દેખાવ કરે છે તેવો અહી કરી શકતા નથી. અત્યંત સ્પષ્ટ બાબત છે કે દૂર ખેતર માં અને જંગલ પ્રદેશમાં જઈને ઇન્ટરનેટ જોડાણ દ્વારા થતું આ પ્રકારનું ઈજ્યુકેશન પ્રત્યક્ષ એજ્યુકેશન જેટલું પરિણામ ન જ આપી શકે.

ઓનલાઈન એજ્યુકેશન કે જેનો પાયો ઇન્ટરનેટ જોડાણ છે. તેમાં વર્તમાન સમયમાં ઘણી ત્રુટીઓ છે. આ ત્રુટીઓના કારણે ઓનલાઈન એજયુકેશનમાં ઘણી મર્યાદિત સફળતા મળી રહેલ છે. જે ઉપરના ગ્રાફમાં

દર્શાવામાં આવેલ છે. જો આ ત્રુટીઓ /ક્ષતિઓ નિવારવામાં ન આવે તો આગામી સમયમાં ઓનલાઈન એજ્યુકેશનને મળેલ અત્યંત મર્યાદિત સફળતા ની જેમ જ આદિવાસી વિકાસ યોજનાઓને પણ ઘણી મર્યાદિત સફળતા મળવાની શક્યતાઓ છે. જો ભવિષ્યની આદિવાસી વિકાસ યોજનાઓ કે જેના મૂળ પાયા તરીકે ઇન્ટરનેટ જોડાણ રહેવાનુ છે. તેવી યોજનાઓની સફળતાની ઉચ્ચા કક્ષા નિશ્ચિત કરવી હોય તો GATI- ગ્રામ પંચાયત દ્વારા અંતરિયાળ આદિવાસી ગામોમાં ઇન્ટરનેટ જોડાણ સુનિશ્ચિત કરવું અને તે અત્યંત સસ્તા (લગભગ મફત) દરે પ્રાપ્ય કરાવવું અનિવારી છે.

**GATI - ગ્રામ પંચાયત યોજનાની અનિવાર્યતા: તર્ક- 4**


ભવિષ્યમાં ઇન્ટરનેટ દ્વારા એજ્યુકેશન મેળવવાનો કે એજયુકેશનના પૂરક સ્ત્રોત તરીકે ઇન્ટરનેટ ઉપયોગ કરવાનું ચલણ ધીરે-ધીરે વધવાનું જ છે તે બાબત બિંન-વિવાદિત છે, પરંતુ ઇન્ટરનેટ સેવાઓ મેળવવા માટેનું આર્થિક ખર્ચ આદિવાસી કુટુંબોમા સવિશેષ બોજો ઊભો કરી રહેલ છે. અંતરિયાળ આદિવાસી વિસ્તારોના વિધ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશનમાં અનુભવેલ ઇન્ટરનેટ સેવા મેળવવા માટે ઘણા સંઘર્ષો પછી પણ તેમની સફળતા ઘણી જ મર્યાદિત રહેલ છે.

અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રહેતા વિધ્યાર્થી સમૂહ આજે વર્તમાન સમયમાં ઇન્ટરનેટ દ્વારા ઘણા પ્રયત્નો/સંઘર્ષ પછી પણ ઘણું મર્યાદિત મેળવી શકે છે. આવનાર સમયમાં વિધ્યાભ્યાસમાં ઇન્ટરનેટનો ઉપયોગ વધુ ને વધુ રહેવાનો જ છે.

દૂર પ્રદેશના અંતરિયાળ આદિવાસી ગામોમાં રહેતા ગરીબી આદિવાસી વિધ્યાર્થીઓ ઇન્ટરનેટના મર્યાદિત ઉપયોગ થકી સ્પર્ધમાથી દૂર ધકેલાઇ ન જાય તે માટે. આવા આદિવાસી વિસ્તારોમાં અત્યંત નિર્વાહ સ્તરે જીવતા આદિવાસી પરિવારોના વિધ્યાર્થીઓની ક્ષમતા વિસ્તરણ અર્થે આદિવાસી વિકાસના પાયા સમાન આદિવાસી વિધ્યાર્થીઓની સજ્જતા માટે તેમની શૈક્ષણિક અપેક્ષિત સફળતા માટે અંતરિયાળ ગામોમાં ઇન્ટરનેટ સેવાઓ પ્રત્યેક ગામમાં અનિવાર્ય રીતે અને મફત આપૂરતી કરવાની રહેશે, જે સંદર્ભમાં GATI-ગ્રામ પંચાયત યોજના નું સૂચન કરવામાં આવેલ છે.

**C-7: યોજના (ક્લોજ સર્કિટ કેમેરાના સતત અનુપાલન હેઠળ સમાન વર્ગો માટે ની યોજના**

ઉપરોક્ત GATI-ગ્રામ પંચાયતની આકડાકીય પુરાવા સાથેની દલીલો બાદ GATI- ગ્રામ પંચાયતનો યોજના પ્રસ્તાવ રજૂ કરેલ છે.




**પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જરૂરી સુધારાઓ માટેના સૂચનો:**

(1) **C-7 : યોજના (ક્લોજ સર્કિટ કેમેરાના સતત અનુપાલન હેઠળ સમાન વર્ગો માટે ની યોજના) :**

આ યોજના તેના નામ પ્રમાણે કુલ સાત C થી બનેલ ઘટકોની સંયુક્ત અમલવારી છે, જેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.


| **C - 7 = ( C- સેવન ) : યોજના** | |
|---|---|
| C | Common |
| C | Classes under |
| C | Continuous |
| C | Clouse |
| C | Circuit |
| C | Camera |
| C | Compliance |
| | Common Classes under Continuous Clouse Circuit Camera Compliance |

## ક્લોઝ સર્કિટ કેમેરાના સતત અનુપાલન હેઠળ સમાન વર્ગો

સરકારી પ્રાથમિક શાળાના શિક્ષણની પરિસ્થિતી લગભગ સંપૂર્ણ ભારત દેશમાં ઘણી દયાજનક અવસ્થામાં છે, આ સંદર્ભના ઘણા શંશોધનો થયેલા છે. અંતરિયાળ આદિવાસી ગામોમાં આ સ્થિતિ વિના આપવાદે અમે અનુભવેલ છે. પ્રાથમિક શાળાના શિક્ષણની ગુણવત્તા અત્યંત નીચા સ્તરે અનુભવાય છે. અનેક સંશોધનો આ સંદર્ભના વિવિધ માધ્યમો થકી અત્યંત ગંભીર સ્થિતિ સૂચક અંગુલિ નિર્દેશ કરતાં જણાયા છે. પ્રાથમિક શાળાઓ એક પ્રકારના વિષચક્રમાં ફસાયેલ જોઈ શકાય છે. આ અત્યંત ગંભીર સ્થિતિ માથી બહાર આવવા અને શિક્ષણની ગુણવત્તા સુધાર માટે આ "ક્લોઝ સર્કિટ કેમેરાના સતત અનુપાલન હેઠળ સમાન વર્ગો". ની યોજના વિચારવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રત્યેક જિલ્લા સ્તરેથી પ્રત્યેક દિવસે શિક્ષણ કાર્યની પ્રારંભમાં 40 મિનિટ અને શિક્ષણ કાર્યની અંતમાં 40 મિનિટ એક બે વર્ગો તમામ શાળાઓમાં ધોરણવાર (બે ધોરણ સંયુક્ત) બધા માટે સમાન ઓનલાઈન પ્રકારે પ્રસારિત થશે. અહી ક્લોઝ સર્કિટ કેમેરાના સતત અનુપાલન હેઠળ સમાન વર્ગો લેવાના હોવાથી જ્યાં જરૂરિયાત જણાશે ત્યાં વિધ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી અને ચર્ચાઓ પણ શક્ય બનાવી શકશે. આ વર્ગોના ફળશ્રુતી તરીકે દિવસના અંતે તેનું મૂલ્યાંકન કાર્ય પણ ઓનલાઈન પ્રકારે થશે. પ્રત્યેક શાળાના પ્રત્યેક ધોરણ વાર (બે ધોરણ સંયુક્ત) એક ટીમ તરીકે વિધ્યાર્થીઓ આ મૂલ્યાંકનમાં ભાગ લેશે. સત્રાંતે વિવિધ મૂલ્યાંકનના પરિપાક સ્વરૂપે પ્રત્યેક ધોરણ પોતાનું પરિણામ પ્રાપ્ત કરશે. વિવિધ ધોરણોના પરિણામો અનુસાર શાળાનું પોતાનું પ્રદર્શન સ્તર પણ નક્કી થશે.

**C-7 યોજનાના અમલીકરણ માટે પ્રાથમિક શાળામાં અનિવાર્ય સવલતો:**

| ધોરણ | કોમ્પુટર યુનિટ નંગ | પ્રોજેક્ટર યુનિટ નંગ | C.C કેમેરા યુનિટ નંગ |
|---|---|---|---|
| 3 & 4 | 1 | 1 | 1 |
| 5 & 6 | 1 | 1 | 1 |
| 7 & 8 | 1 | 1 | 1 |
| **કુલ જરૂરિયાત એકમો** | 3 | 3 | 3 |




**પ્રાથમિક શાળાનો સમાન વર્ગ:**

પ્રત્યેક શાળામાં એકજ સમયે એકજ વિષય વસ્તુનો વર્ગ ઓનલાઈન પ્રસારણ દ્વારા નિયમિત ધોરણે આયોજન થશે.

આ પ્રકારના વર્ગમાં  ધોરણ-4 અને 5 તે પ્રમાણે ધોરણ-5 અને 6 તથા ધોરણ-7 અને 8 સંયુક્ત રીતે એક ટીમ બનાવીને ભાગીદાર બનશે.

અંતરિયાળ આદિવાસી ગામોમાં પ્રાથમિક શાળાના શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે જ્યાં શિક્ષકો પોતાનું શિક્ષણ કાર્ય નિયમિત રીતે કરીજ રહ્યા છે ત્યાં વિદ્યાર્થીઓના શિક્ષણને પૂરક એવો અલાયદો શિક્ષણ કાર્યક્રમ આ પ્રકારના સમાન વર્ગ કાર્ય દ્વારા હાથ ધરવામાં આવશે. જે એકમ વર્ગમાં અભ્યાસક્રમના જે તે એકમોને તો સમાવતો હશે જ , સાથે સાથે વ્યવહારુ ઉદાહરણો દ્વારા રસપ્રદ શ્રેણીમાં આગળના વર્ષના અને પાછળના વર્ષના સવલગ્ન વિષયાંગનો પણ સમાવેશ કરતો હશે. મુખ્યત્વે તે અભ્યાસક્રમ ને પૂરક છતા અભ્યાસક્રમ પૈકીનું વિષય વસ્તુ ચર્ચા કરતો હશે. આ પ્રકારનો સમાન વર્ગ તે પ્રત્યેક જીલ્લામાં નક્કી કરેલ પ્રસારણ કેન્દ્રની શાળા મારફતે જિલ્લાની તમામ શાળાઓમાં નિર્ધારિત સમયે પ્રસારિત થતો હશે. જેમાં આ સમાન વર્ગના આયોજન સાથે જોડાયેલ પ્રત્યેક એકમની જવાબદારી નીચે મુજબની રહેશે.

**પ્રસારણ કરતું કેન્દ્ર:**

જીલ્લામાં નક્કી કરેલ કેન્દ્ર દ્વારા ( ટેકનિકલ સગવડતના આધારે જિલ્લાની એક શાળા પ્રસારણ કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવશે.) નક્કી કરેલ વિષય વસ્તુ સાથે રોજના બે વર્ગો પ્રસારિત કરવામાં આવશે. વર્ગોનું વિષય વસ્તુ નિર્માણ કરવાનું કાર્ય પ્રાથમિક શાળાના જે તે જિલ્લાના શિક્ષકો દ્વારા જ ફરજ ના ભાગ રૂપે થશે. જે પ્રસારિત કેન્દ્રને આગોતરું મોકલી આપવામાં આવશે. નિર્ધારિત સમયે નિર્ધારિત સૂચના અનુસાર આ વર્ગનું પ્રસારણ કાર્ય હાથ ધરવામાં આવશે. જો પ્રસારણમાં કોઈ વિઘ્ન ઊભો થાય તો તેવા સંજોગોમાં વર્ગનું નક્કી કરેલ શિક્ષણિક કાર્ય શાળાના શિક્ષકોએ કેવી રીતે પૂર્ણ કરવાનું છે તે પણ નિર્ધારિત હશે જ . જે તે દિવસની નિર્ધારિત કસોટી આપવી અનિવાર્ય રહેશે જે ભવિષ્યમાં પણ આપી શકશે, શરત એ હશે કે તે વર્ગખંડ માં જ અને cc કેમેરાની ચાલુ હાલતમાં જ વિધ્યાર્થીઓ દ્વારા આપવામાં આવશે.

**શાળા સ્તરે થતી કામગીરી**

વિધ્યાર્થીઓ દ્વારા પ્રસારિત વર્ગોમાં નિર્ધારિત સમયે સૂચના મુજબ (ટાઈમ ટેબલ મુજબ) પ્રત્યેક વિધ્યાર્થી પોતાના નિર્ધારિત સમૂહમાં જોડાઈ નિર્ધારિત વર્ગમાં સ્થાન ગ્રહણ કરી સામૂહિક રીતે ભાગ લેશે. આ સમાન વર્ગમાં અત્યંત રસપ્રદ શૈલીમા વિષય વસ્તુ ભણવામાં આવતી હશે. સાથે સાથે cc કેમેરા દ્વારા વર્ગખંડનું જીવંત પ્રસારણ પ્રત્યેક શાળાનું પ્રસારણ કેન્દ્રમાં રેકોર્ડ થતું રહેશે. વિધ્યાર્થીઓ વર્ગકાર્યમાં વિષય સંબંધિત પ્રશ્નો પોતાના વર્ગમાં ઉપસ્થિત શિક્ષકોને નિર્ધારિત આંતરલમાં નક્કી કરેલ સમયે પૂછી શકશે.

શિક્ષકો આ સમાન વર્ગના સમયે જે તે પોતાના વિષય અનુસરના વર્ગોમાં હાજર રહી વિધ્યાર્થીઓને સહાયક સેવાઓ આપશે. વિધ્યાર્થીઓ દ્વારા જો આ વર્ગકાર્યમાં જે તે વિષય સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવશે તો વર્ગમાં ઉપસ્થિત જે તે વિષયના શિક્ષકો દ્વારા તે પ્રશ્નના  ઉત્તરો જે તે વર્ગમાં પ્રસારિત થતાં વર્ગ દરમ્યાન જ (નિર્ધારિત આંતરલમાં નક્કી કરેલ સમયે) આપવાના રહેશે.

**સમાન વર્ગ કાર્યક્રમનુ મૂલ્યાંકન**

C –સેવન યોજનાના અંગભૂત ઘટક તરીકે આ સમાન વર્ગોનું C . C  કેમેરા દ્વારા પ્રસારિત કેન્દ્રને પ્રત્યેક શાળાનું જીવંત ચિત્ર પ્રાપ્ત થતું રહેશે. જેનો રેકોડ પ્રત્યેક સમૂહવાર, વર્ગવાર અને તારીખવાર આપો આપ નિર્ધારિત પ્રણાલીમાં રેકોર્ડ થતો રહેશે. ક્યાં સમૂહમાં કઈ શાળામાં કઈ તારીખે શું પ્રતિક્રિયા સમાન વર્ગમાં રહી તે આપો આપ મૂલ્યાંકન માટે ઉપલબ્ધ રહેશે.

સમાન વર્ગના એક અંગભૂત ઘટક તરીકે જ પ્રત્યેક દિવસના અંતમાં નાની મૂલ્યાંકન કસોટી વર્ગ આધારિત online રહેશે. જે પ્રત્યેક શાળાના પ્રત્યેક સમૂહ માટે ફરજિયાત રહેશે. સત્રાંતે જે તે વિધ્યાર્થી સમૂહ ( ધોરણવાર) અને શાળા સ્તરે આપો આપ મૂલ્યાંકન સ્તર જાહેર થશે.

મૂલ્યાંકનના દેખાવના આધારે શાળાઓ અને વિવિધ સમૂહો વચ્ચે સ્પર્ધનું વાતાવરણ ઊભું કરી વધુ સારું પરિણામ હાંસલ કરી શકવાને ઘણો અવકાશ છે. તાલુકા સ્તરે જે તે સત્રની પ્રથમ ત્રણ શાળાઓ અને પ્રથમ ત્રણ વિધ્યાર્થી સમૂહોને પ્રોત્સાહન જાહેર કરી શકશે.

શિક્ષકોના આ સંદર્ભના સારા પ્રતિભાવને પણ વિવિધ પ્રોત્સાહન દ્વારા વધારે દ્રઢ કરી શકશે. સ્પર્ધાત્મક ભાવના પ્રબળ કરવા નીચે પ્રમાણેના પ્રોત્સાહન આયોજિત કરી શકશે.

| મૂલ્યાંકન પરિણામ | શિક્ષક માટે પ્રોત્સાહન | વિધ્યાર્થીઓ માટે પ્રોત્સાહન |
|---|---|---|
| **જિલ્લા સ્તરે પ્રથમ ત્રણમાં સ્થાન** | વર્ગ માટેના વિષય વસ્તુ નિર્માણ માટે ઈજફા/ ભત્તા આયોજન. વર્ગકાર્યમાં સહયોગ બદલ વિવિધ ઍવોર્ડ. | વર્ગકાર્યમાં સારા દેખાવ બદલ વિવિધ ઍવોર્ડ. આંતરિક મૂલ્યાંકન માટેનું ધોરણ |
| **તાલુકા સ્તરે પ્રથમ ત્રણમાં સ્થાન** | (ઉપર મુજબ) | આંતરિક મૂલ્યાંકન માટેનું ધોરણ, આવકાર નોધ |
| **સ્થાનિક/ પ્રાદેશિક સ્તરે પ્રથમ ત્રણમાં સ્થાન** | વર્ગકાર્યમાં સહયોગ બદલ વિવિધ ઍવોર્ડ. | આંતરિક મૂલ્યાંકન માટેનું ધોરણ |
| **ભૂતકાળના સ્વયં દેખાવ કરતાં સુધારો** | આવકાર નોધ | આંતરિક મૂલ્યાંકન માટેનું ધોરણ |

ઉપરોક્ત સૂચિત વિવિધ પ્રોત્સાહન દ્વારા વિધ્યાર્થીઓ અને શિક્ષકોમાં સ્પર્ધાત્મક ભાવના વિકસાવીને સમાન વર્ગ યોજનામાં વધારે સારું પરિણામ હાંસલ કરી આદિવાસી વિધ્યાર્થીઓમાં પ્રાથમિક શાળાના શિક્ષણ સ્તરમાં સુધારને અવકાશ રહેલો છે.

### 4.4.3 મધ્યાહ્ન ભોજન યોજના: દૂધ સંજીવની યોજના અને આદિવાસી બાળકોમાં કુપોષણની સમસ્યા:

આદિવાસી વિધ્યાર્થીઓમાં કુપોષણની સમસ્યા ઘણી વિકટ સમસ્યા ગુજરાત રાજ્યમાં બનેલ છે.
સરકાર દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે આદિવાસી વિસ્તારની શાળાઓમાં દૂધ સંજીવની

યોજના પ્રારંભ કરેલ છે. આ યોજના ઘણા સારા પરિણામો આપી રહેલ છે. વલસાડ જિલ્લા માનવ વિકાસ અહેવાલ કે જે ગુજરાત સરકારના એકમ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અને આ અહેવાલ નિર્માણ કરવાનું કાર્ય ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપકો દ્વારા કરવામાં આવેલ છે, તેમના દ્વારા દૂધ સંજીવની યોજનના ને એક સફળ યોજના તરીકે નિરૂપિત કરેલ છે. દૂધ સંજીવની યોજના હેઠળ આદિવાસી પ્રદેશની શાળાના વિધ્યાર્થીઓને ફ્લેવર્ડ દૂધ પેકેટ રોજિંદા સ્તરે આપવામાં આવે છે, અહી ગેરરીતિ ને કોઈ અવકાશ દેખાતો નથી. મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત બાળકોના ભોજનની ગુણવત્તા ઘણા સંજોગોમાં વિવાદાસ્પદ બનેલ જોવા મળી છે. ઘણા કિસ્સાઓ માં ગેરરીતિઓ સાબિત પણ થયેલ છે. આ સંજોગોમાં મધ્યાહ્ન ભોજન યોજના અને દૂધ સંજીવની યોજના અંતર્ગત આદિવાસી વિધ્યાર્થીઓને જો વધુ પ્રમાણમા જુદા જુદા પોષણપ્રદ આહરો પેકેટ સ્વરૂપે મધ્યાહ્ન ભોજન યોજનના પૂરક આહાર તરીકે આપવામાં આવશે તો આદિવાસી બાળકોમાં જોવા મળતી કુપોષણની સમસ્યામાં રાહતને અવકાશ રહેલો છે. આ પ્રકારના પેકેટ આહારોમાં મુખ્યત્વે સૂકા નાસ્તાઓ કે જે આદિવાસી વિધ્યાર્થીઓમાં લોકપ્રિય હોય. આ નાસ્તાઓમાં પોષક દ્રાવીઓ ભેળવેલ વિવિધ નમકીનો, પોષક દ્રાવીઓ ભેળવેલ વિવિધ સુખડી મોહનથાળ જેવી વાનગીઓ, પોષક દ્રાવીઓ ભેળવેલ વિવિધ પાપડ તેજ પ્રમાણે પોષક દ્રાવીઓ ભેળવેલ વિવિધ સ્થાનિક લોકપ્રિય ખોરાકની સૂકી સ્વરૂપની બનાવટો.

આદિવાસી વિધ્યાર્થીઓમાં કુપોષણનો રાક્ષસી પ્રશ્ન હલ કરવો/ નિરાકરણ કરવો એ આદિવાસી વિકાસ નો પ્રથમ તબક્કો છે. કુપોષણના પ્રશ્નને નિરાકરણ કરવામાં આવશે તે પછીજ આદિવસી બાળકોનો શિક્ષણિક સિદ્ધિમાં સુધારો અપેક્ષિત પ્રમાણમા જોઈ શકશે. જો આદિવાસી બાળકો યોગ્ય શિક્ષણ અને કોશલ્ય પ્રાપ્ત કરશે તો જ આ કોશલ્ય અને શિક્ષણ થકી નવી ટેકનૉલોજી અપનાવી સફળતા પૂર્વક પોતાની ઉત્પાદકતા હાંસલ કરી શકશે. ઉત્પાદકતા વૃદ્ધિ હાંસલ કરેલ શિક્ષિત આદિવાસી યુવાનો વધુ આવક અને વધુ સારું કે બહેતર જીવન સ્તર ભોગવતા હશે. આમ આદિવાસી બાળકોનો કુપોષણનો વિકરાળ પ્રશ્ન તે આદિવાસી આર્થિક વિકાસ દર્શનના પાયાના પત્થર સમાન છે. આ પ્રશ્નને પ્રાથમિક અગ્રિમતા આપી નિવારણ કરવો જ રહ્યો.

### 4.4.4 રોજગારીની શોધમાં મોસમી સ્થાનાંતરણ કરતા શ્રમિકોના બાળકો માટેની સિજનલ હોસ્ટેલ:

**સીજનલ હોસ્ટેલ અંગેનો અભ્યાસ: તારણો અને નીતિ વિષયક સૂચનો:**

સિજનલ હોસ્ટેલ ડાંગજિલ્લામાં સ્થાનંતરણ કરતાં પરિવારો માટે અત્યંત ઉપયોગી સાબિત થયેલ છે. સ્થાનંતરણ કરતાં પરિવારોને તેમના નાના બાળકોની સંભાળની બાબતમાં કાયમ ચિંતા રહ્યા કરે છે.સ્થળાંતર કરતાં પરિવારો જ્યાં રોજગારી અર્થે જાય છે, તે પ્રદેશોમાં મોટા ભાગના કિસ્સાઓમાં તેમણે ક્યાતો ખેતરોમાં અથવા રોડ બાજુની ખુલ્લી જગ્યાઓમાં અત્યંત હંગામી ધોરણે જાતે જ બનાવેલ જુપડા જેવા ઘરોમાં કોઈ પણ પ્રકારની પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે દિવસો પસાર કરવાના થાય છે. આ પરિસ્થિતિમાં જો તેમના બાળકો તેમની સાથે હોય તો બાળકો અત્યંત અસલામત સ્થિતિમાં મુકાય જાય છે. બાળકો આ સ્થિતીમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને અન્ય તમામ જરૂરિયાતના અભાવમાં જીવન વ્યતીત કરવામાં માટે તરછોડાયેલ બાળક જેવી સ્થિતીમાં મુકાય જાય છે. આવી પરિસ્થિતી માથી ઉકેલ મેળવવા જે પરદેશમાં (ગામોમાં) સ્થાનંતરણ સામૂહિક રીતે અને મોટા પ્રમાણમા થાય છે, ત્યાં તે પ્રદેશોમાં સ્થાનતરણની ઋતુ/સમય દરમિયાન સરકાર દ્વારા સ્થનાંતરણ કરતાં કુટુંબના શાળા એ જવા માટેની યોગ્યતા ધરાવતા બાળકો માટે સિજનલ હોસ્ટેલ કાર્યાન્વય કરવામાં આવે છે. આ હોસ્ટેલમાં આ પ્રકારના બાળકોને સલામત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. તેમના નિભાવ માટે ભોજન અને નિવાસ ઉપરાંત શિક્ષણ અને સ્વાસ્થયની જરૂરિયાત પણ વાહન કરવામાં આવે છે. આ પ્રકારની સિજનલ હોસ્ટેલ સંપૂર્ણરીતે વિના મૂલ્યે સ્થનાંતરણ કરતાં કુટુંબોને સેવા આપે છે. આ સિજનલ હોસ્ટેલ સ્થનાંતરણ કરતાં કુટુંબોમા ઘણી આવકાર પામેલ છે. તેની સફળતા જોતાં અહી તેના સંદર્ભનો એક નાનો સર્વે અભ્યાસ કરેલ છે અને આ પ્રકારની સિજનલ હોસ્ટેલ વધારે પ્રમાણમા અન્ય પ્રદેશોમાં પણ જ્યાં આદિવાસી સ્થનાંતરણ થાય છે ત્યાં અપનાવામાં આવે તે માટે ડાંગ જિલ્લાની આ પ્રકારની સિજનલ હોસ્ટેલના લાભાર્થી કુટુંબોનો અભ્યાસ કરેલ છે. આ અભ્યાસ દ્વારા આ પ્રકારની સિજનલ હોસ્ટેલ સ્થનાંતરણ કરતાં કુટુંબોને કેવી અને કેટલી રીતે આર્થિક અનુકૂળતા કરી આપે છે અને તેની સાથે સાથે તે બાળકોના વિકાસ માં કેવી રીતે મદદરૂપ થઈ રહેલ છે તે નિદર્શિત કરી રહેલ છે.

અભ્યાસક્ષેત્ર પરિચય: પ્રસ્તુત અભ્યાસ ડાંગ જિલ્લાના અંતરિયાળ સુબીર તાલુકાનાં વિવિધ ગામોના લાભાર્થી કુટુંબો સંદર્ભનો છે.

ઉપરોક્ત સર્વેમાં લાભાર્થી કુટુંબોને જે પ્રશ્નો પૂછવામાં આવેલ હતા અને તેમાં તેમના જે પ્રતીભાવ જણાયા હતા તેનું વિશ્લેષણ નીચે મુજબ રજૂ કરેલ છે.


આપની મહિનાની સરેરાશ આવક અંદાજિત કેટલી હશે?

ઉપરોક્ત ઉત્તરદાતાઓ પૈકીનાં કોઈ પણ ઉત્તરદતની મહિનાની આવક દસ હજાર રૂપિયાથી વધારેના સમૂહમાં જોવા મળી ન હતી. ઉત્તરદાતાઓના મુખ્ય વ્યવસાય બે જણાયા હતા. ખેતીકામ અને મજૂરી કામ આ બે વ્યવસાયવાર જો તેમની મહિનાની આવકને જોવામાં આવેતો મહિને રૂપિયા પાંચ હજાર થી ઓછી આવક મેળવતા કુટુંબો ખેતીકામ મુખ્ય વ્યવસાય કરતાં સમૂહમાં 13 જણાયા હતા જ્યારે મજૂરીકામ કરતાં સમૂહમાં એક જણાયો હતો. જો કે નિદર્શ કદની મર્યાદાને જોતાં કોઈ ચોક્કસ તારણ નીકળવું મુશ્કેલ છે. એક નિષ્કર્ષ જે સ્પસ્ટ પણે મેળવી શકાય છે, જેમાં નિદર્શ કદ ની મર્યાદાથી આગળ અભ્યાસ ક્ષેત્રની મુલાકાત અને જાત નિરીક્ષન આધારે મેળવેલ છે તે એ કે ઉત્તરદાતાઓ BPL ધારક હોય કે ન હોય પણ વાસ્તવમાં સહુ નિરપેક્ષ ગરીબીનો શિકાર છે. અભ્યાસ ક્ષેત્રમાં જણાયું કે અહી રાજ્યના બાકી પ્રદેશોની સરખામણીમાં એકંદરે અહી ખુબજ ગરીબી કેન્દ્રિત થયેલ છે. નીચે આપેલ સર્વે વિશ્લેષણ પણ આ બાબતનો પુરાવો પૂરો પાડે છે.

| | 5000 સુધી | 5000 થી 7000 | 7000 થી 10000 | કુલ |
|---|---|---|---|---|
| ખેતી | 13 | 16 | 5 | 34 |
| ટકાવારી (આડી) | 38.20% | 47.10% | 14.70% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 92.90% | 76.20% | 45.50% | 73.90% |
| મજૂરી | 1 | 5 | 6 | 12 |
| ટકાવારી (આડી) | 8.30% | 41.70% | 50.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 7.10% | 23.80% | 54.50% | 26.10% |
| કુલ | 14 | 21 | 11 | 46 |
| ટકાવારી (આડી) | 30.40% | 45.70% | 23.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

ઉત્તરદાતાનું કુલ સંપત્તિ મૂલ્ય અંદાજિત રૂપિયા ( આર્થિક દરજ્જો)

સર્વેમાં ઉત્તરદાતાનું કુલ સંપત્તિ મૂલ્ય જે માત્ર અંદાજિત રૂપિયા માં મેળવવા અથવાતો ઉત્તરદાતાઓનો આર્થિક દરજ્જો જાણવા માટે તેમને પ્રશ્ન પૂછવામાં આવેલ હતા: આપની મકાન,જમીન,ફર્નિચર,દાગીના વગેરે મળી કુલ સંપત્તિ મૂલ્ય અંદાજિત કેટલું હશે? તેના પ્રત્યુત્તર માં મેળવેલ માહિતીનું વિશ્લેષણ નીચે મુજબ છે.





ઉપરોક્ત ગ્રાફમાં જોતાં જણાય છે કે, લગભગ 9% ઉત્તરદાતાઓ માત્ર 50 હજાર રૂપિયાની કુલ સંપતિ માલિકી ધરાવે છે. એક લાખ થી 1.5 લાખ રૂપિયાની અંદાજિત સંપતિ માલિકી ધરાવતા સમૂહમાં લગભગ 28% ઉત્તરદાતાઓ સમાવેશ થાય છે. જયારે 1.5 લાખ થી બે લાખ રૂપિયાની અંદાજિત સંપતિ માલિકી ધરાવતા સમૂહમાં પણ એટલાજ ઉત્તરદાતાઓ એટલેકે લગભગ 28% નો સમાવેશ થાય છે. બંને સમૂહને સયૂક્ત રીતે જોતાં કહી શકાય કે 1 થી 2 લાખ રૂપિયાની અંદાજિત સંપતિ માલિકી ધરાવતા સમૂહમાં લગભગ 56 % ઉત્તરદાતાઓ એટલેકે અડધા કરતાં પણ વધારે ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. ઊંચા સંપતિ મૂલ્ય ધરાવતા સમૂહો એટલેકે 2 લાખ થી 2.5 અને 2.5 થી વધારેમાં અનુક્રમે 6.5% અને 4.3% ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. આમ જોઈ શકાય છે કે આ આદિવાસી પ્રદેશના ઉત્તરદાતાઓ (આવક અને સંપતિના ઉપરોક્ત અંદાજિત માપન દ્વારા) જેને દારુણ ગરીબીની અવસ્થા કહી શકાય તેવી આર્થિક સ્થિતિમાં જીવન નિર્વાહ કરી રહ્યા છે.

### સ્થળાંતર દરમિયાન કરવામાં આવતી કમાણી

દારુણ ગરીબીની અવસ્થામાં જીવન વ્યતીત કરતાં ઉત્તરદાતાઓ જીવન નિર્વાહના સ્થાનિક વિકલ્પોની ગેર-હાજરીમાં સ્થળાંતર કરતાં હોય છે. સમૂહ ચર્ચામાં તેવો દ્વારા જણાવાયુ કે જો સ્થાનિક રોજગારીના વિકલ્પોનું સર્જન થાય તો તેવો સ્થળાંતર નહીં કરે, સ્થળાંતર દ્વારા તેમને કોઈ ખાસ કે નોધનીય વધારે આવક સર્જન થાય છે તેવું નથી. આ સંદર્ભમાં તેમની સ્થળાંતર દ્વારા


પ્રાપ્ત થતી આવક જાણવા તેમને પ્રશ્ન પૂછાયો હતો "સ્થળાંતર દરમિયાન આપ કેટલી કમાણી કરો છો?" તેમના દ્વારા આપવામાં આવેલ પ્રત્યુતરોનું વિશ્લેષણ નીચેના ટેબલમાં જોઈ શકાય છે.




સ્થળાંતર ના પૂરા સમયકાળ દરમિયાન એટલેકે સ્થળાંતરની એક સીજન દરમિયાન તેવો 25 થી 75 હજાર રૂપિયાની કમાણી મેળવી શકે છે. તેમની કમાણી તેવો એક સ્થળાંતરની મોસમ દરમિયાન કેટલો શ્રમ કરે છે. પતિ અને પત્ની સયૂક્ત રીતે તેના ઉપર નિર્ભર રહે છે. સમાન્ય રીતે નાના આશ્રિત બાળકો સાથે સ્થળાંતર કરેલ માતાઓ શ્રમ કાર્યમાં ખૂબ નીચી કમાણી કરે તે સ્વાભાવિક છે. તેજ પ્રમાણે નાદુરસ્તી અને ઇજાના કિસ્સામાં નીચી કમાણી થતી જોવા મળે છે. ઉપરોક્ત કારણો તેમની સ્થળાંતર કમાણીમાં તફાવત કરતાં જણાયા હતા. તેમ છતાં કહી શકાય કે ઉત્તરદાતાઓ મુખ્યત્વે સ્થળાંતર દરમિયાન 50 થી 75 હજાર પતિ-પત્ની સંયુક્ત રીતે એક મોશમમાં કમાણી કરતાં હોય છે.

| વ્યવસાય | 25000 સુધી | 25000 થી 50000 | 50000 થી 75000 | 75000 થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|
| ખેતી | 2 | 15 | 13 | 4 | 34 |
| ટકાવારી (આડી) | 5.90% | 44.10% | 38.20% | 11.80% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 83.30% | 68.40% | 57.10% | 73.90% |
| અન્ય મજૂરી કામ | 0 | 3 | 6 | 3 | 12 |
| ટકાવારી (આડી) | 0.00% | 25.00% | 50.00% | 25.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 0.00% | 16.70% | 31.60% | 42.90% | 26.10% |
| કુલ | 2 | 18 | 19 | 7 | 46 |
| ટકાવારી (આડી) | 4.30% | 39.10% | 41.30% | 15.20% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

સ્થળાંતર દરમિયાન આપે છેલ્લા સ્થનાંતરણમાં (સ્થનાંતરણ દરમિયાન) કેટલી કમાણી કરી હતી ?




છેલ્લા (સ્તનાન્તરં દરમિયાન) કેટલી કમાણી કરી હતી ?

| વ્યવસાય | 25000 સુધી | 25000 થી 50000 | 50000 થી 75000 | 75000 થી વધારે | કુલ |
|---|---|---|---|---|---|
| ખેતી | 2 | 15 | 15 | 2 | 34 |
| ટકાવારી (આડી) | 5.90% | 44.10% | 44.10% | 5.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 78.90% | 75.00% | 40.00% | 73.90% |
| મજૂરી | 0 | 4 | 5 | 3 | 12 |
| ટકાવારી (આડી) | 0.00% | 33.30% | 41.70% | 25.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 0.00% | 21.10% | 25.00% | 60.00% | 26.10% |
| કુલ | 2 | 19 | 20 | 5 | 46 |
| ટકાવારી (આડી) | 4.30% | 41.30% | 43.50% | 10.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

ઉપરોક્ત માહિતી જોતાં જણાય છે કે 75 હજાર રૂપિયા કરતાં વધારે કમાણી એક સ્થનાંતરણ મોસમ દરમિયાન કરવી મોટા ભાગના પરિવારો માટે શક્ય બનતું નથી. ખેતીકામ માં તે અન્ય મજૂરી કામમાં મોટા ભાગના પરિવારો 25થી 75 હજાર રૂપિયા સુધીનું વળતર એક સ્થનાંતરણ મોસમ દરમિયાન મેળવતા જોવા મળેલ છે. તેજ પ્રમાણે 25 હજારથી ઓછું વળતર પણ


અપવાદરૂપ કિસ્સામાં નોધાયેલ જોવા મળ્યું છે. ઉપરોક્ત માહિતીના આધારે કહી શકાય કે આદિવાસી પરિવારોમાં થતું આ પ્રકારનું સ્થનાંતરણ તે આવા ગરીબ પરિવારોને માત્ર નીચા જીવન નિર્વાહ પૂરતું વળતર આપી રહેલ છે.

ખેતી ખેતમજૂરી/નોકરી અન્ય માટે સ્થાનાંતર ક્યાં / કેટલા મહિના કરે છે? જે તે સ્થળ અને વ્યવસાયની પૂર્ણ વિગત

| વ્યવસાય | ૩કે તેથી ઓછા મહિના | 4 | 5 | 6 | 7 | 8 થી વધારે મહિના | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | 0 | 2 | 2 | 15 | 11 | 4 | 34 |
| ટકાવારી (આડી) | 0.00% | 5.90% | 5.90% | 44.10% | 32.40% | 11.80% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 0.00% | 18.20% | 50.00% | 100.00% | 100.00% | 100.00% | 73.90% |
| ગુજરાત બહાર | 1 | 9 | 2 | 0 | 0 | 0 | 12 |
| ટકાવારી (આડી) | 8.30% | 75.00% | 16.70% | 0.00% | 0.00% | 0.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 81.80% | 50.00% | 0.00% | 0.00% | 0.00% | 26.10% |
| કુલ | 1 | 11 | 4 | 15 | 11 | 4 | 46 |
| ટકાવારી (આડી) | 2.20% | 23.90% | 8.70% | 32.60% | 23.90% | 8.70% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

ઉપરોક્ત અભ્યાસમાં આદિવાસી પરિવારોમાં થઈ રહેલ સ્થનાંતરણ માટેની વિગતો જાણવા પૂછવામાં આવ્યું હતું કે "ખેતી ખેતમજૂરી/નોકરી અન્ય માટે સ્થાનાંતર ક્યાં / કેટલા મહિના કરે છે? જે તે સ્થળ અને વ્યવસાયની પૂર્ણ વિગત જણાવો" આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાણવા મળ્યું કે મોટા ભાગના આદિવાસી પરિવારો લગભગ 6 થી 7 મહિના માટે રાજયમાં કે રાજ્યની બહાર રોજગારીની શોધમાં સ્થનાંતરણ કરતાં જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આદિવાસી વિસ્તારો ગુજરાત રાજ્યની સરહદ ઉપર આવેલા હોવાથી તેમના માટે મહારાષ્ટ અને મ્ધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં સ્થનાંતરણ કરવું અત્યંત સહજ છે. વળી તેવો ઘણા કિસ્સાઓમાં દૂર ના રાજ્યોમાં સ્થનાંતરણ કરતાં પણ જોવા મળ્યા હતા.

આપ બીપીએલ કાર્ડ ધરાવો છો?( હા/ના):




દારુણ ગરીબીમાં જીવતા અને સ્થનાંતરણ કરતાં આ પરિવારો માટે લગભગ અડધાવર્ષથી વધારે સમય એટલેકે 6 મહિનાથી વધારે સમય માટે દૂરના સ્થળો ઉપર રોજગારી મેળવવા જવું પડતું હોય છે આ સંજોગોમાં તેવો પૈકીનાં ઘણા પરિવારો પાસે તો BPL કાર્ડ મેળવી ગરીબો માટેના લાભો મેળવવા માટેનું પણ કોઈ ખાસ આકર્ષણ જણાયું ન હતું અત્રે ઉલ્લેખનિય છે કે જાત નિરીક્ષણ કરતાં જણાતું હતું કે આ પરિવારો અત્યંત કંગાલિયત/ દારુણ ગરીબીમાં જીવન જીવતા હતા છતા તેવો BPL કાર્ડ ધરાવતા ન હતા.

આપના કુલ કેટલા બાળકો છે?

| વ્યવસાય | 1 | 2 | 3 | 4 | 5 | 6 કે તેનાથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ખેતી | 0 | 8 | 8 | 12 | 5 | 1 | 34 |
| ટકાવારી (આડી) | 0.00% | 23.50% | 23.50% | 35.30% | 14.70% | 2.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 0.00% | 80.00% | 61.50% | 92.30% | 71.40% | 50.00% | 73.90% |
| અન્ય મજૂરી | 1 | 2 | 5 | 1 | 2 | 1 | 12 |
| ટકાવારી (આડી) | 8.30% | 16.70% | 41.70% | 8.30% | 16.70% | 8.30% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 20.00% | 38.50% | 7.70% | 28.60% | 50.00% | 26.10% |
| કુલ | 1 | 10 | 13 | 13 | 7 | 2 | 46 |
| ટકાવારી (આડી) | 2.20% | 21.70% | 28.30% | 28.30% | 15.20% | 4.30% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

બાળકોની સંખ્યા નું વિશ્લેષણ કરતાં જણાય છે કે મોટા ભાગના સ્થાનંતરણ કરતાં પરિવારોમાં મુખ્યત્વે 2 થી 4 બાળકો સવિશેષ જણાયા હતા. જોકે પાંચ થી 7 બાળકો ધરાવતા પરિવારો પણ આ અભ્યાસમાં જણાયા હતા. બાળકોની આ પ્રકારની જવાબદારી સિજનલ હોસ્ટેલની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાથી ગરીબ પરિવારો માટે હળવી થતી જોવા મળી છે.જે સંદર્ભની માહિતી નીચે મુજબ છે.

તમામ બાળકો શાળામાં/કોલેજ માં ભણ્યા છે? ભણી ગયા છે? હા/ના

| વ્યવસાય | હા | ના | કુલ |
|---|---|---|---|
| ખેતી | 32 | 2 | 34 |
| ટકાવારી (આડી) | 94.10% | 5.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 74.40% | 66.70% | 73.90% |
| અન્ય મજૂરી | 11 | 1 | 12 |
| ટકાવારી (આડી) | 91.70% | 8.30% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 25.60% | 33.30% | 26.10% |
| કુલ | 43 | 3 | 46 |
| ટકાવારી (આડી) | 93.50% | 6.50% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% |

સ્થનાંતરણ કરતાં આદિવાસી પરિવારોને પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા કે “તમામ બાળકો શાળામાં/કોલેજ માં ભણ્યા છે? ભણી ગયા છે?” તેના પ્રત્યુત્તરમાં જણાયું હતુ કે સ્થનાંતરણ કરતાં મોટા ભાગના પરિવારોના સંતાનો શાળા-કોલેજનું શિક્ષણ મેળવતા હતા. અત્યંત સ્પસ્ટ પણે કહી શકાય કે જ્યારે કુટુંબના મોભી એવા માતા-પિતા જો સ્થનાંતરણ કરી વર્ષનો મોટો સમય પરિવાર બહાર વ્યતીત કરતાં હોય તો તેનો સીધી અસર સંતાનોના શિક્ષણ ઉપર પડતી હોય છે. આવા બાળકોના શિક્ષણ ઉપર ન્યૂનતમ અસર પડે તે માટે સીજનલ હોસ્ટેલ ની સુવિધાઓ ઊભી કરવામાં આવતી હોય છે. આવા સ્થનાંતરણ કરતાં પરિવારો ને પૂછવામાં આવ્યું કે આપના કુટુંબના કેટલા બાળકો સીઝનલ હોસ્ટેલમાં રહ્યા હતા/રહે છે? તેના પ્રત્યુતરમાં તમામ ઉત્તરદાતાઓ એટલેકે 100% ઉત્તરદાતાઓ પોતાના બાળકોને આ પ્રકારની સીજનલ હોસ્ટેલમાં મૂકી સ્થનાંતરણ કરતાં જણાયા હતા.

ઉત્તરદાતા ના પરિવાર માંથી કેટલા સભ્યો સ્થળાંતર કરે છે?


| વ્યવસાય | 2 | 3 | 4 | 5 | 6 | 7 કે તેનાથી વધારે | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ખેતી | 18 | 3 | 8 | 0 | 1 | 4 | 34 |
| ટકાવારી (આડી) | 52.90% | 8.80% | 23.50% | 0.00% | 2.90% | 11.80% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 69.20% | 75.00% | 100.00% | 0.00% | 100.00% | 66.70% | 73.90% |
| અન્ય મજૂરી | 8 | 1 | 0 | 1 | 0 | 2 | 12 |
| ટકાવારી (આડી) | 66.70% | 8.30% | 0.00% | 8.30% | 0.00% | 16.70% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 30.80% | 25.00% | 0.00% | 100.00% | 0.00% | 33.30% | 26.10% |
| કુલ | 26 | 4 | 8 | 1 | 1 | 6 | 46 |
| ટકાવારી (આડી) | 56.50% | 8.70% | 17.40% | 2.20% | 2.20% | 13.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

સ્થનાંતરણની પરિવાર ઉપરની અસર મુખ્યત્વે પરિવારના કેટલા સભ્યો દ્વારા સ્થનાંતરણ કરવામાં આવે છે તેના ઉપર થી નક્કી થાય છે. ઉપરોક્ત અભ્યાસમાં જણાયું હતું કે મુખ્યત્વે પતિ-પત્ની એક બે વ્યક્તિઓ દ્વારા સ્થનાંતરણ થતું હોય તે અત્યંત સ્વાભાવિક ઘટના છે. જોકે પરિવાર માથી ત્રણ વ્યક્તિ અને માત્ર એક વ્યક્તિનું સ્થનાંતરણ થતું પણ જોવા મળેલ છે. આવા સંજોગોમાં સ્વાભાવિક પ્રશ્ન ઉદભવે કે "શાળા જવા યોગ્ય 5 થી 18 વર્ષ ના બાળકો કુટુંબ સાથે સ્થળાંતર કરે છે?" ઉપરોક્ત અભ્યાસ માં જણાયું કે તમામ પરિવારો એટલેકે 100% ઉત્તરદાતાઓ પોતાના શાળા જવા યોગ્ય બાળકો ને વતનમાં સીજનલ હોસ્ટેલ માં છોડી ને જતાં જણાયા હતા. આવા સંજોગોમાં હવે એ જાણવું જરૂરી થાય છે કે  સ્થળાંતર દરમિયાન વતનમાં રહેલ બાળકોની જવાબદારી કોણ ઉપાડે છે? જેના પ્રત્યુત્તરમાં નીચે પ્રમાણેની માહિતી મળેલ છે.

| વ્યવસાય | ઘરે વડીલો પાસે | અન્ય સંબંધી/પાડોશી પાસે | કુલ |
|---|---|---|---|
| ખેતી | 34 | 0 | 34 |
| ટકાવારી (આડી) | 100.00% | 0.00% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 75.60% | 0.00% | 73.90% |
| અન્ય મજૂરી કામ | 11 | 1 | 12 |
| ટકાવારી (આડી) | 91.70% | 8.30% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 24.40% | 100.00% | 26.10% |
| કુલ | 45 | 1 | 46 |
| ટકાવારી (આડી) | 97.80% | 2.20% | 100.00% |

| | | | |
|---|---|---|---|
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% |

ઘરના વડીલો નાના બાળકોની જવાબદારી ઉપડે અથવા અન્ય કોઈ સગા-સંબંધી કે પડોસી જવાબદારી વહન કરે તમામ કિસ્સામાં બાળકોના શિક્ષણ ઉપર વિપરીત અસર પડતી જોવા મળેલ છે. હવે આ બાળકો માટે સીજનલ હોસ્ટેલ ની વ્યવસ્થા થવાથી આર્થિક કેટલો લાભ થાય છે તેનું વિશ્લેષણ કરવા તેમણે નીચે મુજબના ત્રણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પ્રથમ પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું :"સીઝનલ હોસ્ટેલમાં આપના બાળક રહે તો કોઈ ખર્ચ ચૂકવવો પડે છે?" પ્રત્યુત્તરમાં તમામ ઉત્તરદાતાઓ એટલેકે 100% ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતુ કે આ પ્રકારની હોસ્ટેલમાં બાળકોને મૂકવાથી કોઈ પણ પ્રકારનું ખર્ચ આવતું નથી અર્થાત તે તદન મફત સુવિધા છે. ત્યારબાદ આજ પ્રશ્નના પૂરક પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું કે " સ્થળાંતર દરમિયાન સીઝનલ હોસ્ટેલ માં બાળકોના શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા છે?" પ્રત્યુત્તરમાં તમામ ઉત્તરદાતાઓ એટલેકે 100% ઉત્તરદાતાઓએ જણાવ્યુ હતુ કે આ પ્રકારની હોસ્ટેલમાં બાળકોને મૂકવાથી તેમાં તેમનો શિક્ષણનો પ્રશ્ન હલ થઈ જાય છે. આર્થિક લાભના માપન માટે અન્ય એક પ્રશ્ન પૂછાયો હતો કે "ધારો કે સીઝનલ હોસ્ટેલ બંધ થાય તો કુટુંબ ને બાળકો ઘરે રાખવાનો કેટલો ખર્ચ આવે?" પ્રત્યુત્તરમાં તમામ ઉત્તરદાતાઓ જણાવ્યુ હતુ તે નીચેના ગ્રાફમાં દર્શવામાં આવ્યું છે તેમના જણાવ્યા અનુસાર આ પ્રકારની હોસ્ટેલમાં બાળકોને મૂકવાથી એક સ્થાનંતરણ સીજન માં એક બાળક પાછળ તેમને 3 થી 6 હજાર રૂપિયા જેટલું ખર્ચ સમાન્ય સંજોગોમાં આવી શકે છે. જો કે થોડા અપવાદ રૂપ ઉત્તરદાતાઓએ આ ખર્ચ 3000 રૂ થી નીચે હોવાનું જયારે થોડા એટલેકે લગભગ 8% ઉત્તરદાતાઓએ આ ખર્ચ 6000રૂ થી વધારે થશે તેવો પણ પ્રતીભાવ આપ્યો હતો.




ધારો કે સીઝનલ હોસ્ટેલ બંધ થાય તો કુટુંબ ને બાળકો ઘરે રાખવાનો કેટલો ખર્ચ આવે?

| વ્યવસાય | રૂ 3000 સુધી | રૂ 3000 થી 4000 | રૂ 4000 થી 5000 | રૂ 5000 થી 6000 | રૂ 7000 કે વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ખેતી | 3 | 10 | 13 | 6 | 2 | 34 |
| ટકાવારી (આડી) | 8.80% | 29.40% | 38.20% | 17.60% | 5.90% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 60.00% | 71.40% | 81.30% | 75.00% | 66.70% | 73.90% |
| અન્ય મજૂરી કામ | 2 | 4 | 3 | 2 | 1 | 12 |
| ટકાવારી (આડી) | 16.70% | 33.30% | 25.00% | 16.70% | 8.30% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 40.00% | 28.60% | 18.80% | 25.00% | 33.30% | 26.10% |
| કુલ | 5 | 14 | 16 | 8 | 3 | 46 |
| ટકાવારી (આડી) | 10.90% | 30.40% | 34.80% | 17.40% | 6.50% | 100.00% |
| ટકાવારી (ઉભી) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |

અગત્યની વાત એ છે કે એક સ્થાનંતરણ સીજન દરમિયાન પરિવારને પ્રાપ્ત થતી આવક ની તુલના જો તેમને બાળકો ઘરે સીજનલ હોસ્ટેલની ગેર-હાજરીમાં રાખવા પડે તો આવતો ખર્ચ ઘણો મોટો સાબિત થાય. જો પરિવારના આર્થિક ભારણને સરકાર દ્વારા સીજનલ હોસ્ટેલ ઉપલબ્ધ કરવી દૂર કરવામાં આવે તો આવા સ્થાનંતરણ કરતાં પરિવારોને તેનો સવિશેષ લાભ પ્રાપ્ત થશે. અહી બીજો અગત્યનો મુદ્દો તે બાળકોના શિક્ષણ સંબંધનો છે. સીજનલ હોસ્ટેલ સ્થાનંતરણ કરતાં બાળકોના શિક્ષણની પ્રક્રિયાને વિક્ષેપથી બચાવવામાં મદદરૂપ થાય છે, ઉપરોક્ત બેવડા લાભ ને ધ્યાનમાં રાખી આ અભ્યાસના

આધારે અહી આ પ્રકારની સીજનલ હોસ્ટેલ આદિવાસી વિસ્તારોમાં જ્યાં જરૂરિયાત હોય તેવા ગામોમાં ઉપલબ્ધ કરવા સૂચન કરવામાં આવે છે.

### 4.5 ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં વલસાડ  જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું વિગતવાર રજૂઆત કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. આ સમસ્યાઓના નિવારણ કરીને વલસાડ જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી સામેલ કરી/વેગવંતા કરી શકાય તે અંગેની વિગતે માહિતી રજુ કરેલ છે આ માહિતી અને વર્ણન જીલ્લા સંશોધકના વિનય અને વિવેક આધારિત છે. સંભાવતા; તેમાં સુધારાઓ અને મર્યાદાઓ હોય તેની નિષ્ણાતો દ્વારા અભ્યાસ કરાવી જોઈતા સુધારાઓ-વધારો આમેજ કરવા અનિવાર્ય છે.

**સંદર્ભ:**

વલસાડ જીલ્લા આંકડાકીય રૂપરેખા,GOG

વિવધ વસ્તી ગણત્રી અહેવાલો GOI

વલસાડ જીલ્લા આર્થિક સામાજિક રૂપરેખા અહેવાલો, GOG

District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

નોંધ: પ્રસ્તુત વલસાડ  જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના પાયામાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ વલસાડ  જિલ્લો કે જેGSIDS ની મદદ થકી ગુજરાત સરકાર દ્વારા નિર્મિત થયેલ છે તેની આંકડાકીય માહિતીનો સીધે સીધો ઉપયોગ કરેલો છે. અહીં દ્વિતીય સ્તરની માહિતીની છણાવટ કરવા માટે છેલ્લામાં છેલ્લી માહિતી ની જરૂરિયાત હતી તથા માહિતીનું એકત્રીકરણ અત્યંત અનિવાર્ય હતું. આ સંદર્ભમાં ઉપરોક્ત જિલ્લા માનવ વિકાસ અહેવાલ વલસાડ  જિલ્લાની અમે ખૂબ જ મદદ લીધેલી છે. અમે જિલ્લા સંશોધક અને અન્ય સંશોધક ટીમ ગુજરાત સરકાર સ્થાપિત GSIDS નો અમે આભાર માનીએ છીએ